# રાજ્ય સરકારે વિકસિત ગુજરાત ડેટા સેન્ટર પોલિસી જાહેર કરી

## નવી પોલિસી હેઠળ રોકાણકારોને વિશેષ પ્રોત્સાહનો, સિંગલ-વિન્ડો મંજૂરી અને ગ્રીન એનર્જીને પ્રાધાન્ય : આગામી વર્ષોમાં ૬ લાખ કરોડ રૂપિયાનું રોકાણ થવાની ધારણા

ગાંધીનગર,

ગુજરાતને દેશનું અગ્રણી ડેટા સેન્ટર હબ બનાવવા માટે રાજ્ય સરકારે મહત્વપૂર્ણ પગલું ભર્યું છે. ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે 'વિકસિત ગુજરાત ડેટા સેન્ટર પોલિસી ૨૦૨૬-૨૯' લોન્ચ કરી છે. નવી પોલિસી હેઠળ રોકાણકારોને વિશેષ પ્રોત્સાહનો, સિંગલ-વિન્ડો મંજૂરી અને ગ્રીન એનર્જીને પ્રાધાન્ય આપવામાં આવશે. રાજ્ય સરકારના અંદાજ મુજબ આ પોલિસીથી આગામી વર્ષોમાં આશરે ૬ લાખ કરોડ રૂપિયાનું રોકાણ આકર્ષાઈ શકે છે, જે ગુજરાતના ડિજિટલ અને ઔદ્યોગિક વિકાસને નવી દિશા આપશે.

ગુજરાત સરકારે રાજ્યને ભારતનું અગ્રણી ડેટા સેન્ટર હબ બનાવવા માટે 'વિકસિત ગુજરાત ડેટા સેન્ટર પોલિસી ૨૦૨૬-૨૯' જાહેર કરી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરમાં યોજાયેલા કાર્યક્રમમાં પોલિસીનું લોન્ચિંગ કર્યું. નવી પોલિસી અંતર્ગત સામાન્ય ઔદ્યોગિક નીતિ કરતાં વધુ આકર્ષક સબસિડી અને પ્રોત્સાહનો આપવામાં આવશે.

વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રી અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું કે નવી પોલિસીથી ગુજરાતમાં અંદાજે ૬ લાખ કરોડનું રોકાણ આકર્ષાઈ શકે છે. પોલિસી જાહેર થાય તે પહેલાં જ ૧૪ કંપનીઓએ કુલ ૧૦ ગીગાવોટ ક્ષમતાવાળા ડેટા સેન્ટર માટે રસ દર્શાવ્યો છે.

ગુજરાતને દેશનું અગ્રણી ડેટા સેન્ટર હબ બનાવવા માટે જાહેર કરાયેલી નવી પોલિસી હેઠળ રોકાણકારોને સામાન્ય ઔદ્યોગિક નીતિ કરતાં વધુ આકર્ષક પ્રોત્સાહનો અને સબસિડી આપવામાં આવશે. ડેટા સેન્ટર સ્થાપવા માટે જરૂરી ભારે મૂડીરોકાણ, સતત વીજ પુરવઠો અને પાણી જેવી મૂળભૂત જરૂરિયાતો માટે રાજ્ય સરકાર વિશેષ સહાય પૂરી પાડશે. પોલિસીના અસરકારક અમલીકરણ માટે વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ હેઠળનું ડિરેક્ટોરેટ ઓફ આઈસીટી એન્ડ ઈ-ગવર્નન્સ નોડલ એજન્સી તરીકે કામગીરી સંભાળશે તેમજ રોકાણકારોને તમામ મંજૂરીઓ માટે સિંગલ-વિન્ડો સુવિધા ઉપલબ્ધ કરાવશે.ડેટા સેન્ટર્સ ૨૪ કલાક સતત કાર્યરત રહેતા હોવાથી તેમાં વીજળીનો વપરાશ ખૂબ જ વધારે હોય છે. પર્યાવરણ સંરક્ષણ અને ગ્રીન ડેવલપમેન્ટને પ્રોત્સાહન આપવા માટે રાજ્ય સરકારે નવી ડેટા સેન્ટર પોલિસીમાં મહત્વપૂર્ણ જોગવાઈ કરી છે. તેના મુજબ દરેક ડેટા સેન્ટરે પોતાની કુલ વીજ જરૂરિયાતમાંથી ઓછામાં ઓછી ૫૧ ટકા વીજળી રિન્યુએબલ એનર્જી, એટલે કે સૌર અથવા પવન ઊર્જા જેવા સ્ત્રોતોમાંથી મેળવવી ફરજિયાત રહેશે.

રાજ્ય સરકાર ધોલેરાને વિશ્વના અગ્રણી ડેટા સેન્ટર શહેર તરીકે વિકસાવવાના લક્ષ્ય સાથે આગળ વધી રહી છે. આ માટે સ્ટેકહોલ્ડર્સ સાથે બેઠક યોજાશે, યોગ્ય જમીનની ઓળખ કરવામાં આવશે અને પ્રોજેક્ટના ઝડપી અમલીકરણ માટે નોડલ અધિકારીઓની નિમણૂક કરવામાં આવશે.

# ઊનાવા-ઊંઝામાં કેમિકલ કલરની ભેળસેળવાળો ૨૬ ટન વરિયાળીનો જથ્થો જપ્ત કરાયો

## વરિયાળીમાં ભેળસેળ કરનારાઓ સામે કડક કાર્યવાહી કરાશેઃ આરોગ્ય રાજ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયા

ઊંઝા,

રાજ્યના નાગરિકોના જાહેર આરોગ્યની સુખાકારી માટે ગુજરાત સરકાર સંપૂર્ણ કટિબદ્ધ છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન અને આરોગ્ય રાજ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાના નેતૃત્વ હેઠળ ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા રાજ્યભરમાં ભેળસેળિયા તત્વો સામે 'ઝીરો ટોલરન્સ'ની નીતિ અપનાવવામાં આવી રહી છે. જે અંતર્ગત તંત્રએ મહેસાણા જિલ્લાના ઊંઝા પાસે આવેલા ઉનાવા ખાતેથી કેમિકલ કલરની ભેળસેળવાળો રૂ. ૧૯.૬ લાખની કિંમતનો ૨૬ ટનથી વધુ વરિયાળીનો મોટો જથ્થો ઝડપી પાડીને કાયદેસરની કડક કાર્યવાહી હાથ ધરી છે.

આ સફળ કામગીરી અંગે વધુ વિગતો આપતા આરોગ્ય રાજ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, ખોરાક અને ઔષધ નિયમન તંત્રની ફ્લાઈંગ સ્કોડે ઉનાવા ખાતે બે જગ્યાએ અચાનક દરોડા પાડ્યા હતા. જેમાં (૧) મે. ભાર્ગવકુમાર પ્રવીણભાઈ પટેલનું ગોડાઉન અને (૨) મે. પટેલ રાકેશકુમાર તલસીભાઈની પેઢી ગેરકાયદે પ્રવૃત્તિ કરતા ઝડપાઈ ગયા હતા. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે, વરિયાળીને વધુ પડતી લીલી અને આકર્ષક બતાવવા માટે તેમાં કેમિકલયુક્ત અખાદ્ય કલરની ભેળસેળ કરવામાં આવતી હતી. આ સિવાય, આ બંને આસામીઓ પાસે ખાણી-પીણીની વસ્તુઓના ઉત્પાદન માટે જરૂરી એવું ફૂડ સેફ્ટી લાઈસન્સ પણ નહોતું. મંત્રીશ્રી પ્રફુલ પાનશેરીયાએ ઉમેર્યું હતું કે, તપાસ દરમિયાન ફૂડ સેફ્ટી ઓફિસરો દ્વારા અખાદ્ય કલરની પ્રબળ શંકાના આધારે વરિયાળીના ત્રણ કાયદેસરના નમૂના લઈને લેબોરેટરીમાં વિશ્લેષણ માટે મોકલી આપવામાં આવ્યા છે.

# તાપીનો ડોસવાડા ડેમ છલકાયો, ૧૭ જેટલા ગામોને કરાયા એલર્ટ



તાપી,

છેલ્લા ૭૨ કલાકમાં જિલ્લામાં વરસેલા અવિરત વરસાદના કારણે વ્યારા તાલુકાનો ઐતિહાસિક ડોસવાડા ડેમ સંપૂર્ણ ભરાઈ ગયો છે. ડેમ તેની મહત્તમ સપાટી વટાવી ચૂક્યો હોવાથી હાલમાં પાણી ઓવરફ્લો થઈને મીંઢોળા નદીમાં વહી રહ્યું છે. ડેમ ઓવરફ્લો થવાને કારણે નીચાણ ના ૧૭ જેટલા ગામોને તકેદારીના ભાગ રૂપે એલર્ટ કરાયા.

ચોમાસાની સીઝનમાં તાપી જિલ્લામાં સતત વરસાદને કારણે વ્યારા તાલુકાનો ડોસવાડા ડેમ ૧૦૦ ટકા ક્ષમતા સાથે છલોછલ ભરાઈ ગયો છે. જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન તંત્રના જણાવ્યા મુજબ આજે સવારે ૧૦ વાગ્યે ડેમની જળસપાટી ૧૨૩.૪૬ મીટર નોંધાઈ હતી, જે તેની ભયજનક સપાટી કરતાં ૦.૦૨ મીટર વધુ છે.

અત્યાર સુધી ૫૨૭ મિલીમીટર વરસાદ નોંધાતા ડેમમાં જીવંત જળસંગ્રહ ૩.૩૩ એમસીએમ સુધી પહોંચ્યો છે.

# સુરતમાં ખાડી પૂરની સમસ્યાના કાયમી ઉકેલ માટે રાજ્ય સરકારે રૂ.૫૦૦ કરોડ ફાળવ્યા

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સુરત અને નવસારીની મુલાકાત લઈ વહીવટી તંત્ર સાથે સમિક્ષા બેઠક યોજી વરસાદથી થયેલ તારાજીની વિગત મેળવી જરૂરી દિશા નિર્દેશો આપ્યા

સુરત,

ભારે વરસાદના કારણે સુરત શહેર અને આસપાસના વિસ્તારોમાં સર્જાયેલી પૂરની સ્થિતિનો તાગ મેળવવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સુરત પહોંચ્યા હતા. તેમણે અલથાણ સ્થિત આઈસીસીસી- ઈન્ટિગ્રેટેડ કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટરમાં પદાધિકારી-અધિકારીઓ સાથે રિવ્યુ બેઠક યોજીને ભારે વરસાદથી પૂરની સ્થિતિ, પાણી ઓસર્યા બાદ સાફસફાઈ, રોગ નિયંત્રણ પગલા તેમજ નુકસાનગ્રસ્ત વિસ્તારોમાં આર્થિક સહાય ચૂકવવાની કામગીરીની વિસ્તૃત સમીક્ષા કરી હતી.

મુખ્યમંત્રીએ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, કેન્દ્રીય જળશક્તિમંત્રી સી.આર.પાટીલ, નાણા અને સુરત જિલ્લા પ્રભારી મંત્રી કનુભાઈ દેસાઈ અને આરોગ્ય રાજ્યમંત્રી પ્રફુલભાઈ પાનશેરિયાની ઉપસ્થિતિમાં સુરત શહેર અને જિલ્લાના અસરગ્રસ્ત વિસ્તારોમાં રાહત, બચાવ કામગીરીની પ્રગતિ અને નાગરિકોની સલામતી સુનિશ્ચિત કરવા માટે કરવામાં આવી રહેલી કામગીરીની વિગતવાર જાણકારી મેળવી હતી અને જનજીવનની સ્થિતિ પૂર્વવત કરવા અંગે માર્ગદર્શન આપ્યું હતું. તેમણે તમામ વરસાદી અસરગ્રસ્તોને ઝડપભેર કેશ ડોલ્સ અને ઘરવખરી સહાયની ચૂકવણી કરવાના દિશાનિર્દેશો પણ તંત્રવાહકોને આપ્યા હતા.

તેમણે સુરતમાં ખાડીપૂરની સ્થિતિ વારંવાર ન સર્જાય તે માટે લાંબાગાળાના નિવારણલક્ષી આયોજનની આવશ્યકતા હોવાનું ભારપૂર્વક જણાવ્યું હતું. એટલું જ નહિં, ભારે વરસાદની વિકટ સ્થિતિ અને પૂર દરમિયાન સામે આવેલી વહીવટી ક્ષતિઓનું ભવિષ્યમાં પુનરાવર્તન ન થાય તે માટે તાત્કાલિક એક્શન પ્લાન બનાવીને અમલમાં મૂકવા તાકીદ કરી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, સુરતમાં ખાડી પૂરની સમસ્યાના કાયમી ઉકેલ માટે ખાડી ડેવલપમેન્ટ માટે રૂ.૫૦૦ કરોડની ફાળવણી રાજ્ય સરકાર કરશે.

ભારે વરસાદ, પૂર કે અન્ય કુદરતી આપત્તિની પરિસ્થિતિઓમાં જનપ્રતિનિધિઓ અને અધિકારીઓ કુદરતી આફતોનો સામનો કરવામાં સેતુરૂપ બને તે જરૂરી છે એમ જણાવીને મુખ્યમંત્રીએ તમામ વિભાગો પરસ્પર સંકલન સાધીને પોતાની કામગીરી સુનિશ્ચિત કરે અને ભવિષ્યના આયોજન માટે ખાડી પૂર અટકાવવાનું નક્કર આયોજન કરે તેવી કડક સૂચના આપી હતી.

# ડાંગ જિલ્લામાં ટેલિકોમ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ડિજિટલ કનેક્ટિવિટીની સમીક્ષા કરાઈ




ડાંગ,

જિલ્લામાં ટેલિકોમ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ડિજિટલ કનેક્ટિવિટી અંગે શ્રી એન. ડી. પરમાર, IAS, કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ, ડાંગની અધ્યક્ષતામાં એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજાઈ હતી, જેમાં DoT ગુજરાત LSAના અધિક મહાનિર્દેશક શ્રી આશિષ ઠાકર, ITS, ખાસ આમંત્રિત સભ્ય તરીકે હાજર રહ્યા હતા. આ બેઠકમાં DoT, જિલ્લા વહીવટીતંત્ર, BSNL, GFGNL, વન વિભાગના અધિકારીઓ અને અન્ય હિસ્સેદારોએ ભાગ લીધો હતો.

આ બેઠક દરમિયાન ભારત સરકારના '4G સેચ્યુરેશન પ્રોજેક્ટ'ની પ્રગતિ અંગે ચર્ચા કરવામાં આવી હતી, જેના હેઠળ આયોજિત કુલ ૬૩માંથી ૫૭ ૪૨ મોબાઈલ ટાવરો (સાઈટ્સ) કાર્યરત કરવામાં આવ્યા છે. બાકીની સાઈટ્સનું કાર્ય જિલ્લા વહીવટીતંત્રના સહયોગથી ટૂંક સમયમાં પૂર્ણ થવાની અપેક્ષા છે. આ તમામ સાઈટ્સ 'મેક ઈન ઈન્ડિયા' પહેલ હેઠળ સ્વદેશી ટેક્નોલોજી પર આધારિત છે અને તેમનું સંચાલન સોલર આધારિત ઊર્જા પ્રણાલી દ્વારા કરવામાં આવે છે. ભારતનેટ પ્રોજેક્ટ હેઠળ પ્રગતિનું પણ મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. ડાંગની તમામ ૭૧ ગ્રામ પંચાયતોને લગભગ ૫૦૦ કિમી ઓપ્ટિકલ ફાઈબર દ્વારા જોડવામાં આવી છે, જેમાં 191 FTTH કનેક્શન પૂરા પાડવામાં આવ્યા છે.

# અમદાવાદ શહેરમાં એએમટીએસ અને બીઆરટીએસના ૧૩ બસ ડ્રાઈવર સસ્પેન્ડ

## ટ્રાફિક નિયમોનો ભંગ, બસ સ્ટેન્ડ પર બસ ન રોકવી, મુસાફરો સાથે ગેરવર્તણૂક અને બેદરકારીથી બસ ચલાવવા બદલ કાર્યવાહીં

અમદાવાદ,

શહેરમાં જાહેર પરિવહનને વધુ સુરક્ષિત અને મુસાફરો માટે અનુકૂળ બનાવવા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા એએમટીએસ અને બીઆરટીએસ બસોના ડ્રાઈવરો સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. સરપ્રાઈઝ ચેકિંગ દરમિયાન ટ્રાફિક નિયમોના ભંગ, બસ સ્ટેન્ડ પર બસ ન રોકવી, મુસાફરો સાથે ગેરવર્તણૂક કરવી અને બેદરકારીથી બસ ચલાવવાના કેસ સામે આવતા કુલ ૧૩ બસ ડ્રાઈવરોને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

એએમટીએસ અને બીઆરટીએસ તંત્રના અધિકારીઓએ શહેરના વિવિધ રૂટ પર દોડતી બસોનું અચાનક નિરીક્ષણ કર્યું હતું. તપાસ દરમિયાન કેટલાક ડ્રાઈવરો ટ્રાફિકના નિયમોનું પાલન કરતા ન હોવાનું, નિર્ધારિત બસ સ્ટેન્ડ પર બસ ન રોકતા હોવાનું અને મુસાફરો સાથે અયોગ્ય વર્તન કરતા હોવાનું સામે આવ્યું હતું.કેટલાક કિસ્સાઓમાં બેદરકારીભર્યા ડ્રાઈવિંગના કારણે અકસ્માત સર્જાવાની ફરિયાદો પણ નોંધાઈ હતી.

ચેકિંગ બાદ નિયમોનું ઉલ્લંઘન કરનારા એએમટીએસના ૧૦ અને બીઆરટીએસના ૩ ડ્રાઈવરોને તાત્કાલિક ફરજમુક્ત કરવામાં આવ્યા છે. તંત્રે સ્પષ્ટ કર્યું છે કે મુસાફરોની સુરક્ષા અને જાહેર પરિવહનની ગુણવત્તા જાળવવા માટે આવી કાર્યવાહી આગળ પણ ચાલુ રહેશે.

મ્યુનિસિપલ તંત્રના જણાવ્યા અનુસાર, શહેરના નાગરિકોને સલામત, સમયસર અને ગુણવત્તાસભર જાહેર પરિવહન સેવા મળે તે માટે ડ્રાઈવરોને ટ્રાફિક નિયમોનું કડક પાલન કરવું ફરજિયાત છે. કોઈપણ પ્રકારની બેદરકારી અથવા મુસાફરો સાથે અયોગ્ય વર્તન સહન કરવામાં આવશે નહીં.

# નાયબ મુખ્યમંત્રીના હસ્તે અમદાવાદની નવનિર્મિત આરટીઓ કચેરીનું લોકાર્પણ

## આધુનિક આરટીઓ સેવાઓથી નાગરિકોને પારદર્શક અને ઝડપી સુવિધાઓ મળશે

અમદાવાદ,

નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના હસ્તે અમદાવાદમાં અત્યાધુનિક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની (RTO) કચેરીનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે રાજ્ય સરકાર નાગરિકોને ટેકનોલોજી આધારિત, પારદર્શક અને ઝડપી સેવાઓ ઉપલબ્ધ કરાવવા પ્રતિબદ્ધ છે. નવી આરટીઓ કચેરીમાં ડ્રાઈવિંગ લાયસન્સ સહિતની વિવિધ સેવાઓ વધુ સરળતાથી ઉપલબ્ધ બનશે.

તેમણે જણાવ્યું કે ઓટોમેટેડ ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેકથી લાયસન્સ પ્રક્રિયામાં સંપૂર્ણ પારદર્શિતા આવશે અને માત્ર યોગ્યતા ધરાવતા અરજદારોને જ ડ્રાઈવિંગ લાયસન્સ મળશે. સરકારની તમામ સુવિધાઓનો લાભ છેવાડાના નાગરિક સુધી પહોંચે તે માટે જનપ્રતિનિધિઓ અને તંત્રે સંકલનથી કાર્ય કરવું જરૂરી છે.

નાયબ મુખ્યમંત્રીશ્રીએ નાગરિકોને નવી આરટીઓ કચેરીને સ્વચ્છ અને સુવ્યવસ્થિત રાખવા અપીલ કરતાં જણાવ્યું કે જાહેર સંપત્તિનું જતન કરવું એ દરેક નાગરિકની સામૂહિક જવાબદારી છે.

ગુજરાત સરકારના બંદરો અને વાહન વ્યવહાર વિભાગ દ્વારા અમદાવાદના સુભાષ બ્રિજ ખાતે નિર્માણ પામેલી આ આધુનિક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની (RTO) કચેરી અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ છે.

# અમદાવાદના ઘુમામાં પ્લોટના બનાવટી દસ્તાવેજો તૈયાર કરીને ૧ કરોડની લોન લેનાર ૪ સામે ફરિયાદ

## સોસાયટીના ચેરમેનની ખોટી સહી અને સિક્કાનો ઉપયોગ કરીને એલોટમેન્ટ લેટર અને શેર સર્ટિફિકેટ બનાવી આચરી છેતરપિંડી

અમદાવાદ,

શહેરના ઘુમા વિસ્તારમાં પ્લોટના બનાવટી દસ્તાવેજો તૈયાર કરીને ૧ કરોડની લોન મેળવવાના ગંભીર કૌભાંડનો ખુલાસો થયો છે. સોસાયટીના ચેરમેનની ખોટી સહી અને સિક્કાનો ઉપયોગ કરીને એલોટમેન્ટ લેટર અને શેર સર્ટિફિકેટ બનાવવામાં આવ્યા હોવાનું સામે આવ્યું છે. સમગ્ર મામલે ૭૨ વર્ષીય વૃદ્ધાએ બોપલ પોલીસ સ્ટેશનમાં ચાર શખ્સો સામે ફરિયાદ નોંધાવી છે.

સિંધુભવન રોડ વિસ્તારમાં રહેતા ભાનુબેન પટેલે ફરિયાદમાં જણાવ્યું છે કે ઘુમા ગામની શ્રી વ્રજશ્યામ સોસાયટીમાં તેમનો પ્લોટ આવેલો છે. તેમણે ડિસેમ્બર ૨૦૨૦માં આ પ્લોટ અગાઉના માલિક પાસેથી ખરીદ્યો હતો. ૯ માર્ચના રોજ તેમનો દીકરો પ્લોટની મુલાકાતે ગયો ત્યારે ત્યાં ટૂહોમ ફાઈનાન્સ લિમિટેડ દ્વારા લગાવવામાં આવેલી નોટિસ જોવા મળી હતી. આથી શંકા જતાં દસ્તાવેજોની તપાસ કરવામાં આવી, જેમાં મોટું કૌભાંડ બહાર આવ્યું.

તપાસ દરમિયાન જાણવા મળ્યું કે આરોપીઓએ વર્ષ ૧૯૯૯ના ખોટા એલોટમેન્ટ લેટર અને શેર સર્ટિફિકેટ તૈયાર કર્યા હતા. આ દસ્તાવેજો પર સોસાયટીના ચેરમેનની નકલી સહી અને સિક્કાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, જેથી દસ્તાવેજો અસલી હોવાનું દર્શાવી શકાય.છ્જંર્હિદ્બઅ

પોલીસ ફરિયાદ મુજબ, આ બોગસ દસ્તાવેજોના આધારે નિર્મલ બાલાણીએ મુખ્ય અરજદાર અને ભાવેશ બાલાણીએ સહ-અરજદાર તરીકે અરજી કરીને ૩૧ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ ટૂહોમ ફાઈનાન્સ લિમિટેડ પાસેથી પ્લોટ ગીરો મૂકી ૧ કરોડની લોન મેળવી હતી. આરોપીઓએ લોનની સંપૂર્ણ રકમનો ઉપયોગ કરી નાખ્યો હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

# અમદાવાદમાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમ નજીક સાબરમતી જનપથ ત્રણ રસ્તાથી ડી માર્ટ સુધી મેગા ડિમોલિશન

## અમદાવાદના મોટેરામાં ઓલિમ્પિકની તૈયારીઓ વચ્ચે ચાલ્યું બુલડોઝર

અમદાવાદ,

શહેરના મોટેરા વિસ્તારમાં કોમનવેલ્થ અને સંભવિત ઓલિમ્પિક રમતોને ધ્યાનમાં રાખીને માર્ગ વિસ્તરણની કામગીરી શરૂ કરવામાં આવી છે. તેના ભાગરૂપે શુક્રવારે સાબરમતી જનપથ ત્રણ રસ્તાથી ડી માર્ટ સુધીના માર્ગ પર મેગા ડિમોલિશનની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

શહેરના સાબરમતી વોર્ડમાં આવેલ સાબરમતી ટોલનાકા (જનપથ ત્રણ રસ્તા) થી મોટેરા સ્થિત નરેન્દ્ર મોદી સ્ટેડિયમ તરફ જતા માર્ગને પહોળો કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. આર.ડી.પી. (RDP) અને ટી.પી. મુજબ, આ માર્ગ પર ટ્રાફિકની સમસ્યા નિવારવા અને ભવ્ય લુક આપવા માટે અમલીકરણની પ્રક્રિયા શરૂ કરાઈ છે. હાલ આ રોડની હયાત પહોળાઈ ૧૮.૦૦ મીટર છે, જેને વધારીને રેકોર્ડબ્રેક ૬૧.૦૦ મીટર પહોળો કરાશે.

સાબરમતી પોલીસના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે ડીમાર્ટ સામેથી લઈને જનપથ ત્રણ રસ્તા સુધીના રોડ પર ૫૦થી વધારે મિલકતોને તોડી પાડવામાં આવશે. હાલમાં રહેણાંક એક પણ મિલકતોને તોડવાનો નિર્ણય લેવામાં આવ્યો નથી. ડી માર્ટ બાદ જે કોમર્શિયલ અને રેસીડેન્શિયલ બિલ્ડિંગ આવેલી છે તેમાં હાઈકોર્ટનો કેસ ચાલી રહ્યો છે ત્યારે હાલમાં કોઈ ડિમોલિશન કરવામાં નહીં આવે.

રોડ લાઈનની કપાતમાં આવતી ૫૦થી વધારે કોમર્શિયલ મિલકતોને તંત્ર દ્વારા અગાઉ જ નોટિસ ફટકારવામાં આવી હતી. પ્રાથમિક તબક્કે વેપારીઓ સ્વેચ્છાએ પોતાના કોમર્શિયલ પ્રકારના બાંધકામો દૂર કરે તે માટે વહીવટી તંત્ર દ્વારા સમજાવટની કામગીરી પણ કરાઈ હતી. આજે (નવમી જુલાઈઃ સવારથી જ પશ્ચિમ ઝોનના એસ્ટેટ વિભાગની ટીમ મોટા કાફલા અને જેસીબી (તઝ્રમ્) મશીનો સાથે ઘટનાસ્થળે તહેનાત થઈ ગઈ છે અને રોડ નડતરરૂપ દબાણો તોડી પાડવાની ઓપરેશનલ કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરી દેવામાં આવી છે.

આ રોડ પહોળો થવાથી નરેન્દ્ર મોદી સ્ટેડિયમ તરફની કનેક્ટિવિટી અત્યંત આધુનિક અને સરળ બનશે, જે મોટા આંતરરાષ્ટ્રીય આયોજનો વખતે ટ્રાફિક વ્યવસ્થા જાળવવામાં ભૂમિકા ભજવશે.

ઉલ્લેખનીય છે કે, તંત્રની ડિમોલિશનની કાર્યવાહી બાદ અસરગ્રસ્ત વેપારીઓ અને સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. સ્થાનિકોએ સરકાર પાસે યોગ્ય વળતર અથવા વૈકલ્પિક રીતે નાની દુકાનો ફાળવવાની માંગ કરી છે.

# હિંમતનગરમાં ચાંદીપુરા વાયરસથી ૧૧ દિવસમાં ૩ બાળકોના મોત : બે બાળકોની સ્થિતિ ગંભીર

## વાયરસ વધુ ન ફેલાય તે માટે અસરગ્રસ્ત વિસ્તારોમાં સઘન સર્વેલન્સની કામગીરી શરૂ કરવામાં આવી

હિંમતનગર,

હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં છેલ્લા ૧૧ દિવસમાં ત્રણ બાળકોના મોત થઈ ચૂક્યા છે, તો બીજી તરફ હજુ બે બાળકો જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યા છે. જોકે તંત્ર દ્વારા અત્યારથી સર્વેલન્સ કામગીરી શરૂ કરાઈ છે.

આ ગંભીર પરિસ્થિતિને જોતા સ્થાનિક આરોગ્ય તંત્ર હવે એલર્ટ મોડ પર આવી ગયું છે. વાયરસ વધુ ન ફેલાય તે માટે અસરગ્રસ્ત વિસ્તારોમાં સઘન સર્વેલન્સની કામગીરી શરૂ કરવામાં આવી છે.

હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં ૭ દાખલ કરાયેલા બાળકોમાંથી ૩ બાળકોના ચાંદીપુરા વાયરસને કારણે મોત થયા છે. મૃતક બાળકોમાં એક બાળક રાજસ્થાનનું ૬ વર્ષનું છે, જ્યારે અન્ય બે બાળકો પંચમહાલ અને બનાસકાંઠા જિલ્લાના છે. આ તમામ બાળકોના મોત છેલ્લા ૧૧ દિવસમાં થયા છે.

હિંમતનગર સિવિલમાં અત્યાર સુધીમાં કુલ ૭ શંકાસ્પદ કેસ નોંધાયા છે, જેમાંથી ૩ બાળકોએ જીવ ગુમાવ્યા છે. જોકે હાલ ૨ બાળકો હોસ્પિટલમાં સારવાર હેઠળ છે, જેમના રિપોર્ટની રાહ જોવામાં આવી રહી છે. અન્ય ૨ બાળકોના રિપોર્ટ નેગેટિવ આવતા તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે.

હિંમતનગર સિવિલ હોસ્પિટલ ઈર્ઈ, વિપુલ જાની એ કહ્યું હતું કે ૨૬ જૂનથી અત્યાર સુધીમાં શંકાસ્પદ ચાંદિપુરા વાયરસના કુલ ૭ દર્દીઓ દાખલ થયા હતા, જેમાંથી ૩ દર્દીના મૃત્યુ થયેલા છે. એક મૃત્યુ થયેલ દર્દીઓમાં એક કેસ રાજસ્થાનનો હતો. બીજા એક કેસમાં રિપોર્ટ નેગેટિવ હતો પણ એનું મૃત્યુ થયું હતું. એક રિપોર્ટ પેન્ડિંગ છે એ દર્દીનું પણ મૃત્યુ થયું છે. અત્યારસુધી કુલ ૩ દર્દીના મોત થયા છે અને ૪ દર્દીઓ દાખલ હતા પરંતુ એક દર્દીએ ડોક્ટરની સલાહ વિરુદ્ધ અહિયાંથી રાજા લીધા વગર જતું રહ્યું છે. ૨ દર્દીઓના રિપોર્ટ હજુ આવવાના બાકી છે. વર્ષ ૨૦૨૪માં પણ ચાંદિપુરા વાયરસથી ૭-૮ દર્દીઓના મૃત્યુ થયા હતા.

હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં હાલ પીડિયાટ્રિક વોર્ડમાં ચાંદીપુરા વાયરસ સામે બાળકો સારવાર હેઠળ છે. આરોગ્ય તંત્ર દ્વારા પ્રભાવિત વિસ્તારોમાં સઘન સર્વેલન્સની કામગીરી પણ શરૂ કરી દેવામાં આવી છે.

વર્ષ ૨૦૨૪માં પણ આ વાયરસના કારણે ૬ થી ૭ બાળકોના મોત થયા હતા. ચાંદીપુરા વાયરસ એ 'સેન્ડફલાય' નામની માખી કરડવાથી ફેલાય છે. આ રોગમાં બાળકને વારંવાર ઉલટીઓ થાય છે, ખૂબ તાવ આવે છે અને આંચકી (ખેંચ) ચાલુ થઈ જાય છે. આ ખૂબ જ ઝડપથી વધતો રોગ છે જેમાં બાળક ૧ થી ૨ દિવસમાં કોમામાં પણ સરી પડે છે.

# ભાજપ પ્રદેશ અધ્યક્ષએ સ્વ. દિનાબેન માડમને અર્પી શ્રદ્ધાંજલિ





જામનગર : ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા ગઈકાલે જામનગર પ્રવાસે આવ્યા હતા. આ દરમિયાન તેઓ જામનગરના સાંસદ પૂનમબેન માડમના નિવાસસ્થાને પહોંચ્યા હતા, જ્યાં તેમણે સાંસદના માતા સ્વ. દિનાબેન માડમના નિધન પર તેમની તસ્વીર સમક્ષ પુષ્પાંજલિ અર્પણ કરી ભાવભીની શ્રદ્ધાંજલિ પાઠવી હતી.

પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માએ શોકગ્રસ્ત માડમ પરિવાર સાથે મુલાકાત કરી પરિવારજનોને સાંત્વના પાઠવી હતી. તેમણે સ્વ. દિનાબેન માડમના સેવાભાવી અને સંસ્કારી વ્યક્તિત્વને યાદ કરતાં તેમના આત્માને પરમ શાંતિ મળે તેવી ઈશ્વરચરણોમાં પ્રાર્થના કરી હતી તેમજ પરિવારને આ દુઃખ સહન કરવાની શક્તિ પ્રદાન કરે તેવી શુભેચ્છા વ્યક્ત કરી હતી.

આ વેળાએ ભાજપના આગેવાનો, હોદ્દેદારો અને કાર્યકરો પણ ઉપસ્થિત રહ્યા હતા. સૌએ સ્વ. દિનાબેન માડમને પુષ્પાંજલિ અર્પણ કરી બે મિનિટનું મૌન પાળી તેમને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. સમગ્ર વાતાવરણ શોકમય બન્યું હતું અને ઉપસ્થિતોએ દિવંગત આત્માને વંદન કર્યું હતું.

# તલાટી અને ખેડૂતોના પ્રશ્ને ધ્રોલ પંચાયત સંગઠન દ્વારા જિલ્લા વિકાસ અધિકારીને રજૂઆત

ધ્રોલ (સંજય ડાંગર) : ધ્રોલ તલાટી-કમ-મંત્રી અને રેવન્યુ તલાટીના જોબ ચાર્ટના મુદ્દે ચાલી રહેલી હડતાલના કારણે ગ્રામ્ય સ્તરે વહીવટી કામગીરી ખોરવાઈ ગઈ છે. આ બાબતે ધ્રોલ તાલુકા અખિલ ભારતીય પંચાયત સંગઠન દ્વારા જામનગરના જિલ્લા વિકાસ અધિકારી ધ્રોલ તાલુકા વિકાસ અધિકારીને એક લેખિત રજૂઆત કરીને આ પ્રશ્નનો સત્વરે ઉકેલ લાવવા માંગ કરવામાં આવી છે.

સંગઠનના પ્રમુખ રામજી મુંગરા દ્વારા કરવામાં આવેલી રજૂઆતમાં જણાવવામાં આવ્યું છે કે, રાજ્યમાં તલાટી-કમ-મંત્રીઓની કામગીરી અંગે ચોક્કસ જોબ ચાર્ટ ન હોવાને કારણે હાલમાં હડતાલ ચાલી રહી છે. આ હડતાલના લીધે ગ્રામ પંચાયતોમાં મહેસુલી કામગીરી સંપૂર્ણપણે બંધ થઈ ગઈ છે. પરિણામે ગ્રામ્ય જનતા અને ખાસ કરીને ખેડૂતોને ધિરાણ તેમજ અન્ય સરકારી યોજનાઓ માટે જરૂરી એવા અલગ-અલગ દાખલાઓ મેળવવામાં ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ચોમાસાની ઋતુ અને ખેતીવાડીના ધિરાણના સમયગાળા દરમિયાન ખેડૂતોને પડતી આ ગંભીર મુશ્કેલીઓને ધ્યાને લઈને, તલાટી-કમ-મંત્રીઓની હડતાલ અંગે સરકાર અને તંત્ર દ્વારા સત્વરે સકારાત્મક નિર્ણય લેવામાં આવે તેવી નમ્ર અરજી સંગઠન દ્વારા જિલ્લા વિકાસ અધિકારીને કરવામાં આવી છે.

# દુર્ભાગ્યપૂર્ણ ઘટના પર પરિમલ નથવાણીએ ગંભીર ચિંતા વ્યક્ત કરી

## સિંહપ્રેમીઓને સાવચેતી રાખવા તાકીદ અને ગેર કાયદેસર લાયન શો સામે કડક પગલા લેવા અપીલ



જામનગર : તાજેતરમાં રેવન્યુ વિસ્તારમાં બનેલી એક અત્યંત દુઃખદ ઘટના અંગે ઘેરા શોકની લાગણી વ્યક્ત કરતા સિંહપ્રેમી પરિમલ નથવાણીએ જણાવ્યું છે કે, સિંહ-સિંહણના મેટિંગ અથવા ફીડિંગના સમયે માનવ હસ્તક્ષેપ કે પજવણીના કારણે જ આવી દુર્ભાગ્યપૂર્ણ ઘટનાઓ બનતી હોય છે. આના કારણે સિંહ બદનામ થાય છે. મૃતક યુવાન પ્રત્યે સંવેદના પ્રગટ કરતા તેમણે આ ઘટનાને સિંહના સંરક્ષણ માટે ચિંતાજનક ગણાવી છે. તેમણે વન વિભાગનો બચાવ કરતા સ્પષ્ટ કર્યું કે મુશ્કેલી નેશનલ પાર્કમાં નહીં, પણ રેવન્યુ વિસ્તારોમાં છે, જ્યાં વન વિભાગ દરેક જગ્યાએ પહોંચી ન શકે.

તેમણે કહ્યું કે સિંહનું મેટિંગ પાંચ દિવસ સુધી લગાતાર આ ચાલતું હોય છે. ત્યાં ઊભા રહી અને એને મસ્તી કરવી કે એને ડિસ્ટર્બ કરવાથી આવા દુર્ભાગ્યપૂર્ણ બની શકે છે. તેમણે તમામ સિંહપ્રેમીઓ અને સ્થાનિક નાગરિકોને અત્યંત સાવચેતી રાખવા માટે અપીલ કરી છે. ખાસ કરીને જ્યારે સિંહ મેટિંગ પિરિયડમાં હોય કે સિંહણ પોતાના બચ્ચાઓ સાથે ફીડિંગ કરતી હોય, ત્યારે નજીક જવાનું કે કોઈપણ પ્રકારનો ચાળો કરવાનું જોખમ ક્યારેય ન લેવું જોઈએ. નથવાણીએ ગ્રામ્ય વિસ્તારોમાં થતા ગેરકાયદેસર લાયન શો અને સિંહની રંજાડ સામે કડક શબ્દોમાં તાકીદ કરી છે. તેમણે સરકારને પણ આ બાબતે ગંભીરતાથી વિચારીને કડક કાનૂની કાર્યવાહી કરવા અનુરોધ કર્યો છે.

# જામનગરના ગોકુલનગર બી ઝોનમાં આવતીકાલે પાણી વિતરણ બંધ રખાશે

જામનગર : જામનગરના ગોકુલ નગર ઈએસઆરમાં ફ્લોમિટર અને વાલ્વની કામગીરી કરવામાં આવનાર હોવાથી બી ઝોન હેઠળના વિસ્તારમાં આવતીકાલ તા..૧૦ ના પાણી વિતરણ બંધ રાખવામાં આવશે.

જામનગર મહાનગરપાલિકાની વોટર વર્કસ શાખાની યાદી જણાવે છે કે, તા.૧૦/૭ અને શુક્રવારે શહેરના ગોકુલનગર ઈ.એસ.આર/ઝોન ની પ્રિમાઈસીસમાં મુખ્ય પાણીની પાઈપ લાઈન ઉપર સ્કાડાના ફલોમીટર, વાલ્વ બેસાડવાની કામગીરી કરવાની છે. આથી, ગોકુલનગર ઝોન-બી હેઠળ આવતા વિસ્તારો નવાનગર, મુરલીધરનગર ૧ થી ૩, શીવનગર-૨, શ્યામનગર, ખાખીનગર, રામનગર, શાયોના ગલી ડાબી બાજુ, નારાયણનગર, શ્રૃતિ પાર્ક સોસાયટી, કૈલાશનગર, મોહનનગર, વિજયનગર, સીતારામ સોસાયટી, સોહમનગર, બાલમુકુંદ સોસાયટી, મુરલીધર સોસાયટી, સુભાષનનગર, રાજરાજેશ્વરી સોસાયટી, સિધ્ધાર્થ નગર, પ્રમુખ પાર્ક, મયુર એવન્યુ, સ્વામીનારાયણ ટાઉનશીપ વિગેરે વિસ્તારોમાં પાણી વિતરણ બંધ રહેશે. બીજા દિવસે પ્રથમ બંધ રહેલ ઝોન વિસ્તારમાં પાણી વિતરણ કરવામાં આવશે, તથા એ પછીના દિવસે રૂટીન લગત ઝોનમાં પાણી વિતરણ કરવામાં આવશે.

# દ્વારકા જિલ્લામાં ભારે વાહનોથી વધતા અકસ્માતો બાબતે 'આપ'ની તંત્રને રજૂઆત



જામનગર : દેવભૂમિ દ્વારકા જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી પ્રાઈવેટ કંપનીના ભારે વાહનોના કારણે અવારનવાર ગંભીર અકસ્માતોના બનાવો બની રહ્યા છે. જેમાં અનેક ખેડૂત પુત્રો અને આમ જનતાના નિર્દોષ લોકો પોતાનો જીવ ગુમાવી રહ્યા છે.

જે બાબતે આમ આદમી પાર્ટીના જિલ્લા પ્રમુખ રામજીભાઈ પરમાર, વિરુભાઈ કંડોરીયા અને ઈમ્તિયાઝભાઈ ગજણ સહિતના આગેવાનો દ્વારા જિલ્લા તંત્રને લાઈવના માધ્યમથી રજૂઆત કરવામાં આવી છે. તેઓએ જણાવ્યું છે કે ભારે વાહનો માટે ટ્રાફિક નિયમોનું ચુસ્તપણે પાલન કરાવવામાં આવે.

ખાનગી કંપનીઓના ભારે વાહનો દ્વારા નિયમોનો ભંગ થાય તો તાત્કાલિક દંડાત્મક કાર્યવાહી કરવામાં આવે અને જે કંપનીના માલવાહક વાહનો દ્વારા અકસ્માતમાં ભોગ બનનાર પરિવારને પૂરતું યોગ્ય વળતર આપવામાં આવે. અકસ્માતવાળા સ્થળે રોડ સેફ્ટીના સાધનો જેવા કે ઈન્ડિકેટર, બેરિકેટ, રિફ્લેક્ટર વગેરે ફરજિયાત કરવામાં આવે. વાહનના તમામ કાગળો વગર રોડ પર દોડતા વાહનો સામે કડક કાર્યવાહી થાય.

ઉલ્લેખનીય છે કે છેલ્લા દિવસોમાં ચેલા-ચંગા પાટિયા પાસે, માઝા પાટિયા પાસે અને કેશોદ ગામ પાસે ગંભીર અકસ્માત થયા છે. કેશોદ પાસે થયેલ અકસ્માતમાં એક યુવાનનું ઘટના સ્થળે જ મૃત્યુ થયું છે.

તપાસમાં જાણવા મળ્યું કે અકસ્માતગ્રસ્ત વાહનના પૂરતા કાગળો ન હતા અને રોડ પર કોઈપણ પ્રકારની સેફ્ટી વ્યવસ્થા રાખવામાં આવી ન હતી. આમ આદમી પાર્ટી માંગ કરે છે કે તંત્ર તાત્કાલિક પગલા લઈને આવા અકસ્માતો અટકાવે. નહીંતર પાર્ટી દ્વારા ગાંધી ચિંધ્યા માર્ગે ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

# જામનગરમાં અનુસૂચિત સફાઈ કામદારોને તાત્કાલિક ઓર્ડર નહીં મળે તો આંદોલનની ચીમકી



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરમાં અનુસુચિત સફાઈ કામદારોને તાત્કાલિકના ધોરણે ઓર્ડર આપવામાં નહીં આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલનની ચીમકી સાથે રાષ્ટ્રીય સફાઈ કર્મચારી મજદૂર યુનિયન દ્વારા મુખ્યમંત્રી, મ્યુનિ. કમિશનર, ડે. કમિશનર દ્વારા લેખિત રજૂઆત કરાઈ હતી. જેમાં જણાવાયા અનુસાર જામનગર મહાનગર પાલિકાનાં સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાનાં અધીકારીઓ દ્વારા જાણી જોઈને (ન્યાયિક કાર્યવાહી) અધિનિયમ-૨૦૧૩: કામમાં બેદરકારી દાખવી રહ્યા હોય તે અંગે કાર્યવાહીની માંગ ઉઠવાઈ છે.

જામનગર મહાનગરપાલિકા જામનગરમાં અનુસુચિત સફાઈ કામદારોને તાત્કાલિકના ધોરણે ઓર્ડર આપવામાં નહી આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલનની ચીમકી સાથે રાષ્ટ્રીય સફાઈ કર્મચારી મજદૂર યુનિયન દ્વારા મુખ્યમંત્રી, મ્યુનિ. કમિશનર, ડે. કમિશનર દ્વારા લેખિત રજૂઆત કરાઈ હતી. જેમાં જણાવાયા અનુસાર જામનગર મહાનગર પાલિકાનાં સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાનાં અધીકારીઓ દ્વારા જાણી જોઈને (ન્યાયિક કાર્યવાહી) અધિનિયમ- ૨૦૧૩: કામમાં બેદરકારી દાખવી રહ્યા હોય તેનાં સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાનાં અનુસુચિત જાતિના સફાઈ કામદારોની ખાલી પડેલ સેટઅપની જગ્યાઓ ભરવા માટે વારંવાર રજૂઆતો કરવા છતાં કોઈ પણ કાર્યેવાહી કરવામા આવી નથી. બધા વોર્ડ માંથી છેલ્લા ૨ મહિનાથી એસ.એસ.આઈ દ્વારા સીઆર રિપોર્ટ ભરવામાં આવેલ હોય અને તે અંગે યુનિયન દ્વારા અવારનવાર રજૂઆતો કરવામાં આવી હોય તેમ છતા કોઈપણ કાર્યવાહી કરવામાં ન આવતી હોય અને જામનગર મહાનગરપાલિકા સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગના અધિકારીઓ દ્વારા જાણી જોઈને જો વહીવટી પ્રક્રિયામાં વિલંબ કરવામાં આવી રહ્યો હોય તો (ન્યાયિક કાર્યવાહી) અધિનિયમ -૨૦૧૩ : અનુસુચિત જાતિના સફાઈ કામદારોને કાયમીના ઓર્ડરથી વંચિત રાખવા આવે તો તે અનુસુચિત જાતિ અધિનિયમ મુજબ ગુનો ગણી શકાય. જેથી અધિકારીઓએ આ કામમાં બેદરકારી દાખવી છે તેના ઉપર કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે. જો અનુસુચિત સફાઈ કામદારોને તાત્કાલિકના ધોરણે ઓર્ડર આપવામાં નહી આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે અને જામનગર મહાનગર પાલિકાની તમામ સફાઈ કામગીરી બંધ કરવામાં આવશે. જે તમામ જવાબદારી જામનગર મહાનગર પાલિકાની રહેશે. તેમ રજૂઆતમાં જણાવાયું છે.

# પ્રદેશ ભાજપ પ્રમુખે કિશાન મોરચાના ઉપપ્રમુખના નિવાસે કરી મુલાકાત

## સુરેશભાઈ વસરા દ્વારા સંચાલિત ગૌધન સારવાર કેન્દ્રની પ્રવૃત્તિને બિરદાવી





જામનગર : ગુજરાત પ્રદેશ ભાજપના પ્રમુખ જગદીશભાઈ વિશ્ર્વકર્મા ગુરૂવારે જામનગરની મુલાકાતે આવ્યા હતાં. તેઓએ પ્રદેશ કિશાન મોરચાના ઉપપ્રમુખ સુરેશભાઇ વસરાના નિવાસસ્થાન 'ચિત્રકૂટ'ની મુલાકાત લીધી હતી અને ગૌસેવાની પ્રવૃત્તિને બિરદાવી સુરેશભાઇને અભિનંદન આપ્યા હતાં.

પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશભાઇ વિશ્ર્વકર્મા ગુરૂવારે જામનગરની મુલાકાતે આવ્યા હતાં. પોતાના વ્યસ્ત કાર્યક્રમમાંથી સમય કાઢીને તેમણે પ્રદેશ કિશાન મોરચાના ઉપપ્રમુખ અને સેવાભાવી માલધારી આગેવાન સુરેશભાઇ વસરાના નિવાસ 'ચિત્રકૂટ'ની મુલાકાત લીધી હતી. જનસંઘના વડીલ આગેવાનો દ્વારા તેઓનું ૨૧૦૦ નોટબુકથી સ્વાગત કરાયું હતું. આ નોટબુકોનું ગ્રામ્ય વિસ્તારના જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને વિતરણ કરાશે.

આ મુલાકાત દરમિયાન તેમણે સુરેશભાઇ વસરા દ્વારા ચાલતી ગૌસેવાની પ્રવૃત્તિની માહિતી મેળવી હતી. અત્યાર સુધીમાં ચાર હજાર જેટલી ગાયોની વિનામુલ્યે કરવામાં આવેલી સારવાર, ખેડૂતો માટે યોજાતા માર્ગદર્શન કેમ્પ તથા ખેડૂતોને લગતા પ્રશ્ર્નોના ઉકેલના પ્રયાસ સહિતની સેવાકીય પ્રવૃત્તિથી પ્રભાવિત થઇ તેઓએ સુરેશભાઇને અભિનંદન આપી પ્રોત્સાહિત કર્યા હતાં.

સુરેશભાઇ વસરા કોઇપણ વ્યક્તિની આર્થિક મદદ વગર પોતાના સ્વખર્ચે ગૌધન સારવાર કેન્દ્ર ચલાવી રહ્યાં છે. આ સેવાની શરૂઆત તેઓએ લાલપુરથી કરી હતી. આસપાસના અનેક ગામોના માલધારીઓ તેમની આ સેવાનો જરૂર પડ્યે લાભ લઇ રહ્યાં છે અને અત્યાર સુધીમાં ચાર હજાર ગૌવંશને આ કેન્દ્રની મેડીકલ ટીમની મદદથી નવજીવન મળ્યું છે. પ્રદેશ પ્રમુખ જગદીશભાઇ વિશ્ર્વકર્માની સાથે પ્રદેશ મહામંત્રી પ્રશાંત કોરાટ ઉપરાંત હિતેન્દ્રસિંહ ચૌહાણ અને અન્ય પ્રદેશ અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. પ્રદેશ પ્રમુખ જગદીશભાઇ વિશ્ર્વકર્મા સહિતના આગેવાનોનું સુરેશભાઇ વસરાએ સ્વાગત કર્યું હતું. ભાજપ અને જનસંઘના અનેક સ્થાનિક આગેવાનો સાથે તેમણે વાર્તાલાપ કર્યો હતો. ઉપરાંત સુરેશભાઇ વસરા સંચાલિત ગૌધન સારવાર કેન્દ્રના હસ્તાફરતા પશુદવાખાનાનું નિરિક્ષણ કર્યું હતું.

# કો.કો.બેંકના વાઈસ ચેરમેન તરીકે મિતેષ લાલની વરણી



જામનગર : જામનગરની ધી કોમર્શિયલ કો. ઓપરેટિવ બેન્ક ( કો. કો. બેન્ક)ના વાઈસ ચેરમેન તરીકે યુવા અગ્રણી ઉદ્યોગપતિ મિટેશભાઈ લાલની વરણી થતા તેઓને શુભેરછાઓ પાઠવવામાં આવી રહી છે.

# જામનગરમાં બુટલેગરની 'પાસા' હેઠળ અટકાયત કરી લાજપોર જેલમાં મોકલાયો




જામનગર : જામનગર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેમજ અસામાજિક પ્રવૃત્તિઓ પર અસરકારક નિયંત્રણ લાવવા જિલ્લા પોલીસ દ્વારા વધુ એક કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. બુટલેગર તરીકે ઓળખાતા અને પ્રોહિબિશનના ગુનાઓમાં સંડોવાયેલા એક આરોપી સામે પાસા હેઠળ કાર્યવાહી કરવામાં આવી છે.

જામનગર જિલ્લા પોલીસ અધિક્ષક ડૉ. રવિ મોહન સૈનીના માર્ગદર્શન હેઠળ એલસીબી પોલીસ ઈન્સ્પેક્ટર વી.બી. ચૌધરી તથા પીએસઆઈ એમ.વી. ભાટીયા અને તેમની ટીમે કાર્યવાહી હાથ ધરી હતી. જેમાં યશપાલસિંહ નરેન્દ્રસિંહ જાડેજા, રહે. ગાંધીનગર, મચ્છરનગર, શેરી નં. ૪, ગંગેશ્વર મહાદેવ મંદિર પાસે, જામનગર વિરુદ્ધ પ્રોહિબિશનના અનેક ગુનાઓ નોંધાયેલા હોવાનું ધ્યાનમાં આવતા તેની સામે પાસાની દરખાસ્ત તૈયાર કરી જિલ્લા મેજિસ્ટ્રેટ પી.બી. પંડ્યાને મોકલવામાં આવી હતી.

જિલ્લા મેજિસ્ટ્રેટે પાસા વોરંટ મંજૂર કર્યા બાદ એલસીબીની ટીમે આરોપીની અટકાયત કરી તેને મધ્યસ્થ જેલ, લાજપોર (સુરત) ખાતે મોકલવાની તજવીજ હાથ ધરી છે.

# સાંઈબાબા મંદિરે શ્વાસ રોગ નિદાન કેમ્પ

જામનગર : જામનગર શહેર જીલ્લા તથા બહારગામથી આવતા સર્વે ભાવિકો તથા શ્વાસરોગના દર્દીઓ માટે શિરડી સાંઇબાબા મંદિર ગાંધીનગર દ્વારા વર્ષમાં ૩ વખત એટલે કે ગુરૂપૂર્ણિમા, હોળી પૂનમ અને શરદપૂનમના રોજ વિનામૂલ્યે શ્વાસરોગનો કેમ્પ યોજવામાં આવે છે.આ કેમ્પમાં લિમિટેડ સંખ્યાને સમાવવાની હોય આગામી તા. ૨૮.૭.૨૦૨૬ મંગળવારના રોજ ગુરૂપૂર્ણિમાની રાત્રે ૯ કલાકે શ્વાસરોગનો કેમ્પ રાખવામાં આવેલ છે. જૂના તથા નવા દર્દીઓએ વહેલાસર મંદિરે પોતાના નામની નોંધણી કરાવી લેવા મંદિર ટ્રસ્ટના પ્રમુખ કનકસિંહ જાડેજા દ્વારા શહેર તથા બહારગામ રહેતા દર્દીઓને જાણ કરવામાં આવે છે.

# સોયલ નજીક બંધ ટ્રક પાછળ બાઈક ઘુસી જતા ચાલક ઘાયલ

જામનગર : જામનગર-રાજકોટ હાઈવે પર સોયલ નજીક બંધ હાલતમાં રહેલ ટ્રકની પાછળ પાર્કિંગ લાઈટ કે અન્ય કોઈ સલામતીના સાધનો ન મૂકાતા થયેલા અકસ્માત અંગે ટ્રકચાલક સામે ફરિયાદ નોંધાવવામાં આવી છે.

પ્રાપ્ત વિગત મુજબ વાવડી ગામના મનવીરભાઈ પ્રવિણભાઈ ડાંગર તા. ૨૪ જૂનના રોજ રાત્રે ટંકારા ખાતે ૧૦૮ એમ્બ્યુલન્સમાં ફરજ પૂર્ણ કરી પોતાના મોટરસાયકલ નં. જીજે-૩૬-કે-૮૫૬૪ પર વાવડી પરત ફરી રહ્યા હતા. રાત્રે આશરે સાડા નવ વાગ્યે સોયલ પાસે ઉંડ નદીના પુલથી થોડે આગળ પહોંચતાં હાઈવે પર ટ્રક નં. જીજે-૩૬-ટી-૫૭૦૧ બંધ હાલતમાં ઉભી હતી. ટ્રકની પાછળ પાર્કિંગ લાઈટ ચાલુ નહોતી તેમજ કોઈ રિફ્લેક્ટર, સાઈનિંગ કે અન્ય સલામતીના સાધનો મૂકવામાં આવ્યા ન હોવાથી ટ્રક દેખાઈ ન હતી અને મનવીરભાઈનું મોટરસાયકલ ટ્રકના પાછળના ભાગે અથડાતાં ગંભીર અકસ્માત સર્જાયો હતો.

અકસ્માતમાં મનવીરભાઈને મોઢા, જડબા અને છાતીના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તેમને જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ત્યારબાદ તા. ૨ જુલાઈના રોજ તેમના જડબાનું ઓપરેશન કરવામાં આવ્યું હતું અને તા. ૬ જુલાઈના રોજ હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી.

ત્યારબાદ જમનભાઈ ભગાભાઈ ડાંગરે ફરિયાદ નોંધાવતા પોલીસે ટ્રક નં. જીજે-૩૬-ટી ૫૭૦૧ ના ચાલક સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**જાહેર નિવિદા નં. ૧૩ / ૨૦૨૬-૨૭**

કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત (મા. અને મ.) વિભાગ, જામનગર, ફોન નં. (૦૨૮૮) ૨૬૭૦૨૮૬, રજી. કલાસ ધરાવતા ઠેકેદારશ્રીઓ પાસેથી વિવિધ યોજનાના કરવાના થતાં કુલ ૦૨ કામોની અંદાજીત રકમ રૂા. ૪૦૦.૦૦ થી ૪૦૦.૦૦ લાખ સુધીની છે. જેની કુલ રકમ રૂા. ૮૦૦.૦૦ છે. જે કામોના ટેન્ડરો ઓન લાઈન માંગવામાં આવે છે. આ કામના ટેન્ડરો https://tender.nprocure.com વેબ સાઈટ ઉપરથી મળશે ઉઅને સાઈટ ઉપરથી ઓન લાઈન ભરવાના રહેશે. આ એગેની વિગતવાર વિજ્ઞાપન (મા. અને મ.) પંચાયત વિભાગના નોટીસ બોર્ડ ઉપરથી પર જોવા મળશે. ઓન લાઈન ટેન્ડર મોકલવાની તારીખો નીચે મુજબ રાખવામાં આવેલ છે. ટેન્ડર રૂબરૂ / ટપાલથી સ્વીકારવામાં આવશે નહિ. હવે પછીના દૈનિક સુધારા / વધારાઓ દૈનિક પેપરમાં નિવિદા પ્રસિધ્ધ ન કરતા ઓનલાઈન કરવામાં આવશે.

| | |
|---|---|
| ભાવપત્રકના દસ્તાવેજોનું ડાઉન લોડીંગ તથા સબમસશનની તારીખ અને સમય | ૧૩/૦૭/૨૬ થી ૨૦/૦૭/૨૦૨૬ સાંજના ૧૮.૦૦ કલાક સુધી |
| ઓનલાઈન બીડ ઓપનીંગ તારીખ અને સમય | ૨૧/૦૭/૨૦૨૬ ૧૨.૦૦ કલાકે |

માહિતી / જામ / ૨૬૩ / ૨૦૨૬

**ઓનલાઈન ટેન્ડરીંગ માર્ગ અને મકાન વિભાગ**
**જાહેર નિવિદા નં.૧૩ સને ૨૦૨૬-૨૭ (બીજો પ્રયત્ન)**

કાર્યપાલક ઈજનેરશ્રી, દેવભૂમિ દ્વારકા (મા.અને મ.)વિભાગ,ખંભાળીયા દ્વારા ૧ કામ માટે ગુજરાત રાજ્યમાં માર્ગ અને મકાન તથા નર્મદા જળસંપતિ, પાણીપુરવઠા અને કલ્પસર વિભાગમાં યોગ્ય કક્ષામાં નોંધાયેલ ઈજારદારો પાસેથી રસ્તા તથા મકાનોના કામો માટેના ટેન્ડરો સરકારશ્રીમાં પ્રવર્તમાન નિયમોનુસાર એક કામના ઓનલાઈન ભાવો માંગવામાં આવેલ છે. જેની અંદાજીત કીંમત રૂા.૯૧૮.૦૨ લાખ છે. ભવિષયમાં કોઈપણ પ્રકારનો સુધારો કરવાનો હશે તો ઓનલાઈન જ કરવામાં આવશે અને જે ધ્યાને રાખી ઈજારદારશ્રીઓએ ભાવો ભરવાના રહેશે.

ટેન્ડર ડોક્યુમેન્ટ તા.૨૯/૦૭/૨૦૨૬ સુધી વેબસાઈટ https://rnbtender.nprocure.com પરથી ઉપલબ્ધ થશે. તેમજ પ્રી-બીડ મીટીંગ તા.૨૦/૦૭/૨૦૨૬ ના રોજ રહેશે. વધુ વિગતો માટે પ્રસ્તુત વેબસાઈટનો સંપર્ક કરવો. તેમજ વિગતવાર જાહેર નિવિદા www.statetenders.gujarat.gov.in પર જોઈ શકાશે.

માહિતી/જામ/૨૮૯/૨૦૨૬

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Near Anupam talkies, Shivam Building, Bedi Gate, Jamnagar. Editor: Rajesh Kiritbhai Dave* Vijay Kotecha(Responcible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

## ચીનની ધમકી સામે ભારતનો દૃઢ સંકલ્પ

ભારત, ચીન અને પાકિસ્તાન વચ્ચેના સંબંધો દાયકાઓથી એશિયાની ભૂ રાજનીતિનું કેન્દ્ર રહ્યા છે. એક તરફ ભારત શાંતિ, સહઅસ્તિત્વ અને પરસ્પર સન્માનની નીતિમાં વિશ્વાસ રાખે છે, તો બીજી તરફ ચીન અને પાકિસ્તાન સમયાંતરે ભારત પર રાજકીય, વ્યૂહાત્મક અને આર્થિક દબાણ લાવવાના પ્રયાસો કરતાં રહ્યા છે. છેલ્લા કેટલાક વર્ષોમાં સરહદી વિવાદો, આતંકવાદ, જળસુરક્ષા અને વેપાર જેવા મુદ્દાઓએ આ સંબંધોને વધુ જટિલ બનાવ્યા છે. ભારતે હંમેશા સંવાદ દ્વારા સમસ્યાઓ ઉકેલવાનો પ્રયાસ કર્યો છે, પરંતુ જ્યારે દેશના હિતો પર સીધી અસર થતી હોય ત્યારે કડક નિર્ણયો લેવામાં પણ ભારતે કોઈ સંકોચ દાખવ્યો નથી.

તાજેતરમાં સિંધુ જળ વ્યવસ્થાપનને લઈને ભારતે લીધેલા નિર્ણયો પછી પાકિસ્તાનમાં પાણીની સમસ્યા વધુ ગંભીર બની છે. પાકિસ્તાનને મળતા સિંધુ નદીના પાણી પર ભારતે નિયંત્રણ કડક બનાવતાં ત્યાં કૃષિ, પીવાના પાણી અને વીજ ઉત્પાદન જેવા ક્ષેત્રોમાં મુશ્કેલીઓ ઊભી થઈ છે. આ પરિસ્થિતિમાં ચીને ભારતને પરોક્ષ રીતે ચેતવણી આપવાનો પ્રયાસ કર્યો છે કે જો ભારત પાકિસ્તાન તરફ જતું પાણી રોકશે તો ચીન પણ તિબેટમાંથી વહેતી બ્રહ્મપુત્ર નદીના પાણી અંગે પગલાં લઈ શકે છે. આ નિવેદન માત્ર રાજકીય ટિપ્પણી નથી, પરંતુ જળને વ્યૂહાત્મક હથિયાર તરીકે ઉપયોગ કરવાની માનસિકતા દર્શાવે છે.જળ એ માનવજીવનનો આધાર છે અને કોઈપણ દેશ માટે પાણીનો પ્રશ્ન માત્ર કુદરતી સંસાધનનો નહીં પરંતુ રાષ્ટ્રીય સુરક્ષાનો પણ વિષય છે. વિશ્વભરમાં વધતી જતી પાણીની અછતને ધ્યાનમાં લેતા અનેક દેશો પાણીના ોતો પર પોતાનું નિયંત્રણ મજબૂત બનાવી રહ્યા છે. ભારત પણ આ દિશામાં પોતાના હિતોને સુરક્ષિત રાખવા માટે જરૂરી પગલાં લઈ રહ્યું છે. સિંધુ જળ સંધિનું વર્ષો સુધી પાલન કર્યા પછી જો પાકિસ્તાન ભારત વિરુદ્ધ આતંકવાદને પ્રોત્સાહન આપતું રહે અને દ્વિપક્ષીય સંબંધોને નુકસાન પહોંચાડે તો ભારત માટે પોતાની નીતિનું પુનર્મૂલ્યાંકન કરવું સ્વાભાવિક છે.ચીને બ્રહ્મપુત્ર નદી પર વિશાળ બંધો અને જળવિદ્યુત યોજનાઓ ઊભી કરવાની યોજના બનાવી છે. ભારતની ચિંતા એ છે કે ઉપરવાસમાં થતા આવા પ્રોજેક્ટોનો અસરકારક પ્રભાવ અરુણાચલ પ્રદેશ, આસામ અને સમગ્ર ઉત્તર-પૂર્વ ભારત પર પડી શકે છે. જો નદીના કુદરતી પ્રવાહમાં મોટાપાયે ફેરફાર થાય તો કૃષિ, પર્યાવરણ અને લાખો લોકોના જીવન પર ગંભીર અસર થઈ શકે છે. જોકે આંતરરાષ્ટ્રીય નદી વ્યવસ્થાપનમાં કોઈપણ દેશ માટે મનસ્વી રીતે પાણી અટકાવવું સરળ નથી. તે માટે વૈશ્વિક કાયદા, રાજદ્વારી દબાણ અને પર્યાવરણીય જવાબદારીઓ પણ મહત્વની ભૂમિકા ભજવે છે.ભારતે ચીનની આડકતરી ધમકીને ગભરાટથી નહીં પરંતુ આત્મવિશ્વાસથી જવાબ આપ્યો છે. ભારત આજે માત્ર દક્ષિણ એશિયાની જ નહીં પરંતુ વૈશ્વિક સ્તરે મહત્વપૂર્ણ આર્થિક અને વ્યૂહાત્મક શક્તિ તરીકે ઉભરી રહ્યું છે. ક્વાડ જેવા મંચોમાં ભારતની સક્રિય ભૂમિકા, ઇન્ડો-પેસિફિક ક્ષેત્રમાં વધતો પ્રભાવ અને અનેક દેશો સાથેના મજબૂત સંબંધો ભારતની રાજદ્વારી ક્ષમતાને વધુ મજબૂત બનાવે છે. આવી સ્થિતિમાં માત્ર ધમકીના આધારે ભારતને પોતાના રાષ્ટ્રીય હિતોથી પાછળ હટાવી શકાય તેમ નથી.આ સમગ્ર ઘટનાક્રમે એક મહત્વનો સંદેશ પણ આપ્યો છે કે પાણી ભવિષ્યના સંઘર્ષનું સૌથી મોટું કારણ બની શકે છે. તેથી ભારતે આંતરિક સ્તરે જળસંચય, નદી જોડાણ, વરસાદી પાણીનો સંગ્રહ અને પાણીના કાર્યક્ષમ ઉપયોગ જેવી યોજનાઓને વધુ વેગ આપવાની જરૂર છે. જો દેશ પોતાની જળસંપત્તિનું વૈજ્ઞાનિક સંચાલન કરશે તો કોઈપણ બાહ્ય દબાણની અસર ઘણી હદ સુધી ઓછી થઈ શકે છે.

# રીમઝીમ વરસાદમાં નિર્જીવ શિલ્પોનું ઈમોશનલ એક્સપોઝર....



**ફ્રાઈડે ફોટો સ્ટોરી**

- જયદીપ એ. દવે.

વર્ષા ઋતુનો જાદુ માત્ર સજીવ સૃષ્ટિ કે પ્રકૃતિ પૂરતો જ સીમિત નથી રહેતો,ક્યારેક તે નિર્જીવમાં પણ પ્રાણ ફૂંકી દેતો હોય એવી કલ્પનાને આ વરસાદી દૃશ્યો જાણે સાકાર કરતા હોય એવું લાગે છે. ચાલુ વરસાદ દરમિયાન ઝડપાયેલી આ તસવીરોમાં રૂપાણી સર્કલ ખાતે વર્ષા ઋતુના બ્રાન્ડ એમ્બેસેડર સમા મોરનું શિલ્પ જાણે આનંદથી ટહુકી ઊઠ્યું હોય એવો અહેસાસ કરાવે છે. તો વેલિંગ્ટન સર્કલ પર સ્થાપિત ખુલ્લા કેશવાળું સ્ત્રીનું શિલ્પ રિમઝિમ વરસતી દરેક બુંદને મનભરીને અનુભવી રહ્યું હોય તેવી અનુભૂતિ કરાવે છે. બીજી તરફ, એ જ ક્ષણે એક સજીવ ( વ્યસ્ક ) છત્રીનો સહારો લઈને વરસાદથી બચવાનો પ્રયાસ કરતો જોવા મળે છે. એક જ વરસાદ... છતાં દરેકની અનુભૂતિ અલગ."

# ભલે સંજોગ દુઃખી કરે, સ્વભાવથી દુઃખી ના થવું

**વિશેષ**

માણસ સ્વભાવે ગમે એટલો શાંત હોય પણ પોતાની પ્રિય પત્નીને રથ હાંકતા ચાબુકનો માર ઝીલતાં જોઈ - કોણ દુઃખી ના થાય. કયા પતિને ક્રોધ ના પડે! છતાં શ્રીકૃષ્ણ સ્થિર રહ્યાં. તે રથની આગળ દુર્વાસા સામે હાથ જોડી નતમસ્તકે ઊભા રહ્યાં

એકવાર મહર્ષિ દુર્વાસા ફરતા ફરતા દ્વારકા પહોંચ્યા. શ્રીકૃષ્ણએ ઉમળકાભેર તેમનું સ્વાગત કર્યું. તેમને રહેવા માટે ઉત્તમ ખંડની અને નાનામાં નાની જરૂરિયાતોની વ્યવસ્થા કરી. પણ દુર્વાસા વિચિત્ર સ્વભાવના હતા. તે ઘણીવાર અકલ્પ્ય વર્તન કરતા. ક્યારેક તે હજ્જારો માણસો જમે તેટલું ભોજન ઓહિયાં કરી જતા. ક્યારેક માંડ બે કોળિયા જમતા! ક્યારેક કહ્યા વગર નીકળી જતા, મોડી રાતે પાછા ફરતા ક્યારેક ખડખડાટ હસતા, તો ક્યારેક ધ્રુસકે ધ્રુસકે રડતા. એક દિવસ ગાદલાં, રજાઈ, ઓશિકાં સળગાવી દીધાં. શ્રીકૃષ્ણ તેમનું આ અજુગતનું વર્તન જોયા કરતા. એક દિવસ સૌ પરવારીને બેઠાં હતા ત્યારે તે શ્રીકૃષ્ણ પાસે આવ્યાં. હમણાંને હમણાં ખીર ખાવાની ઈચ્છા વ્યક્ત કરી. શ્રીકૃષ્ણએ સહેજ પણ ખચકાયા વગર તેમના માટે ગરમાગરમ ખીર બનાવડાવી. થોડી ખાધી. પછી તેમની એંઠી ખીર શ્રીકૃષ્ણ સામે ધરી. ''કૃષ્ણ, આ ખીર તમારા આખા શરીને ચોડી દો.'' શ્રીકૃષ્ણએ પગના તળિયા સિવાય આખા શરીરે એંઠી ખીર ચોપડી દીધી. અને આજ્ઞા લઈ બચેલી ખીર ત્યાં ઊભેલી રૂકિમણીના શરીરે લગાવી દીધી!! એવામાં દુર્વાસા ઊભા થયા. તેમણે ત્યાં ઘોડા વગરનો રથ પડેલો જોયો.. રૂકિમણીનો હાથ પકડી ઘોડાની જગ્યાએ જોતરીને રથ પર ચઢી ગયા. એટલું જ નહિ, ઘોડાને હંકારવા સારથિ ચાબુક ફટકારે એમ રૂકિમણીને ચાબુક ફટકાર્યો!! ત્યાં કુટુંબીજનો તથા દશાર્હવંશી યાદવો હાજર હતા. સૌના ભવાં ચડી ગયાં. કેટલાકનો હાથ હથિયાર સુધી પહોંચી ગયો. શ્રીકૃષ્ણએ ઈશારાથી બાજી સંભાળી લીધી. રૂકિમણી રથ હાંકતા હતા. પાછળ શ્રીકૃષ્ણ દોડતા હતા. રથ દ્વારકાના રસ્તે આગળ વધતો હતો. રૂકિમણી થાક્યાં. બેહોશ થઈ પડી ગયાં. માણસ સ્વભાવે ગમે એટલો શાંત હોય પણ પોતાની પ્રિય પત્નીને રથ હાંકતા ચાબુકનો માર ઝીલતાં જોઈ - કોણ દુઃખી ના થાય. કયા પતિને ક્રોધ ના પડે! છતાં શ્રીકૃષ્ણ સ્થિર રહ્યાં. તે રથની આગળ દુર્વાસા સામે હાથ જોડી નતમસ્તકે ઊભા રહ્યાં.''ભગવન, શાંત થાવ, અમારા પર પ્રસન્ન થાવ '' દુર્વાસા રથમાંથી ઊતર્યા કહ્યું.'' (જિતઃક્રોધસ્વયા કૃષ્ણ પ્રકૃત્યૈવ મહાભુજ) હે મહાબાહુ કૃષ્ણ, તમે તમારા શાંત સ્વભાવથી ક્રોધને જીતી લીધો છે. હું પ્રસન્ન છું. તમે શરીરના જે અંગો પર ખીર લાગવી છે તે અંગો પર ગમે તેટલો પ્રહાર થશે છતાં તેને મૃત્યુનો ભય નહીં કરે. પણ મકૃષ્ણ, તમે પગના તળિયે ખીર લગાવવાનું ભૂલી ગયા ? (જ્યારે જીવનલીલા સમેટવા શ્રીકૃષ્ણ પીપળાના વૃક્ષ નીચે બેઠા હતા ત્યારે જરા નામના પારધીના તીક્ષ્ણ બાણે તેમના પગના તળિયાને વીંધી નાખ્યું હતું. આ બાણ પરમ ધામમાં લીન થવા નિમિત્ત બન્યું હતું!) આગળ રૂકિમણી તરફ ફરીને દુર્વાસાએ કહ્યું, ''કલ્યણી તમે પણ આ ખીર ચોપડી છે એટલે તમારો દેહ કદી વૃધ્ધ નહિ થાય. કદી રોગ નહિ થાય. તમારો દેહ તેજસ્વી અને સુગંધીદાર રહેશે. તમને યશ અને કીર્તિ પ્રાપ્ત થશે. આફતને આશીર્વાદમાં ફેરવી મહર્ષિ દુર્વાસા અંતર્ધાન થઈ ગયા. જે બાળકનો જન્મ જેલમાં થયો હોય, જેને મારવા વારંવાર પ્રયત્નો થયા હોય. એવા બાળકની ગોકુળથી દ્વારકા સુધીની જીવનયાત્રા તપાસીએ તો સમજાય કે શ્રીકૃષ્ણનું જીવન સરળ નહોતું. તે ડગલેને પગલે સંજોગોના શિકાર બન્યા હતા. છતાં સ્થિતપ્રજ્ઞાની માફક તેમના શાંત સ્વભાવને લીધે કદી દુઃખી થયા નથી.''

દક્ષિણ આફ્રિકામાં સમાનતા સલામત રાખવા અને રંગભેદની નીતિ નાબૂત કરવાની લડતમાં નેલ્સન મંડેલાને જેલની સજા થઈ. રોબિન દ્વીપમાં તે સત્યાવીસ વર્ષો જેલમાં રહ્યાં ત્યાં એક જેલર તેમના પર અમાનુષી ત્રાસ ગુજારતો, ભૂખ્યા, તરસ્યા રાખતો, તેમના પર પેશાબ કરતો બીજો એક વકીલ હતો. જેણે મંડેલાના સત્યાગ્રહ વિરૂધ્ધ કોર્ટમાં કેસ દાખલ કરી 'ડેથપેનલ્ટી'ની ભલામણ કરી હતી. ૧૯૯૦માં નેલ્સન મંડેલા છૂટયા ફરી એકવાર પ્રમુખ તરીકે ચુંટાયા, પ્રમુખપદની સોગંધવિધિ વખતે તેમણે એ જેલર અને વકીલને માનપૂર્વક વી.આઈ.પી. ગેસ્ટ તરીકે મંચ પર બોલ્યા હતા. એકવાર પૂર્વ અમેરિકન પ્રમુખ બિલ ક્લિન્ટને આ બાબતે પૂછયું ત્યારે મંડેલાએ કહ્યું હતું. ''સર, હું જેલમાં ગયો. મને જેલમાં જે ત્રાસ અપાયો એ પરિસ્થિત વશ હતો, વિચારભેદનું દુઃખદ પરિણામ હતું.

# ગુજરાતની નદીઓ પર હવે રબ્બર ડેમ બનશે!!

## વોટર કન્ઝર્વેશન ક્ષેત્રે ગુજરાત રાષ્ટ્રમાં નંબર વન બનશે, હવે સિમેન્ટ કોન્ટ્રાક્ટના ડેમ નહીં બને પરંતુ રબ્બરના ડેમની નવી ટેકનોલોજી આવી ચૂકી છે નાના અને મધ્યમ કક્ષાના ડેમ હવે રબરના બનશે

**આસપાસ ચોપાસ** — સુરેશ ભટ્ટ


જળ સંરક્ષણ અને સિંચાઈના ક્ષેત્રે ગુજરાત સતત નવી ટેકનોલોજી અપનાવી રહ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'કેચ ધ રેઈન' અભિયાનને વેગ આપવા અને રાજ્યના દૂરના વિસ્તારોમાં પાણીની સુવિધા મજબૂત કરવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની આગેવાની હેઠળ ઘણા ભગીરથ પ્રયાસો થઈ રહ્યા છે. આ જ કડીમાં છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકાના રાજવાસણા ગામ નજીક હેરણ નદી પર અત્યાધુનિક રબર ડેમ અને તાપી જિલ્લાના ડોલવણ તાલુકાના પાઠકવાડી ગામે અંબિકા નદી પર બીજા રબર ડેમનું નિર્માણ થઈ રહ્યું છે. આ બંને પ્રોજેક્ટ ગુજરાતની જળ ટેકનોલોજીમાં એક નવા યુગની શરૂઆત કરે છે.

રબર ડેમ એ પરંપરાગત કોંક્રિટ કે સ્ટીલના ગેટવાળા ડેમ કરતાં સંપૂર્ણપણે અલગ ટેકનોલોજી છે. તેમાં મજબૂત રબરના સ્તરો (બ્લેડર) વડે બનેલો મોટો ફૂલેલો ગાદલો હોય છે, જે સ્થાયી કોંક્રિટ બેઝ પર સ્થાપિત કરવામાં આવે છે. સામાન્ય સ્થિતિમાં આ બ્લેડરમાં હવા ભરી (ઈન્ફ્લેટ) દેવામાં આવે છે, જેના કારણે તે ફૂલીને પાણીનો અવરોધ ઊભો કરે છે અને નદીના પાણીને સંગ્રહે છે. જ્યારે ચોમાસામાં પૂરનું જોખમ હોય અથવા વધુ પાણી છોડવાની જરૂર પડે, ત્યારે તેમાંથી હવા ખાલી કરી (ડિફ્લેટ) દેવામાં આવે છે. આ ડેમ સંપૂર્ણપણે સપાટ થઈ જાય છે અને નદીનો પ્રવાહ એકદમ સરળતાથી તેની ઉપરથી વહી જાય છે.

આ ડેમની સૌથી વિશાળ વિશેષતા તેનું પાણી સંગ્રહ અને પ્રવાહ નિયંત્રણની ક્ષમતા છે. સ્ટીલના ગેટથી બનેલા જૂના બંધોમાં સમય જતાં નદીની તળિયે રેતી અને કાંપ જમા થઈ જાય છે, જેના કારણે સંગ્રહ ક્ષમતા ઘટી જાય છે. પરંતુ રબર ડેમમાં હવા ખાલી કરી દેતાં આ કાંપ સરળતાથી વહી જાય છે, જેનાથી પાણી સંગ્રહની ક્ષમતા ઘણા વર્ષો સુધી યથાવત રહે છે. શિયાળા અને ઉનાળામાં ખેતી માટે આ ડેમ પૂરતું પાણી સંગ્રહી શકે છે. આ ડેમને 'એર-ફિલ્ડ' પદ્ધતિથી કાર્યરત કરવામાં આવે છે, જેમાં જીઝછટ્ઠછ ઓટોમેશન સિસ્ટમ દ્વારા કમ્પ્યુટરથી જ ઈન્ફ્લેટ અને ડિફ્લેટનું કામ થાય છે, જેનાથી મેનપાવરની જરૂર રહેતી નથી. તાપી જિલ્લાના પાઠકવાડી રબર ડેમ માટે જાપાની ડિઝાઈન (જાપાનીઝ કોડ ૨૦૦૦) અને દક્ષિણ કોરિયાનું ઉચ્ચ ગુણવત્તાવાળું રબર બ્લેડર (૧૮થી ૩૨ મિમી જાડાઈ) વપરાયું છે, જે ૫૦ ડિગ્રી સેલ્સિયસથી વધુ તાપમાન સહન કરી શકે છે અને તેનો આયુષ્યકાળ ૩૦ વર્ષ જેટલો લાંબો છે.

આ રબર ડેમ કોઈ પણ સ્વરૂપના સામાન્ય ડેમ કરતાં ખેડૂતો માટે કાયમી ઉપાય સાબિત થશે. છોટાઉદેપુરના રાજવાસણા રબર ડેમના નિર્માણથી આસપાસના ૨૫ ગામોના ૩,૪૨૦ હેક્ટર જેટલી વિશાળ ખેતીલાયક જમીનને રવી અને ખરીફ બંને સિઝનમાં સિંચાઈ માટેનું પાણી મળશે. માત્ર નહેરો દ્વારા જ નહીં, ભવિષ્યમાં આ નહેરોને ગામોના તળાવો સાથે જોડી દેવામાં આવશે, જેના કારણે આ પંથકમાં પીવાના અને સિંચાઈના પાણીની સમસ્યા કાયમ માટે દૂર થઈ જશે. તાપી જિલ્લાના પાઠકવાડી ગામે આ રબર ડેમથી અંદાજે ૬૫૦ હેક્ટર જમીન સીધી રીતે સિંચાઈ હેઠળ આવશે. આ ઉપરાંત, પાણીનો મોટો જથ્થો (રાજવાસણા ખાતે ૩.૫ મિલિયન ક્યુબિક મીટર અને પાઠકવાડી ખાતે ૩.૫૦ લાખ ઘન મીટર) સંગ્રહાશે, જે ભૂગર્ભ જળ સ્તરને નોંધપાત્ર રીતે ઊંચું લાવશે. આ ફાયદાથી કુવાઓ અને ટ્યુબવેલ શુષ્ક નહીં થાય, જેનો સ્થાનિક સમાજ અને ખેડૂતોને ભવિષ્યમાં કાયમી લાભ મળશે.

રબર ડેમનો સૌથી મહત્વનો ફાયદો પૂર સમયે થાય છે. ભારે પૂરના સમયે આ ડેમને સંપૂર્ણપણે ડિફ્લેટ કરી શકાય છે, જેથી નદીમાં પાણીના જથ્થા માટે કોઈ અવરોધ ન રહે અને પૂરનું પાણી ઝડપથી નીચે તરફ વહી જાય. આ કારણે નદી કિનારાનાં ગામો પૂરના ભયાનક નુકસાનથી સુરક્ષિત રહે છે. ઉદાહરણ તરીકે, રાજવાસણા રબર ડેમ પ્રોજેક્ટમાં નદીના કાંઠે ફ્લડ પ્રોટેક્શન વોલ પણ બનાવવામાં આવી રહી છે, જે લાંબા ગાળે સ્થાનિક સમુદાય માટે સુરક્ષાનું કવચ સાબિત થશે. તદુપરાંત, દક્ષિણ ગુજરાતના તાપી જિલ્લાની ભૌગોલિક સ્થિતિ સમતળ હોવાથી ત્યાં ઊંચા ચેકડેમનું બાંધકામ શક્ય ન હતું. પરંપરાગત બેરેજના સ્થાને આ રબર ડેમની પસંદગી કરવામાં આવી છે, જે ભૌગોલિક પડકારોનો ઉત્તમ તકનીકી ઉપાય છે.



હાલમાં આ બંને અત્યાધુનિક રબર ડેમ પ્રોજેક્ટ નિર્માણાધીન અવસ્થામાં છે. રાજવાસણા ખાતે ૧૮૦ મીટર લંબાઈ અને ૩.૫ મીટર ઉંચાઈ ધરાવતો આ ડેમ અંદાજે ૮૨.૯૭ કરોડ રૂપિયાના ખર્ચે બની રહ્યો છે, જેનું ૭૫ ટકા કામ પૂર્ણ થઈ ચૂક્યું છે. તેનું સંપૂર્ણ સંચાલન આગામી ૩૦ મહિના (સપ્ટેમ્બર ૨૦૨૭ સુધી)માં શરૂ થવાની આશા છે. જ્યારે તાપી જિલ્લાના પાઠકવાડી ખાતે ૭૯.૧૩ કરોડ રૂપિયાના ખર્ચે નિર્માણ થઈ રહેલા ૨૮૦ મીટર લાંબા (૪ સ્પાન) રબર ડેમનું કામ ૯૦ ટકા પૂર્ણ થઈ ચૂક્યું છે. આ યોજનાઓમાં ફક્ત બાંધકામ જ નહીં, પરંતુ આગામી ૧૦ વર્ષ સુધી ઓપરેશન અને મેઈન્ટેનન્સ (O&M)નો કોન્ટ્રાક્ટ પણ સામેલ છે.

આ રબર ડેમની સફળતા ગુજરાતમાં પાણી સંચયની દિશા બદલી નાખશે. આ ટેકનોલોજી માત્ર સિંચાઈ સુધી મર્યાદિત નથી, પરંતુ ભવિષ્યમાં દરિયાકાંઠાના વિસ્તારોમાં દરિયાના ખારા પાણીને નદીના મીઠા પાણીમાં ભળતું અટકાવવા 'ટાઈડલ રેગ્યુલેટર' તરીકે પણ આ ડેમનો વિનિયોગ થઈ શકે છે. ખેડૂતોની આવક વધારવી અને ગામડાંઓને સ્વાવલંબી બનાવવા માટે આ પ્રકારની ટેકનોલોજી મહત્ત્વપૂર્ણ સાબિત થશે. સરકારના આ અભિનવ પ્રયાસે ગુજરાતની ભૂખરી ધરતીને લીલી કરવાનું મજબૂત કવચ સ્થાપિત કર્યું છે.

# મેચ દરમિયાન બેન સ્ટોક્સના નિવૃત્તિની જાહેરાતનો વીડિયો જાહેર કરવા મામલે આઈસીસી નારાજ

## આઈસીસીએ ઈંગ્લેન્ડ અને વેલ્સ ક્રિકેટ બોર્ડને નોટીસ ફટકારી



નવીદિલ્હી,
ન્યૂઝીલેન્ડ સામેની ત્રીજી ટેસ્ટમાં ચોથા દિવસની રમત દરમિયાન મેચ દરમિયાન બેન સ્ટોક્સના નિવૃત્તિની જાહેરાતનો વીડિયો જાહેર કરવા અંગે આઈસીસીએ ઈંગ્લેન્ડ અને વેલ્સ ક્રિકેટ બોર્ડને પત્ર મોકલ્યો છે. નોટિંગહામ સ્ટેડિયમમાં કિવીઝ સામેની ત્રીજી ટેસ્ટમાં ચોથા દિવસની રમત શરૂ થાય તે પહેલાં બેન સ્ટોક્સે ડ્રેસિંગ રૂમમાં તેના સાથી ખેલાડીઓને નિવૃત્તિની જાહેરાત કરી. ઈસીબીએ આખી વાતચીતનો વીડિયો રેકોર્ડ કર્યો અને તેને બ્રોડકાસ્ટર સાથે શેર કર્યો. ચોથા દિવસે રમતના બીજા સત્રના અંત પહેલા સ્ટોક્સની નિવૃત્તિના સમાચાર જાહેર કરવામાં આવ્યા હતા, અને આ વીડિયો પણ ચલાવવામાં આવ્યો હતો.આઈસીસીએ હવે ઈસીબીને એક પત્ર મોકલ્યો છે જેમાં કહેવામાં આવ્યું છે કે ફૂટેજ પ્રકાશિત કરવાથી આંતરરાષ્ટ્રીય મેચોમાં પ્લેયર્સ અને મેચ ઓફિસિયલ્સ એરિયા માટે નિર્ધારિત ધોરણોનું ઉલ્લંઘન થાય છે.સ્પોર્ટ્સ અનુસાર, આ બાબતે ઈસીબીને આઈસીસીના પત્રમાં જણાવાયું છે કે પીએમઓએ (પ્લેયર્સ મેચ ઓફિસિયલ્સ એરિયા) ના કલમ ૨.૨.૧૧ માં જણાવાયું છે કે યજમાન બોર્ડે ખાતરી કરવી જોઈએ કે ટીમો દ્વારા વિડિયો કે ઓડિયો ફૂટેજ પ્રસારિત કરવા માટે ઉપયોગમાં લેવાતા કોઈપણ ડ્રેસિંગ રૂમમાં કોઈ ફિક્સ્ડ કે ટેમ્પરરી વિડિયો કેમેરા કે અન્ય રેકોર્ડિંગ સાધનો ઈન્સ્ટોલ ન કરવામાં આવે. આઈસીસીએ તેના પત્રમાં જણાવ્યું હતું કે ઈસીબીએ ટેસ્ટના અંત પહેલા સ્ટોક્સની વાતચીતના ફૂટેજ અને ઓડિયો રેકોર્ડ કરીને અને પ્રસારિત કરીને આ નિયમનું ઉલ્લંઘન કર્યું છે.આઈસીસીએ અગાઉ ઈસીબીને સલાહ આપી હતી કે પીએમઓએમાં શૂટ કરાયેલા કોઈપણ ફૂટેજમાં ઓડિયો હોવો જોઈએ નહીં અને મેચ પહેલા તેને રિલીઝ ન કરવો જોઈએ.

બેન સ્ટોક્સના નિવૃત્તિના વીડિયોને મેચ દરમિયાન રિલીઝ કરવા અંગે આઈસીસીના પત્ર અંગે ઈસીબી કે આઈસીસી દ્વારા કોઈ નિવેદન બહાર પાડવામાં આવ્યું નથી. ઈસીબીના ચેરમેન રિચાર્ડ થોમ્પસન આઈસીસીના ચેરમેન જય શાહ સાથે મળ્યા બાદ, ૫ જુલાઈના રોજ રમાયેલી મહિલા ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ ફાઈનલના એક દિવસ પહેલા આઈસીસીએ ઈસીબીને આ પત્ર મોકલ્યો હતો.

# સૌરવ ગાંગુલીનો ICC હોલ ઓફ ફેમમાં સમાવેશ



નવીદિલ્હી,
ભારતના ભૂતપૂર્વ કેપ્ટન સૌરવ ગાંગુલીને તેમના ૫૪મા જન્મદિવસે ૈંઝ્રઝ્ર હોલ ઓફ ફેમમાં સામેલ કરવામાં આવશે, જે ક્રિકેટના સર્વોચ્ચ વ્યક્તિગત સન્માનોમાંનો એક છે. આ સાથે, આ સાઉથપૉ આ સન્માન મેળવનાર ૧૨મો ભારતીય અને ૧૦મો ભારતીય પુરુષ ક્રિકેટર બનશે, જેનો ઔપચારિક સમાવેશ ૧૧ જુલાઈ, શનિવારના રોજે ૈંઝ્રઝ્ર સમારોહ દરમિયાન થશે, જે ગવર્નિંગ બોડીના વાર્ષિક પરિષદ પછી થશે.

ઉલ્લેખનીય છે કે, ગાંગુલી હોલ ઓફ ફેમમાં પહેલાથી જ સમાવિષ્ટ ભારતીય ક્રિકેટ મહાન ખેલાડીઓની પ્રતિષ્ઠિત યાદીમાં જોડાશે, જેમાં સુનિલ ગાવસ્કર, સચિન તેંડુલકર, રાહુલ દ્રવિડ, વીરેન્દ્ર સેહવાગ, બિશન સિંહ બેદી, કપિલ દેવ, અનિલ કુંબલે, વિનુ માંકડ, ડાયના એડુલજી, નીતુ ડેવિડ અને એમએસ ધોનીનો સમાવેશ થાય છે.ભૂતપૂર્વ ભારતીય કેપ્ટને સોશિયલ મીડિયા પર કૃતજ્ઞતાના સંદેશ સાથે આ જાહેરાત પર પ્રતિક્રિયા આપી, આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ અને તેના અધ્યક્ષ જય શાહનો આભાર માન્યો.

"મને હોલ ઓફ ફેમમાં સામેલ કરવા બદલ ૈંઝ્રઝ્ર અને ચેરમેન જય શાહનો આભાર. આ એક મોટું સન્માન છે.

# અભિષેક શર્માએ વાંધાજનક પોસ્ટ અને લિંક્સ દૂર કરવા માટે દિલ્હી હાઈકોર્ટમાં અરજી દાખલ કરી



મુંબઈ,
ભારતીય ક્રિકેટ ટીમના વિસ્ફોટક ઓપનિંગ બેટ્સમેન, અભિષેક શર્મા, જે હાલમાં ઈંગ્લેન્ડમાં રમાઈ રહેલી પાંચ મેચની ટી ૨૦ શ્રેણીમાં રમી રહ્યા છે, તેમણે દિલ્હી હાઈકોર્ટમાં સોશિયલ મીડિયા પર કરવામાં આવેલી વાંધાજનક પોસ્ટ્સ દૂર કરવા માટે અરજી દાખલ કરી હતી. આ કેસમાં અભિષેક શર્માનું પ્રતિનિધિત્વ કરતા તેમના વકીલે એક વધારાનું સોગંદનામું દાખલ કર્યું હતું જેમાં હજુ સુધી દૂર કરવામાં આવેલા યુઆરએલની વિગતો આપવામાં આવી હતી. આ બાબત અંગે, ન્યાયાધીશ જ્યોતિ સિંહે જણાવ્યું હતું કે તેઓ અભિષેક શર્મા દ્વારા દાખલ કરાયેલા કેસમાં તેમના વ્યક્તિત્વના અધિકારોનું રક્ષણ કરવા માટે વચગાળાનો આદેશ જારી કરશે.અભિષેક શર્માનું પ્રતિનિધિત્વ કરતા વકીલે જણાવ્યું હતું કે એક વધારાનું સોગંદનામું દાખલ કરવામાં આવ્યું હતું, જેમાં દૂર કરવાના બાકી રહેલા યુઆરએલની વિગતો આપવામાં આવી હતી. અભિષેક શર્માના વકીલે જણાવ્યું હતું કે કેટલીક પોસ્ટ પહેલાથી જ દૂર કરવામાં આવી છે, પરંતુ ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ પર બે પોસ્ટ અને બીજી પોસ્ટ, જેમાં અપમાનજનક ભાષા હતી, તે હજુ સુધી દૂર કરવામાં આવી નથી. તેમણે એમ પણ કહ્યું હતું કે ફ્લિપકાર્ટ અને એમેઝોને પણ અભિષેક શર્માના ફોટાનો ઉપયોગ તેમની પરવાનગી વિના વ્યાપારી હેતુઓ માટે કર્યો છે, જેને દૂર કરવો આવશ્યક છે. મેટાનું પ્રતિનિધિત્વ કરતા વકીલે જણાવ્યું હતું કે બંને સોશિયલ મીડિયા પોસ્ટ દૂર કરવામાં આવશે, જ્યારે એમેઝોનના વકીલે જણાવ્યું હતું કે તેઓ કોર્ટના આદેશનું પાલન કરશે અને તેમની પરવાનગી વિના અભિષેક શર્માના ફોટાનો ઉપયોગ કરતા યુઆરએલ દૂર કરશે.

ઈંગ્લેન્ડ સામે ચાલી રહેલી ટી ૨૦ શ્રેણીમાં અભિષેક શર્મા ફોર્મમાં રહ્યો છે, પરંતુ તે પોતાની ઈનિંગ લંબાવી શક્યો નથી. ટીમ ઈન્ડિયા પાસે હવે શ્રેણી ડ્રો પર પૂર્ણ કરવાની માત્ર એક જ તક છે.


# ફિફા વર્લ્ડ કપ ૨૦૨૬માં ગોલ્ડન બૂટ માટે મેસ્સી અને હોલેન્ડ વચ્ચે સ્પર્ધા



નવીદિલ્હી,
ફિફા વર્લ્ડ કપ ૨૦૨૬ માં, જ્યાં ૬૪ ટીમો ટાઈટલ માટે સ્પર્ધા કરી રહી હતી, ત્યાં ફક્ત ૮ ટીમો બાકી છે, અને ૫૬ ટીમો પહેલાથી જ તેમની સફર પૂર્ણ કરી ચૂકી છે. વર્લ્ડ કપનો ક્વાર્ટર-ફાઈનલ તબક્કો ૧૦ જુલાઈથી શરૂ થશે, અને બધાની નજર આ ઈવેન્ટ પર છે. ચાહકો પણ ગોલ્ડન બૂટની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે, જેમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન આર્જેન્ટિનાના કેપ્ટન લિયોનેલ મેસ્સી હાલમાં રેસમાં આગળ છે, પરંતુ કાયલિયન એમબાપ્પે અને એર્લિંગ હાલેન્ડ તરફથી સખત સ્પર્ધાનો સામનો કરવો પડી રહ્યો છે. ફિફા વર્લ્ડ કપમાં સૌથી વધુ ગોલ કરનાર ખેલાડીને ગોલ્ડન બૂટ આપવામાં આવે છે, જ્યારે બીજા અને ત્રીજા સ્થાને રહેલા ખેલાડીને સિલ્વર અને બ્રોન્ઝ બૂટ મળે છે.

આર્જેન્ટિનાએ રાઉન્ડ ઓફ ૧૬માં અસાધારણ રીતે સારું પ્રદર્શન કર્યું છે, જેમાં ઈજિપ્ત સામેની છેલ્લી મેચમાં ૨-૦થી વાપસી કરીને ૩-૨થી વિજય મેળવ્યો હતો અને ક્વાર્ટર ફાઈનલમાં સ્થાન મેળવ્યું હતું. લિયોનેલ મેસ્સીનો ગોલ, ત્રીજો ગોલ, આર્જેન્ટિનાની જીતમાં મહત્વપૂર્ણ સાબિત થયો. આ સાથે, તે ફરી એકવાર ટુર્નામેન્ટના ગોલ્ડન બૂટ માટેની રેસમાં ટોચના સ્થાને પહોંચી ગયો છે. મેસ્સીએ અત્યાર સુધીમાં આઠ ગોલ કર્યા છે, ત્યારબાદ કાયલિયન એમબાપ્પે સાત ગોલ અને બે આસિસ્ટ સાથે છે. નોર્વેના એર્લિંગ હાલેન્ડ ત્રીજા ક્રમે છે, બંનેએ સાત-સાત ગોલ કર્યા છે. ક્વાર્ટર ફાઈનલમાં, જ્યારે ત્રણેય ખેલાડીઓ તેમની ટીમોને સેમિફાઈનલમાં પહોંચવામાં મદદ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરશે, ત્યારે તેઓ ગોલ કરીને રેસમાં ટકી રહેવાનો પણ પ્રયાસ કરશે.મેસ્સીએ હજુ સુધી ગોલ્ડન બૂટ જીત્યો નથી.

# રોહિત શેટ્ટીનો શો ખતરોં કે ખિલાડી-૧૫ ઓગસ્ટના પહેલા અઠવાડિયામાં પ્રસારિત થશે



મુંબઈ,
'ખતરોં કે ખિલાડી ૧૫' મૂળ રીતે ૨૫ જુલાઈ, ૨૦૨૬ ના રોજ પ્રસારિત થવાનો હતો, પરંતુ ઈ બ્લેકઆઉટને કારણે સ્ટંટ-આધારિત રિયાલિટી શોને પાછળ ઠેલવામાં આવ્યો છે. ભારતના સૌથી લોકપ્રિય સ્ટંટ-આધારિત રિયાલિટી શોની નવી રિલીઝ તારીખની જાહેરાત માટે દર્શકો લાંબા સમયથી રાહ જોઈ રહ્યા હતા, અને તે આખરે આવી ગયું છે. નિર્માતાઓએ રોહિત શેટ્ટી દ્વારા હોસ્ટ કરાયેલા શોના પ્રીમિયર અંગે સોશિયલ મીડિયા પર એક ખાસ અપડેટ શેર કર્યું. તેમણે એક નવો પ્રોમો વિડીયો પણ પોસ્ટ કર્યો, જેમાં રમુજીથી લઈને ભયાનક દ્રશ્યો દર્શાવવામાં આવ્યા છે.રોહિત શેટ્ટી દ્વારા હોસ્ટ કરાયેલા 'ખતરોં કે ખિલાડી ૧૫' ને એક અઠવાડિયા માટે મુલતવી રાખવામાં આવ્યો છે. બહુપ્રતિક્ષિત રિયાલિટી શો હવે શનિવાર, ૧ ઓગસ્ટ, ૨૦૨૬ ના રોજ પ્રીમિયર થશે. નવી રિલીઝ તારીખની જાહેરાત કરતા, નિર્માતાઓએ સોશિયલ મીડિયા પર એક નવો પ્રોમો રિલીઝ કર્યો. તેને શેર કરતા, કલર્સ ટીવીએ લખ્યું, "તમે તમારા જીવન પર દાવ લગાવશો, કારણ કે ભયનો એક નવો યુગ શરૂ થઈ રહ્યો છે! ૧ ઓગસ્ટથી શરૂ થતા 'ખતરોં કે ખિલાડી ૧૫' ને દર શનિવાર અને રવિવારે રાત્રે ૯ વાગ્યે, ફક્ત કલર્સ અને જિયો હોટસ્ટાર પર જોઈ શકાશે

રોહિત શેટ્ટીના લોકપ્રિય શો "ખતરોં કે ખિલાડી ૧૫" માં ગૌરવ ખન્ના, રૂબીના દિલૈક, કરણ વાહી, રિત્વિક ધંજાની, અવિનાશ મિશ્રા, જસ્મીન ભસીન, હર્ષ ગુજરાલ, વિશાલ આદિત્ય સિંહ, અવિકા ગોર, શગુન શર્મા, ફરહાના ભટ અને સોશિયલ મીડિયા પર્સનાલિટી ઓરી સહિત અનેક મોટા સ્પર્ધકો ભાગ લેશે. આ સિઝનમાં ઘણા ભૂતપૂર્વ "ખતરોં કે ખિલાડી" સ્પર્ધકો પણ પરત ફર્યા છે, જે અનુભવી ડેરડેવિલ્સ અને નવા ચેલેન્જર્સનું રસપ્રદ મિશ્રણ બનાવે છે.

# અમે ફક્ત અલગ ઘરમાં રહેતા હતા : પ્રિન્સ નરુલા અને યુવિકા ચૌધરીએ છૂટાછેડાની અફવાઓ પર મૌન તોડ્યું



મુંબઈ,
કેટલાક સમયથી, પ્રખ્યાત સેલિબ્રિટી કપલ પ્રિન્સ નરુલા અને યુવિકા ચૌધરીના લગ્ન જીવન અંગે સોશિયલ મીડિયા અને મીડિયા વર્તુળોમાં છૂટાછેડાની અફવાઓ ફેલાઈ રહી છે. હવે, પહેલીવાર, સ્ટાર કપલે આ અફવાઓ વિશે ખુલ્લેઆમ વાત કરી છે અને પોતાનું મૌન તોડ્યું છે. નેહા ધૂપિયા અને અંગદ બેદીના ટોક શો "ડબલ ડેટ" માં હાજરી આપતા, પ્રિન્સ અને યુવિકાએ સમજાવ્યું કે કેવી રીતે એક નાની ગેરસમજ ગંભીર બાબતમાં પરિણમી. તેઓએ તેમની ગર્ભાવસ્થા, પ્રસૂતિ પછીના માનસિક તણાવ અને તેમના જીવનના સૌથી મુશ્કેલ તબક્કા વિશે હૃદયસ્પર્શી વાર્તાઓ પણ શેર કરી.છૂટાછેડાની અફવાઓ વિશે સત્ય જાહેર કરતા, પ્રિન્સ નરુલાએ ખુલાસો કર્યો કે લોકોએ તેમના એક વ્લોગમાંથી નિવેદનને સંપૂર્ણપણે સંદર્ભની બહાર લીધું હતું. પ્રિન્સે કહ્યું કે તે તેમના માટે ખૂબ જ તણાવપૂર્ણ સમય હતો. તે પોતાના નવા ઘર પર કામ કરી રહ્યો હતો અને સાથે સાથે પોતાના વ્યાવસાયિક જીવનનું પણ સંચાલન કરી રહ્યો હતો. પ્રિન્સ ઈચ્છતો હતો કે તેનું બાળક નવા ઘરમાં રહે. નવીનીકરણને કારણે, ઘણી બધી ધૂળ અને ગંદકી હતી, જેનો અનુભવ યુવિકાને થઈ શકે છે, તેથી પ્રિન્સે તેણીને થોડા સમય માટે તેના માતાપિતાના ઘરે જવાની સલાહ આપી. દરમિયાન, એક વ્લોગમાં, પ્રિન્સે કહ્યું, "અમે હવે સાથે નથી રહેતા," જેનો સીધો અર્થ એ થયો કે અંતરને કારણે તેઓ અલગ ઘરમાં રહેતા હતા, પરંતુ લોકો માની રહ્યા હતા કે તેમનો સંબંધ સમાપ્ત થઈ ગયો છે. આ દંપતીએ કહ્યું કે શરૂઆતમાં તેઓ આ અફવાઓથી નારાજ હતા, પરંતુ પછીથી તેમને ખ્યાલ આવ્યો કે તેમને બહારની દુનિયા સમક્ષ પોતાને સમજાવવાની જરૂર નથી.

માતા બન્યા પછીના પોતાના અનુભવોની ચર્ચા કરતા, યુવિકા ચૌધરીએ ડિલિવરી પછી થતા શારીરિક અને માનસિક ફેરફારો વિશે સ્પષ્ટતાથી વાત કરી. તેણીએ સમજાવ્યું કે આ યાત્રા માનસિક અને શારીરિક બંને રીતે ખૂબ જ પડકારજનક હતી. વજન વધવાને કારણે તેનો આત્મવિશ્વાસ ઘટી ગયો હતો, અને તે પોતાની અંદર એક વિચિત્ર યુદ્ધ લડી રહી હતી. યુવિકાના મતે, તે સમયે, વ્યક્તિ પોતાની લાગણીઓ સાથે સંઘર્ષ કરી રહી હોય છે, બહારની દુનિયાને ભૂલી રહી હોય છે. ક્યારેક તમે અપેક્ષા રાખો છો કે કોઈ તમને સમજે અને સાંત્વના આપે, પરંતુ વાસ્તવમાં, તે ખૂબ જ વ્યક્તિગત યાત્રા છે.


શો દરમિયાન, જ્યારે અંગદ બેદીએ યુવિકાને પૂછ્યું કે તેણીએ તેને કેવી રીતે દૂર કરી, ત્યારે યુવિકા તેના આંસુ રોકી શકી નહીં અને ભાંગી પડી. તેણીએ તેને તેના જીવનનો સૌથી મુશ્કેલ સમય ગણાવ્યો.

## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ગી | ત | જ્ઞા | મ | દ | મ | દ | ગ | ણ | બૂ | ક્ષ | ન |
| ગ | ક | ઇ | ન | ભો | લ | ર | તુ | મા | દા | કા | કા |
| ગુ | ઝ | ર | આ | ઇ | ળ | ગુ | સા | અ | ક્રો | ભો | ળો |
| લા | ભો | લ | શ | કુ | મ | બિ | ભો | ક | ગુ | ચા | સા |
| મ | બિ | ભા | કા | ના | ડો | ળ | ત | મા | અ | મ | ધ |
| જ્ઞા | કુ | સા | મ | વિ | ણિ | હા | ન | ચ | ક | ચા | ર |
| ધ | બ | ઊ | સા | પ્રા | એ | ર | હા | ઉ | કી | દ | ડ |
| તા | પ | સ | ચી | શિ | જી | પ્રા | મ | એ | ચ | મ | ઊ |
| સ | ભા | લ | ર | વા | ળ | ધ | અ | મ | રી | દ | કુ |
| બિ | રા | સા | ર | ઈ | જ | હિ | ચી | દ | બા | દ | ડ |
| સ | ગી | તુ | ક્રો | ગ | બં | ધ | કા | મા | ર | મ | ણે |
| મા | કા | ક | લ | ન | ફ | કા | આ | દ | રો | ઈ | ગ |

શબ્દ શોધો
ગઝલ, ગુમનામ, ગુમાન, ગુલામ, ચકચાર, ચમચી, જ્ઞાન, ડમરી, ડમરો, તાપસ

# લોક અપ -૨માં આકાંક્ષા ચૌધરીએ શ્રેયા કાલરાને ધમકી આપી



મુંબઈ,
'લોક અપ ૨' ના તાજેતરના એપિસોડમાં આકાંક્ષા ચૌધરી અને શ્રેયા કાલરા વચ્ચે ઉગ્ર દલીલ થઈ. પરિસ્થિતિ એટલી વણસી ગઈ કે આકાંક્ષાએ તેના સાથી સ્પર્ધકની કારકિર્દી બરબાદ કરવાની ધમકી પણ આપી. આ ઉગ્ર દલીલ ત્યારે શરૂ થઈ જ્યારે શ્રેયાએ એક ટાસ્ક દરમિયાન આકાંક્ષાને ઈજા પહોંચાડી, જેના કારણે તેના નાક પર ખંજવાળ આવી ગઈ. ગુસ્સે થઈને, "સ્પ્લિટ્સવિલા ૧૬" ફેમ આકાંક્ષાએ શિલ્પા શિંદેની પણ ટીકા કરી અને "બિગ બોસ ૧૧" માં તેની જીત પર સવાલ ઉઠાવ્યા.

આકાંક્ષા ચૌધરીને હોસ્ટ દ્વારા ડિજિટલ કેન્ટીનને સ્પર્શ કરવાની મનાઈ ફરમાવી હતી, પરંતુ તેણીએ આ નિયમનું ઉલ્લંઘન કર્યું. શ્રેયાએ તેને રોકવાનો પ્રયાસ કર્યો ત્યારે તેણીએ તેના પર કાબુ મેળવ્યો, અને શ્રેયાએ આકસ્મિક રીતે આકાંક્ષા ચૌધરીને માર માર્યો. આ ઘટના બાદ, ગુસ્સે થયેલી આકાંક્ષાએ શ્રેયાને કહ્યું, "જો હું બહાર હોત, તો મેં તને કૂતરાની જેમ માર માર્યો હોત." એપિસોડ પ્રસારિત થયા પછી તરત જ, આકાંક્ષા અને શ્રેયાની લડાઈ ઈન્ટરનેટ પર ચર્ચાનો વિષય બની ગઈ, જેના કારણે લોક અપ સીઝન ૨ ના સ્પર્ધકોમાં હલચલ મચી ગઈ, ઘણા દર્શકોએ આકાંક્ષાના વર્તનની ટીકા કરી.

"લોક અપ ૨" માં, શ્રેયા અન્ય સ્પર્ધકો સાથે વાત કરી રહી છે ત્યારે આકાંક્ષા યોગેશ રાવત સાથે બેઠી છે. આકાંક્ષા ફરીથી ગુસ્સે થઈ જાય છે, કહે છે, "હું કરાર દ્વારા બંધાયેલી છું, નહીં તો હું બચી શકીશ નહીં."

# રાઘવ જુયાલ આગામી કોમેડી ફિલ્મ ભાઈ તેરા સ્ટાર હૈમાં ભ્રામક વ્યક્તિની ભૂમિકામાં જોવા મળશે




મુંબઈ,
ગયા મહિને જ્યારે રાઘવ જુયાલે પ્રભાવશાળી અભિનેત્રી નિહારિકા એનએમ સાથેના હૂંફાળા ફોટા પોસ્ટ કર્યા, ત્યારે અનુમાન લગાવવાની રમતો શરૂ થઈ ગઈ. કેટલાકને આશ્ચર્ય થયું કે શું તેઓ ડેટિંગ કરી રહ્યા છે, જ્યારે કેટલાકને લાગ્યું કે તે કદાચ ફિલ્મની જાહેરાત માટે હશે. જોકે, થોડીવાર પછી, રાઘવે તેની નવી ફિલ્મ ભાઈ તેરા સ્ટાર હૈની જાહેરાત કરી, અને ચાહકોને તેમનો જવાબ મળી ગયો. આ ફિલ્મ ૩૦ જુલાઈએ રિલીઝ થવાની છે, જે બોક્સ ઓફિસ પર હોલીવુડની મહાન ફિલ્મ, સ્પાઈડર-મેનઃ બ્રાન્ડ ન્યૂ ડે સાથે ટકરાશે.ભાઈ તેરા સ્ટાર હૈનું ટ્રેલર રિલીઝ રાઘવ જુયાલ તેની આગામી ફિલ્મ, ભાઈ તેરા સ્ટાર હૈમાં મુખ્ય ભૂમિકા ભજવે છે, જ્યાં તે "ભ્રામક અભિનેતા" ની ભૂમિકા ભજવે છે. ૯ જુલાઈએ રિલીઝ થયેલ ટ્રેલર નાયકની વિચિત્ર દુનિયાની ઝલક આપે છે, જે જીવનને એક ફિલ્મ તરીકે જુએ છે, અને તે, તેમાં અભિનેતા. ટ્રેલર શેર કરતા, નિર્માતાઓએ લખ્યું, "ગુગલ પર 'સ્ટાર' શોધ કરવા કી જરૂરત નહીં! હમ ટ્રેલર મેં સારે લે આયે હૈં." તેમણે ફિલ્મને "કોન્ફિડન્સઃ ફુલ", "પ્લાનિંગઃ ઝીરો" અને "એન્ટરટેઈનમેન્ટઃ ૧૦૦" તરીકે વર્ણવીને એક મજેદાર ટ્વિસ્ટ ઉમેર્યો, અને પછી જાહેરાત કરી કે "ભાઈ તેરા સ્ટાર હૈ"નું ટ્રેલર હવે રિલીઝ થઈ ગયું છે.

# જામનગરમાં આશા વર્કર બહેનોએ વિવિધ પ્રશ્નોના નિરાકરણ માટે પાઠવ્યું આવેદનપત્ર




તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : અખિલ ભારતીય આશા કર્મચારી મહાસંઘ (ભારતીય મજૂર સંઘ)ના બેનર હેઠળ ગુરુવારે જામનગર ખાતે આશા વર્કર બહેનોએ પોતાની વિવિધ પડતર માંગણીઓના નિરાકરણ માટે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું હતું. આ આવેદનપત્ર જિલ્લા કલેક્ટર મારફતે ભારતના વડાપ્રધાન, કેન્દ્રીય આરોગ્ય મંત્રી તેમજ ગુજરાતના મુખ્યમંત્રીને મોકલવામાં આવ્યું હતું. મહાસંઘના જણાવ્યા મુજબ તાજેતરમાં પુણે ખાતે યોજાયેલી રાષ્ટ્રીય કાર્યસમિતિની બેઠકમાં દેશભરના વિવિધ રાજ્યોમાંથી આવેલા હોદ્દેદારોએ આશા કર્મચારીઓના પ્રશ્નો અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી. અગાઉ ૭ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ પણ દેશભરના જિલ્લા મથકો ખાતે એક દિવસીય ધરણા-પ્રદર્શન કરીને માંગણીઓ રજૂ કરવામાં આવી હતી. તેમ છતાં આજદિન સુધી પ્રશ્નોનું સંતોષકારક નિરાકરણ ન આવતા ફરીથી આવેદનપત્ર આપવામાં આવ્યું છે. આશા વર્કર બહેનોએ સરકાર સમક્ષ રજૂઆત કરી છે કે આશા કર્મચારીઓની લાંબા સમયથી બાકી રહેલી માંગણીઓનો તાત્કાલિક ઉકેલ લાવવામાં આવે તેમજ તેમના હિતમાં યોગ્ય અને સકારાત્મક નિર્ણય લેવામાં આવે.

જેઓની મુખ્ય માંગણીઓમાં આશા કર્મચારીઓના પડતર પ્રશ્નોનો તાત્કાલિક ઉકેલ લાવવામાં આવે. આશા યોજના હેઠળ કાર્યરત કર્મચારીઓને યોગ્ય વેતન અને સેવાકીય સુરક્ષા આપવામાં આવે., અગાઉ રજૂ કરાયેલા માંગપત્ર પર વહેલી તકે યોગ્ય કાર્યવાહી કરવામાં આવે., આશા કર્મચારીઓના હિતમાં સ્થાયી અને કલ્યાણકારી નીતિઓ અમલમાં મુકવામાં આવે. આ પ્રસંગે મહાસંઘના હોદ્દેદારો તથા આશા વર્કર બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## જામ્યુકોની ટીપી શાખાને ગત વર્ષે ૮૮ કરોડની આવક

જામનગર : જામનગર મહાનગરપાલિકાની ટાઉન પ્લાનિંગ શાખા દ્વારા અંદાજે રૂપીયા ૮૮ કરોડની વિવિધ વિકાસ કામોની મંજુરીઓ અંતર્ગત ગત વર્ષમાં આવક થઈ છે. જે આ પહેલાના નાણાકીય વર્ષ કરતા દશ કરોડ જેટલી વધી હોવાનું આંકડાઓ પરથી ફલિત થાય છે.

ગત નાણાકીય વર્ષ એટેલે કે પહેલી એપ્રિલ ૨૦૨૫ થી ૩૧ માર્ચ ૨૦૨૬ સુધીમાં જામનગર મહાનગરપાલિકાની ટાઉન પ્લાનિંગ શાખાને આશરે રૂપીયા ૮૮ કરોડ જેટલી આવક પ્રાપ્ત થઈ હતી, જ્યારે વર્ષ બે માં પણ નોંધપાત્ર આવક થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. આ આવકના આધારે શહેરના વિકાસકાર્યોને ગતિ આપવામાં આવી રહી છે. આ આવકએ નગરના લોકો દ્વારા બાંધકામ વિકાસ વધ્યાનો માપદંડ ગણાય છે. નાણાકીય વર્ષ દરમિયાન ૩૯ લેઆઉટ મજુર કરવામાં આવ્યા તો હાઈરાઈઝ અને લો રાઈઝ ઈમારતોમાં ઓનલાઈન ૨૩ મંજૂરીઓ જયારે ઓફલાઈન ૨૧ મંજુરીઓ આપવામાં આવી છે. ઈમ્પેક્ટ ફી અંગેની કાર્યવાહીમાં ૧૭ ઓક્ટોબર ૨૦૨૨ થી ૩ માર્ચ સુધીમાં ૫૦૪૨ અરજીઓ મંજુર કરવામાં આવી જયારે કારણો યોગ્ય ના જણાઈ આવતા ૭૫૨૨ અરજીઓ રીજેક્ટ કરી દેવામાં આવી છે. જયારે ઈમ્પેક્ટ અંગેની પેન્ડીંગ અરજીઓની સંખ્યા ૧૮૪૬ની છે.

## જામનગરના યુવા ફિલ્મમેકર કૃશાંગ વડગામાની શોર્ટ ફિલ્મને રાષ્ટ્રીય સન્માન



જામનગર : જામનગરના યુવા ફિલ્મમેકર કૃશાંગ વડગામાની શોર્ટ ફિલ્મ "લોસ્ટ એન્ડ ફાઉન્ડ"ને વધુ એક મોટી સિદ્ધિ મળી છે. પુણે, મહારાષ્ટ્ર ખાતે યોજાયેલા ગ્લોબલ ઈન્ડિયા ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલમાં ફિલ્મને 'બેસ્ટ ડ્રામા ૨૦૨૬ – શોર્ટ ફિલ્મ' એવોર્ડથી સન્માનિત કરવામાં આવી છે.

આ સમગ્ર ફિલ્મનું શૂટિંગ જામનગરમાં કરવામાં આવ્યું છે. ફિલ્મને અત્યાર સુધી ૧૧થી વધુ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ફિલ્મ ફેસ્ટિવલ્સમાં ઓફિશિયલ સિલેક્શન મળ્યું છે અને વિવિધ મંચો પર પ્રદર્શિત કરવામાં આવી છે.

ફિલ્મમાં જાણીતા સ્વર્ગસ્થ ગુજરાતી અભિનેતા જય વિઠલાણીના પુત્ર દર્શ વિઠલાણી, યોગ ધ્રુવે અને સુગ્નેશ ભટ્ટ મુખ્ય ભૂમિકામાં જોવા મળે છે.

આ ફિલ્મની સૌથી ખાસ વાત એ છે કે કૃશાંગ વડગામાએ એકલા હાથે ફિલ્મના લેખન, દિગ્દર્શન, સિનેમેટોગ્રાફી, એડિટિંગ, ડી.આઈ., સાઉન્ડ ડિઝાઈનિંગ અને પ્રોડક્શન સહિતની તમામ મહત્વની જવાબદારીઓ નિભાવી છે.

ફિલ્મ હાલમાં યુટ્યુબ પર ઉપલબ્ધ છે, જેથી દર્શકો તેને નિહાળી શકે છે. ઉપરાંત, કૃશાંગ વડગામા જામનગરના પ્રથમ એવા દિગ્દર્શક બન્યા હોવાનું જણાવવામાં આવે છે જેમની ફિલ્મ સ્ફ્લ્ હ પર નોંધાઈ છે. આ સિદ્ધિ જામનગરના ફિલ્મક્ષેત્ર માટે ગૌરવની બાબત માનવામાં આવી રહી છે.

## સ્વામી વિવેકાનંદ સોસાયટીના ડીફોલ્ટર સભાસદને ૬ માસની સજા

જામનગર : જામનગરની સ્વામી વિવેકાનંદ ક્રેડીટ કો.ઓપરેટીવ સોસાયટીના લોનધારક ચિરાગ અરવિંદભાઈ રાઠોડે સોસાયટીમાંથી લોન લીધેલ હતી. આ લોન ભરપાઈ કરવા આરોપીએ ચેક આપેલ અને સોસાયટીએ ચેક બેંકમાં ડિપોઝીટ કરતા ચેક રીટર્ન થયેલ જેથી સોસાયટીના વકીલ દ્વારા કાયદેસરની નોટીસ આપવામાં આવેલ તેમ છત્તા સોસાયટીના ચેક મુજબની રકમનું લેણું ભરાયેલ ન હોય તેથી નેગોશીએબલ ઈન્સટ્રુમેન્ટ એક્ટ - ૧૩૮ અન્વયે આરોપી વિરુધ કોર્ટ સમક્ષ ફરીયાદ દાખલ કરેલ હતી અને સમન્સ મળતા આરોપી કોર્ટ સમક્ષ હાજર થયેલા હતો.

આ કેસ આગળ ફરીયાદી પક્ષના પુરાવાઓ અને સોસાયટીના વકીલની દલીલોને ધ્યાને લઈ આ કામના આરોપીને તકસીરવાન ઠરાવવામાં આવેલ હતો અને આરોપીને ૬ માસની જેલની સજા તેમજ રકમ રૂ ૧૩,૫૫૧ નો દંડ તેમજ આરોપી ગેરહાજર હોવાથી વોરંટ ઈસ્યુ કરવા કરવાનો હુકમ કરવામાં આવેલ છે. આ કેસમાં ફરીયાદી તરફે વકીલ મિતેષભાઈ એલ.પટેલ, મણીલાલ જી. કાલસરીયા, ગૌરાંગભાઈ જી. મુંજપરા, હરજીવનભાઈ એમ. ધામેલીયા, જયદીપસિંહ જાડેજા રોકાયા હતા.

## ઓખા તથા બેટ દ્વારકા પ્રાથમિક શાળામાં શાળા પ્રવેશોત્સવ યોજાયો





દ્વારકા : રાજ્યમાં ઉજવાઈ રહેલ શાળા પ્રવેશોત્સવ અંતર્ગત ગઈકાલે ઓખા ગ્રામ પંચાયત હાઈસ્કૂલ, કન્યા શાળા તેમજ બેટ દ્વારકા પ્રાથમિક શાળાઓમાં ઉત્સાહભેર પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો હતો. ઓખા મરીન સેકટરના અધિકારીઓની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયેલ કાર્યક્રમમાં આંગણવાડીથી હાઈસ્કૂલ સુધીના નવા એડમીશન લીધેલ વિદ્યાર્થીઓને સ્વાગત કીટ આપી આવકારવામાં આવ્યા હતા. મરીન ટાસ્કના અધિકારીગણે વિદ્યાર્થીઓ સાથે સંવાદ યોજી પ્રેરિત કર્યા હતા. શાળા પ્રાંગણમાં અધિકારીગણ દ્વારા વૃક્ષારોપણ કરી પર્યાવરણ જાગૃતિનો સંદેશ આપ્યો હતો.

## રાવલ નગરપાલિકા ખાતે 'જનકલ્યાણ શિબિર'માં લાભાર્થીઓને લાભ વિતરણ



દ્વારકા : દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જામ-રાવલ નગરપાલિકા ખાતે "૧૨ વર્ષ વિશ્વાસના, વિકાસના, જન કલ્યાણના" અને વિકસિત ભારત સંકલ્પજ૨૦૨૭ની ઉજવણીરૂપે જન કલ્યાણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. શિબિરમાં મહાનુભાવોના હસ્તે વિવિધ યોજનાઓના લાભાર્થીઓને મંજૂરી પત્રો, પ્રમાણપત્રો તથા સહાયના લાભો અર્પણ કરવામાં આવ્યા હતા. ઉપસ્થિત નાગરિકોએ રાજ્ય અને કેન્દ્ર સરકારની જનકલ્યાણકારી યોજનાઓ અંગે માહિતી મેળવી અને વિવિધ સેવાઓનો લાભ લીધો હતો. આ શિબિરમાં લાભાર્થીઓને વ્હાલી દીકરી યોજના, લખપતિ દીદી યોજના, નમોશ્રી યોજના, પી.એમ.જે.એ.વાય. યોજના, રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના, નિરાધાર વૃદ્ધ અને દિવ્યાંગો માટેની આર્થિક સહાય યોજના, ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજના, આધાર કાર્ડ સેવા સહિત અન્ય વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભો તથા સેવાઓ પૂરી પાડવામાં આવી હતી. આ પ્રસંગે પદાધિકારીઓ, ગ્રામજનો સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

## જામનગરમાંથી બાઈકની ઉઠાંતરી

જામનગર : જામનગરના ગુલાબનગર વિસ્તારમાંથી કોઈ તસ્કર બાઈકની ઉઠાંતરી કરી લઈ ગયાની ફરિયાદ નોંધાવવામા આવતા પોલીસે સ્થળપર દોડી જઈ આગળની કાર્યવાહી આરંભી હતી.

મળતી માહિતી મુજબ ગુલાબનગર વિસ્તારમાં સતવારા સમાજની વાડીની પાસે રહેતા પ્રકાશભાઈ જયસુખભાઈ ચૌહાણની માલિકીનું જી. જે. ૧૦ ડી. એલ. ૩૦૬૮ નંબરનું બાઈક પોતાના ઘેર પાસેથી કોઈ તસ્કર ચોરી કરી લઈ ગયાની તેણે સિટી બી ડિવિઝન પોલીસ દફતરે ફરિયાદ નોંધાવી છે.

## ડ્રોપ આઉટ દીકરીના ઘરે જઈ પુનઃ અભ્યાસ શરૂ કરવા પરિવારને સમજણ આપતા શિક્ષણ મંત્રી

જામનગર : ગુજરાત સરકાર દ્વારા રાજ્યના છેવાડાના માનવી સુધી શિક્ષણનો ઉજાસ પહોંચાડવા અને એક પણ બાળક ભણતરથી વંચિત ન રહે તે માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ જ દિશામાં માનવીય સંવેદના અને બાળકોના શિક્ષણ માટે પ્રતિબધ્ધતાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડતા રાજ્યના પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રી રિવાબા જાડેજાએ તેમની સુરેન્દ્રનગર જિલ્લાની મુલાકાત દરમિયાન એક ડ્રોપ આઉટ દીકરીના ઘર સુધી રૂબરૂ જઈને તેને પુનઃ વિદ્યા પ્રાપ્તિના માર્ગે લાવી એક પ્રસંશનીય ઉદાહરણ પ્રસ્તુત કર્યું હતું.

સુરેન્દ્રનગરના દાળમીલ રોડ, શક્તિ માતા મંદિર પાસે રહેતા મુકેશસિંહ જાડેજાના દિકરી દેવયાનીબાએ કોઈ કારણોસર અભ્યાસ છોડી દીધો હોવાની મંત્રીને જાણ થઈ હતી. શિક્ષણ મંત્રી પ્રોટોકોલની પરવા કર્યા વિના સીધા જ દિકરીના નિવાસસ્થાને રૂબરૂ પહોંચ્યા હતા. રાજ્ય સરકારના મહત્વાકાંક્ષી 'બેક ટુ સ્કૂલ' અભિયાન અંતર્ગત મંત્રીએ દિકરી દેવયાનીબાની બાજુમાં બેસીને અત્યંત આત્મીયતા અને સ્નેહપૂર્વક સંવાદ સાધ્યો હતો.





દિકરી પાસે કયા સંજોગોમાં તેણે અભ્યાસ છોડવો પડ્યો હતો તેની વિગતો જાણી, તેના પરિવારને દિકરીના ઉજ્જવળ ભવિષ્ય માટે શિક્ષણનું મહત્વ સમજાવ્યું હતું.

શિક્ષણ મંત્રીના ઉષ્માભર્યા અભિગમ અને પ્રેમપૂર્વક આપેલી સમજણનીદીકરી તેમજ તેના પરિવારજનો પર હકારાત્મક અસર થઈ અને જેના પરિણામે તેમણે ધોરણ-૯ માં પુનઃ અભ્યાસ શરૂ કરવા માટે ઉત્સાહભેર સંમતિ દર્શાવી હતી. મંત્રીની આ મુલાકાતથી ગદગદિત થયેલી દીકરી દેવયાનીબાએ નવી આશા સાથે જણાવ્યું હતું કે, આજે શિક્ષણ મંત્રી રિવાબા જાડેજા મેડમ મને રૂબરૂ મળવા આવ્યા. તેમણે મને ખૂબ પ્રેમથી અભ્યાસ ચાલુ રાખવા અને તેની મારા જીવન પરની અસરો વિશે સમજાવી હતી. અમારી વચ્ચે ખૂબ જ સકારાત્મક ચર્ચા થઈ છે. આજના સમયમાં ખાસ કરીને દીકરીઓ માટે ભણવું ખૂબ જ જરૂરી છે, અને હવે હું આવતીકાલથી જ પૂરા ઉત્સાહ અને ગંભીરતા સાથે શાળાએ જઈને મારું ભણતર ફરી શરૂ કરીશ.

આ મુલાકાત દરમિયાન શિક્ષણ મંત્રીએ દીકરી દેવયાનીબાને નવા શૈક્ષણિક સત્રના ધોરણ-૯ ના પાઠ્યપુસ્તકોનો સેટ પોતાના હસ્તે આપી મોં મીઠું કરાવ્યું હતું અને આગળ વધવાના આશીર્વાદ આપ્યા હતા.

### શિક્ષણ ક્ષેત્રે ઘડી ડીટર્જન્ટનું સરાહનીય યોગદાન

## દ્વારકાની શાળાઓના ૩૯૭૮ વિદ્યાર્થીઓને ૧૯૮૯૦ નોટબુક્સનું વિતરણ





દ્વારકા : સમાજ પ્રત્યેની પોતાની જવાબદારી નિભાવતા કુરંગા ગામ સ્થિત ઘડી ડીટર્જન્ટ દ્વારા શિક્ષણ ક્ષેત્રે સતત સેવાકીય પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી રહી છે. દર વર્ષની મુજબ આ વર્ષે પણ ઈર્જાન વેલ્ફેર ફાઉન્ડેશનના માધ્યમથી દેવભૂમિ દ્વારકા જિલ્લાના અંદાજે ૩૭ જેટલી શાળાઓના અંદાજે ૩,૯૭૮ વિદ્યાર્થીઓને કુલ ૧૯,૮૯૦ નોટબુક્સનું વિતરણ કરવામાં આવ્યું છે.

આ પહેલનો મુખ્ય હેતુ ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓમાં શિક્ષણ પ્રત્યે વધુ રસ અને ઉત્સાહ જાગૃત કરવાનો તેમજ તેમને અભ્યાસ માટે જરૂરી શૈક્ષણિક સામગ્રી ઉપલબ્ધ કરાવી પ્રોત્સાહિત કરવાનો છે. નોટબુક વિતરણ કાર્યક્રમથી વિદ્યાર્થીઓમાં આનંદ અને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. શાળાના આચાર્યો, શિક્ષકો તેમજ સ્થાનિક આગેવાનો અને ગ્રામજનોએ શિક્ષણ પ્રત્યેની આ સંવેદનશીલ અને સમાજલક્ષી પહેલ બદલ ઘડી ડીટર્જન્ટ, RSPL વેલ્ફેર ફાઉન્ડેશન તથા કંપનીના કર્મચારીઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

## દ્વારકામાં જુગાર રમતા છ શખ્સની અટકાયત

દ્વારકા : દ્વારકા શહેરમાં ત્રણ જગ્યાએ સ્થાનિક પોલીસે દરોડો પાડી એકીબેકી નામનો જુગાર રમતા છ શખ્સને ઝડપી લઇ સ્થળપરથી રૂ. ૩૩૬૦ ની રોકડ રકમ કબ્જે લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મળતી માહિતી પ્રમાણે દ્વારકા શહેરમાં રૂક્ષ્મણી ગેટ પાસે જાહેરમાં ચલણી નોટો ઉપર એકીબેકી નામનો જુગાર રમતા અજય દિલીપભાઈ કાવતાણીયા અને વિજય સુખાભાઈ ખાવડીયા નામના બન્ને શખ્સને સ્થાનિક પોલીસે રૂ. ૧૪૦૦ ની રોકડ રકમ સાથે ઝડપી લીધા હતા.

જ્યારે દ્વારકાના રૂપેણબંદર વિસ્તારમાં અન્ય એક દરોડામાં પોલીસે જાહેરમાં ચલણી નોટો ઉપર એકીબેકી નામનો જુગાર રમતા રોહિત ધીરુભાઈ વાઘેલીયા અને રાજુ કરસનભાઈ કાવઠીયા નામના બન્ને શખ્સને રૂ. ૯૭૦ ની રોકડ રકમ સાથે ઝડપી લીધા હતા. ઉપરાંત આ જ વિસ્તારમાં જાહેરમાં ચલણી નોટો ઉપર એકીબેકી નામનો જુગાર રમતા વિક્રમ જીગાભાઈ સાથળિયા અને ભાવેશ રમેશભાઈ વાસાણી નામના બન્ને શખ્સને રૂ. ૯૯૦ ની રોકડ રકમ સાથે ઝડપી લીધા હતા.

## ધ્રોલમાં પખવાડિયા પહેલાં સર્જાયેલા અકસ્માતમાં ટ્રક ચાલક સામે ગુનો નોંધાયો

ધ્રોલ (સંજય ડાંગર) : જામનગર–રાજકોટ હાઈવે પર સોયલ ઊંડ નદીના પુલ નજીક ગત ૨૪ જૂનના રોજ રાત્રે સર્જાયેલા ગંભીર માર્ગ અકસ્માત મામલે ધ્રોલ પોલીસે ટ્રક ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, વાવડી ગામના ખેડૂત જમનભાઈ ભગાભાઈ ડાંગરે ફરિયાદ નોંધાવી છે કે, ૨૪ જૂનના રોજ ટ્રક નંબર GJ-36-T-5701 ફેઈલ થતાં તેના ચાલકે ટ્રકને હાઈવે પર જ કોઈપણ પ્રકારની સેફ્ટી વ્યવસ્થા કર્યા વિના છોડી દીધી હતી. ટ્રકની પાર્કિંગ લાઈટ ચાલુ રાખવામાં આવી નહોતી તેમજ પાછળ રિફ્લેક્ટર કે અન્ય ચેતવણીના સાધનો પણ મૂકવામાં આવ્યા નહોતા.

આ દરમિયાન ફરિયાદીના ભત્રીજા મનવીરભાઈ પોતાની મોટરસાયકલ નંબર GJ-36-K-8564 લઈને ત્યાંથી પસાર થઈ રહ્યા હતા. અંધારામાં રોડ પર ઊભેલી ટ્રક નજરે ન પડતાં તેમની બાઈક ટ્રકના પાછળના ભાગે અથડાઈ હતી. અકસ્માતમાં મનવીરભાઈને મોઢાના ભાગે ગંભીર ઈજાઓ તેમજ દાઢી અને છાતીની પાંસળીમાં ફ્રેક્ચર થયું હતું. આ બનાવ અંગે અકસ્માતના આશરે પખવાડિયા બાદ ધ્રોલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા પોલીસે ટ્રક ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હેડ કોન્સ્ટેબલ જે.કે. દલસાણીયા ચલાવી રહ્યા છે.

### હેપ્પી બર્થ-ડે


## ધ્રોલના પીએસઆઈ એમ.એમ. કુંભરવાડીયાનો આજે જન્મદિવસ



ધ્રોલ પોલીસ મથકમાં અગાઉ ફરજ બજાવી ચૂકેલા અને હાલ જામનગર સીટી 'સી' ડિવિઝન પોલીસ મથકમાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સપેક્ટર એમ. એમ. કુંભરવાડિયાનો આજે ૩૪ વર્ષ પૂર્ણ કર્યા છે. તેમના જન્મદિવસ નિમિત્તે શુભેચ્છાઓનો પાઠવવામાં આવી રહી છે. તેમના મોબાઈલ નંબર ૯૮૨૪૪ ૫૮૧૩૪ છે.

# મહાદેવ બુક એપ ગેમ્બલિંગ કેસમાં સીબીઆઈએ ૬ ચાર્જશીટ દાખલ કરી

## સીબીઆઈએ મુખ્ય સુત્રધાર સૌરભ ચંદ્રાકર અને રવિ ઉપ્પલ તેમજ જેમના વિરુદ્ધ અગાઉ ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી તેમના વિરુદ્ધ વધારાના પુરાવા પણ રજૂ કર્યા




નવીદિલ્હી,
મહાદેવ એપ સંબંધિત ભ્રષ્ટાચારના કેસમાં, સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (CBI) એ ૦૬ આરોપીઓ જેવા કે અસીમ દાસ, રોહિત ગુલાટી, વિકાસ છાપરિયા, અનિલ ધમ્માણી, વિશાલ આહુજા, ધીરજ આહુજા વિરુદ્ધ પીસી એક્ટ (ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ), ૧૯૮૮ અને આઈપીસી (IPC) હેઠળ છેતરપિંડી, બનાવટી દસ્તાવેજો બનાવવા અને ગુનાહિત કાવતરાના ગુનાઓ માટે ચાર્જશીટ દાખલ કરી છે. સીબીઆઈએ મુખ્ય કિંગપિન (સુત્રધાર) સૌરભ ચંદ્રાકર અને રવિ ઉપ્પલ તેમજ અન્ય લોકો, જેમના વિરુદ્ધ અગાઉ ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી, તેમના વિરુદ્ધ વધારાના પુરાવા પણ રજૂ કર્યા છે.

મહાદેવ એપના અન્ય કેસમાં, સીબીઆઈએ ૬૬ આરોપીઓ વિરુદ્ધ ૦૫ ચાર્જશીટ દાખલ કરી છે, જેમાં સૌરભ ચંદ્રાકર, રવિ ઉપ્પલ સહિત બેટિંગ સિન્ડિકેટ પેનલના સભ્યોનો સમાવેશ થાય છે કે જેમના દ્વારા ગુનાની કમાણી (પ્રોસીડ્સ ઓફ ક્રાઈમ) ને અન્યત્ર વાળવામાં આવી હતી. આ ૦૫ ચાર્જશીટ આઈપીસી (IPC) અને છત્તીસગઢ જુગાર નિષેધ અધિનિયમ હેઠળના ગુનાઓ માટે દાખલ કરવામાં આવી હતી.

મહાદેવ એપ એ દેશમાં પર્દાફાશ થયેલા સૌથી મોટા ગેરકાયદેસર સટ્ટાબાજીના સિન્ડિકેટ્સમાંનું એક છે, જે ભારતની બહારની ધરતી પરથી ચલાવવામાં આવતું હતું. સૌરભ ચંદ્રાકર અને રવિ ઉપ્પલે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ દ્વારા લાખો યુઝર્સ સુધી પહોંચીને આનું એક દેશવ્યાપી નેટવર્ક ઊભું કર્યું હતું. તપાસમાં સાબિત થયું છે કે આ સિન્ડિકેટ દેશભરમાં ગેરકાયદેસર સટ્ટાબાજીની પેનલો ચલાવતું હતું, યુઝર્સની નોંધણી કરતું હતું અને ગેમ્સ તથા સટ્ટાબાજીના બજારો ચલાવતું હતું, જેનાથી ગેરકાયદેસર નફો મેળવવામાં આવતો હતો અને ત્યારબાદ મ્યુલ એકાઉન્ટ્સની જાળવણી દ્વારા તે નાણાંની હેરાફેરી કરીને આખરે ફંડ વિદેશ ટ્રાન્સફર કરવામાં આવતું હતું. ગુનાની કમાણીનો એક ભાગ સરકારી કર્મચારીઓને પ્રોટેક્શન મની તરીકે ચૂકવવામાં આવતો હતો.

તપાસમાં બહાર આવ્યું છે કે મહાદેવ એપના પ્રમોટર્સ અને તેમના કેટલાક સહયોગીઓ થોડા વર્ષો પહેલા પશ્ચિમ એશિયાના દેશોમાં નાસી ગયા છે અને ભારતની બહારથી આ નેટવર્ક ચલાવવાનું ચાલુ રાખ્યું છે.

વિદેશ ગયેલા ૦૪ મુખ્ય આરોપીઓ વિરુદ્ધ રેડ કોર્નર નોટિસ પણ જારી કરી દેવામાં આવી છે. તેમને ભાગેડુ આર્થિક ગુનેગાર જાહેર કરવાની કાર્યવાહી પણ શરૂ કરવામાં આવી છે.

આ સિન્ડિકેટના સંપૂર્ણ ફેલાવા તેમજ તેના રાજકીય અને અમલદારશાહી સંરક્ષણ (આશ્રય) નો પર્દાફાશ કરવા અને આ કેસમાં સંકળાયેલા અન્ય તમામ આરોપીઓને ન્યાયના કઠેરામાં લાવવા માટે વધુ તપાસ ચાલુ છે. ભવિષ્યમાં વધુ ચાર્જશીટ દાખલ કરવામાં આવશે.

# અમેરિકાએ H-1B વિઝા ફ્રોડ મામલે નવી તપાસ શરૂ કરી : આઈટી કંપનીઓમાં કોગ્નિઝન્ટ શંકાના ઘેરામાં

## ઉપરાષ્ટ્રપતિ જેડી વાન્સના નેતૃત્વ હેઠળ છેતરપિંડી દૂર કરવા માટે ટાસ્ક ફોર્સ હેઠળ કાર્યવાહી

વોશિંગ્ટન,
યુનાઈટેડ સ્ટેટ્સે અનેક કંપનીઓ દ્વારા H-1B અને PERM વર્ક વિઝા સાથે સંકળાયેલા કથિત છેતરપિંડીની તપાસ શરૂ કરી છે, જેમાં એક વરિષ્ઠ ફેડરલ અધિકારીએ તપાસ હેઠળની કંપનીઓમાં ઁ સેવાઓના મુખ્ય કોગ્નિઝન્ટનું નામ આપ્યું છે. યુએસ લેબર ડિપાર્ટમેન્ટના ઈન્સ્પેક્ટર જનરલ એન્થોની ડી'એસ્પોસિટોએ જણાવ્યું હતું કે તપાસકર્તાઓએ છેતરપિંડીની તપાસના સંદર્ભમાં ડઝનેક સમન્સ જારી કરવાનું શરૂ કરી દીધું છે.

"અમે પહેલાથી જ ડઝનેક સમન્સ જારી કરવાનું શરૂ કરી દીધું છે; અમે ખાતરી કરીશું કે અમે દરેક લીડને શોધી કાઢીએ. અમારી પાસે કોગ્નિઝન્ટ જેવી કેટલીક મોટી કંપનીઓ વિશે વાત કુરતા વ્હિસલબ્લોઅર્સ છે, જેઓ ઈઈસ અને ઉઁ-૧ઁ વિઝાના મુદ્દાઓની ચર્ચામાં રહી છે," ડી'એસ્પોસિટોએ બુધવારે ફોક્સ બિઝનેસને જણાવ્યું હતું.

ઉપરાષ્ટ્રપતિ જેડી વાન્સના નેતૃત્વ હેઠળ છેતરપિંડી દૂર કરવા માટે ટાસ્ક ફોર્સ હેઠળ આ કાર્યવાહી કરવામાં આવી છે.

દરમિયાન, વાન્સે કહ્યું કે ટ્રમ્પ વહીવટીતંત્ર ખાતરી કરશે કે ઉઁ-૧ઁ વિઝા સિસ્ટમનો ઉપયોગ એવી રીતે ન થાય જે અમેરિકન કામદારોને નુકસાન પહોંચાડે. વિસ્કોન્સિનના મિલવૌકીમાં બોલતા, વાન્સે જણાવ્યું હતું કે તાજેતરની કાર્યવાહી વિઝા છેતરપિંડી સામે વ્યાપક કાર્યવાહીનો એક ભાગ છે, જેનો હેતુ કરદાતાઓના નાણાંનું રૂક્ષણ કરવાનો અને ઉઁ-૧ઁ અને ઈઈસ જેવા રોજગાર-આધારિત ઈમિગ્રેશન કાર્યક્રમોના દુરુપયોગને રોકવાનો છે.

"અમારી પાસે ઉઁ-૧ઁ વિઝા કાર્યક્રમ નામનો એક કાર્યક્રમ છે. આ બતાવે છે કે છેતરપિંડી ટાસ્ક ફોર્સ કેટલી વ્યાપક છે. અમે તમારા કરદાતાઓના પૈસા માટે લડી રહ્યા છીએ, પરંતુ અમે એ પણ ખાતરી કરી રહ્યા છીએ કે છેતરપિંડી કરનારાઓ આ વિઝા કાર્યક્રમોનો લાભ ન લે," વાન્સે કહ્યું.

# મેટાએ AI ઈમેજ જનરેશન સિસ્ટમ 'મ્યુસ ઈમેજ' લોન્ચ કરી

## જેમિની અને ચેટ જીપીટીને ટક્કર આપવા Muse Image લોન્ચ કર્યું

નવીદિલ્હી,
સોશીયલ મીડિયા ફેસબુક, ઈન્સ્ટાગ્રામ અને વોટ્સએપની પેરેન્ટ કંપની મેટાએ એઆઈ ઈમેજ જનરેશન સિસ્ટમ મ્યુસ ઈમેજ લોન્ચ કરી છે. મેટા સુપરઈન્ટેલિજન્સ લેબ્સ દ્વારા ડેવલપ કરવામાં આવેલું આ કંપનીનું પહેલું ઈન-હાઉસ એઆઈ ઈમેજ મોડેલ છે. તે માત્ર લખેલા પ્રોમ્પ્ટ પરથી જ નહીં, પરંતુ ફોટો, સ્કેચ અને અન્ય રેફરન્સના આધારે પણ નવી તસવીરો તૈયાર કરી શકે છે.

મેટાના જણાવ્યા મુજબ મ્યુસ ઈમેજ અગાઉની એઆઈ ટૂલ્સ કરતા વધુ ચોકસાઈથી સૂચનાઓને સમજે છે. યુઝર કોઈ ફોટામાં ફેરફાર કરવા માટે તેમાં સીધું ડ્રોઈંગ કરી શકે છે. કોઈ ચોક્કસ પાર્ટ બદલવા કહી શકે છે અથવા અનેક તસવીરોને જોડીને નવી ઈમેજ બનાવી શકે છે. આ ટૂલ પોસ્ટર, ઈન્વિટેશન કાર્ડ, સોશિયલ મીડિયા પોસ્ટ, ઈલસ્ટ્રેશન અને અન્ય ક્રિએટીવ ડિઝાઈન તૈયાર કરવામાં પણ મદદરૂપ બનશે.

આ સાથે જ મેટાએ મ્યૂસ વીડિયોનો પ્રિવ્યૂ પણ રજૂ કર્યો છે. આ મોડલ ટેક્સ્ટ અથવા તસવીરોના આધારે વીડિયો તૈયાર કરી શકે છે. મેટા સુપરઈન્ટેલિજન્સ લેબ્સના વડા એલેક્ઝાન્ડર વાંગે જણાવ્યું કે, યુઝર પોતાના જીવન સાથે જોડાયેલા ફોટા અને માહિતીનો ઉપયોગ કરે છે ત્યારે તે સૌથી સારું પરિણામ આપે છે. તેમજ આ નવા ટૂલના લોન્ચિંગ સાથે વિવાદ પણ સર્જાયો છે. તે ઈન્સ્ટાગ્રામના પબ્લિક પ્રોફાઈલના ફોટોને રિક્રેટ કરવાનું ઓપ્શન પણ આપે છે.

# ૨૧મી સદીનું ભારત વિકસિત રાષ્ટ્ર બનવાના ધ્યેયની દિશામાં કામ કરી રહ્યું છે : વડાપ્રધાન

## પીએમ મોદીએ મેલબોર્નમાં ૩૦,૦૦૦ ભારતીયોને સંબોધિત કર્યા



મેલબોર્ન,
વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઓસ્ટ્રેલિયાના મેલબોર્નમાં ભારતીય સમુદાયને સંબોધિત કરી રહ્યા છે. માર્વેલ સ્ટેડિયમ ખાતે "મેલબોર્ન મીટ્સ મોદી" કાર્યક્રમ યોજાઈ રહ્યો છે. આ કાર્યક્રમમાં ૩૦,૦૦૦ થી વધુ ભારતીય મૂળના લોકો હાજરી આપી રહ્યા છે. પીએમ મોદીએ ઓસ્ટ્રેલિયાની તેમની મુલાકાત દરમિયાન ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે અનેક મહત્વપૂર્ણ કરારો પર હસ્તાક્ષર કર્યા છે. પીએમ મોદીએ કહ્યું કે ૧૨ વર્ષમાં ઓસ્ટ્રેલિયાની આ તેમની ત્રીજી મુલાકાત છે. આ દર્શાવે છે કે ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેના સંબંધો કેટલી ઊંચાઈએ પહોંચ્યા છે. લોકોએ "મોદી, મોદી" ના નારા લગાવતા કહ્યું, "આ મોદીનો વિજય નથી, પરંતુ ભારત અને ઓસ્ટ્રેલિયાના લોકોનો વિજય છે."

પીએમ નરેન્દ્ર મોદીએ કહ્યું, "એવું કહેવાય છે કે મેલબોર્ન શહેર એક જ દિવસમાં ચારેય ઋતુઓની ઝલક આપે છે. જોકે, ભારતીય સમુદાયે તેના સાંસ્કૃતિક પ્રભાવોથી તેને વધુ જીવંત બનાવ્યું છે. અહીં મેલબોર્ન અને આસપાસના વિસ્તારોમાં, ઘણી જગ્યાઓ અને બજારો છે જે ભારતીયતાની ભાવનાથી છવાયેલા છે. કેટલાક તેમને 'નાનું ભારત' કહે છે, તો કેટલાક તેમને 'નાનું ભારત' કહે છે. નામ ગમે તે હોય, તેઓ ભારતીય સંસ્કૃતિથી ભરેલા છે. કોઈએ મને આવા જ એક બજારનો વિડીયો બતાવ્યો. વિડીયોમાં ત્યાં સતત ચાલતા વેચાણનું વર્ણન કરવામાં આવ્યું હતું. લોકો આ વેચાણના ઉત્સાહમાં સંપૂર્ણપણે ડૂબી જાય છે. જો કોઈ ખરીદી કરવાના મૂડમાં ન હોય તો પણ તેઓ કંઈક ખરીદી કરે છે. 'લોકો વેચાણથી વિચલિત થાય છે.'"

"જ્યારે હું ૨૦૧૪ માં ઓસ્ટ્રેલિયા ગયો હતો, ત્યારે ૨૮ વર્ષમાં પહેલી વાર કોઈ ભારતીય વડા પ્રધાને મુલાકાત લીધી હતી. તમને યાદ હશે કે મેં ત્યારે કહ્યું હતું કે તમારે બીજા ૨૮ વર્ષ રાહ જોવી પડશે નહીં. છેલ્લા ૧૨ વર્ષમાં આ મારી ત્રીજી મુલાકાત છે. આ મુલાકાતોની હેટ્રિક છે. આ દર્શાવે છે કે ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેના સંબંધો કેટલી ઊંચાઈએ પહોંચ્યા છે. તમે બધાએ આમાં મુખ્ય ભૂમિકા ભજવી છે.

# શિમલા અને હિમાચલમાં IMD એ ભૂસ્ખલનની ચેતવણી જારી કરી

## પ્રવાસીઓને સાવધાની રાખવાની આપી સલાહ

શિમલા,
ભારતીય હવામાન વિભાગ (IMD) એ હિમાચલ પ્રદેશના કેટલાક ભાગોમાં ભારે વરસાદ અને ભૂસ્ખલનની ચેતવણી જારી કરી છે કારણ કે, આગામી દિવસોમાં રાજ્યમાં સક્રિય ચોમાસાની સ્થિતિ ચાલુ રહેવાની ધારણા છે.

નવીનતમ ચેતવણીઓ અનુસાર, હિમાચલ પ્રદેશના કાંગરા, કિન્નૌર, કુલ્લુ, મંડી, શિમલા અને સિરમૌર જિલ્લાઓના સંવેદનશીલ વિસ્તારોમાં ભૂસ્ખલન અને કાદવ ભૂસ્ખલનની સંભાવના છે.

સલાહકારમાં પાણીનો પ્રવાહ પણ સૂચવવામાં આવ્યો છે, અને આ જિલ્લાઓમાં જળાશયોમાં સ્તર વધવાની સંભાવના છે. લોકોને સંવેદનશીલ વિસ્તારો ટાળવા અને જળાશયોથી સુરક્ષિત અંતર જાળવવાની સલાહ આપવામાં આવી છે.આ ચેતવણી દક્ષિણ પશ્ચિમ ચોમાસાની ઋતુ દરમિયાન હિમાચલ પ્રદેશ માટે IMD ની અસર-આધારિત આગાહીના ભાગ રૂપે જારી કરવામાં આવી છે. આ સલાહકારમાં ઓળખાયેલા જિલ્લાઓમાં સંભવિત જોખમો પર પ્રકાશ પાડવામાં આવ્યો છે અને વરસાદ સંબંધિત જોખમો માટે સંવેદનશીલ વિસ્તારોમાં સાવચેતીનાં પગલાં લેવા હાકલ કરવામાં આવી છે. હિમાચલ પ્રદેશના હવામાન કેન્દ્રના વડા શોભિત કટિયારે જણાવ્યું હતું કે છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યભરમાં ભારે વરસાદ નોંધાયો છે.

# દિલ્હીમાં ગેરકાયદે બાંધકામ અને સલામતીના નિયમોની અવગણના મામલે સુપ્રીમ કોર્ટે નારાજગી વ્યક્ત કરી

## બેદરકાર અધિકારીઓ માટે વ્યક્તિગત જવાબદારી હવે નક્કી કરવામાં આવશે

નવીદિલ્હી,
સુપ્રીમ કોર્ટે આજે (ગુરુવારે) દિલ્હીમાં ઝડપથી વધી રહેલા ગેરકાયદે બાંધકામ અને સલામતીના નિયમોની અવગણના પર સખત નારાજગી વ્યક્ત કરી હતી. સુપ્રીમ કોર્ટે કહ્યું કે તેને આશા હતી કે જવાબદાર અધિકારીઓ પોતે પગલાં લેશે, પરંતુ એવું થયું નહીં. હવે કોર્ટ એવા આદેશો જારી કરશે જેનાથી ઘણા લોકોને અસર થશે.સુપ્રીમ કોર્ટે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે બેદરકાર અધિકારીઓ માટે વ્યક્તિગત જવાબદારી હવે નક્કી કરવામાં આવશે. કોર્ટે જણાવ્યું હતું કે હવે આદેશમાં બધું સ્પષ્ટ રીતે લખાયેલું હશે. સુનાવણી દરમિયાન, સુપ્રીમ કોર્ટે માલવિયા નગર આગ, લખનૌ આગ અને સાકેત ઈમારત ધરાશાયી જેવી ઘટનાઓનો પણ ઉલ્લેખ કર્યો હતો, અને કહ્યું હતું કે આવા કેસોને હળવાશથી લઈ શકાય નહીં.

સુપ્રીમ કોર્ટે સાકેત, લાજપત નગર અને સરોજિની નગર વિસ્તારોનું નિરીક્ષણ કરવાનો આદેશ આપ્યો છે.ૅ દિલ્હીના બે વરિષ્ઠ પ્રોફેસરો, બે ડ્રાફ્ટ્સમેન અને સ્ઝ્ઝ્ઠ અધિકારીઓની બનેલી એક ટીમ બનાવવામાં આવશે. આ ટીમ આ વિસ્તારોમાં ઈમારતોની સ્થિતિ અને નિયમોનું પાલન તપાસશે.

સુપ્રીમ કોર્ટે ગુરુગ્રામના એક મીડિયા રિપોર્ટની પણ નોંધ લીધી, જેમાં કહેવામાં આવ્યું હતું કે ગુરુગ્રામની ૯૩ ટકા ઈમારતોમાં જરૂરી અગ્નિ સલામતીના પગલાંનો અભાવ છે. તેના જવાબમાં, સુપ્રીમ કોર્ટે ગુરુગ્રામ વિકાસ સત્તામંડળના ઉપાધ્યક્ષને આગામી સુનાવણીમાં કોર્ટ સમક્ષ હાજર થવાનો આદેશ આપ્યો છે. કોર્ટે લખનૌ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનરને પણ સમન્સ પાઠવ્યા છે.

૩ જૂન, ૨૦૨૬ ના રોજ, દક્ષિણ દિલ્હીના માલવિયા નગરના હૌઝ રાની વિસ્તારમાં આવેલી હોટેલ ફ્લોરિશ સ્ટેમાં સવારે ૮:૩૦ વાગ્યે ભીષણ આગ લાગી હતી. આગમાં હોટલ અને રેસ્ટોરન્ટની ઈમારતને લપેટમાં લેવામાં આવી હતી, જેમાં ૨૧ લોકો માર્યા ગયા હતા.

# DRDO એ પિનાકા લાંબા અંતરના માર્ગદર્શિત રોકેટનું પરીક્ષણ કર્યું

નવીદિલ્હી,
ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (DRDO) એ પિનાકા લોંગ રેન્જ ગાઈડેડ રોકેટ (LRGR) નું ફ્લાઈટ ટેસ્ટ સફળતાપૂર્વક કર્યું છે. આ ટ્રાયલ ૮ જુલાઈના રોજ ઓડિશાના ચાંદીપુરમાં ઈન્ટિગ્રેટેડ ટેસ્ટ રેન્જ (ITR) ખાતે થયું હતું. રોકેટનું પરીક્ષણ ૬૦ કિલોમીટરની વપરાશકર્તા-વ્યાખ્યાયિત ન્યૂનતમ રેન્જ માટે કરવામાં આવ્યું હતું.

DRDO અનુસાર, આ ટ્રાયલ તેના તમામ આયોજિત ઉદ્દેશ્યો પ્રાપ્ત કરે છે. રોકેટે જરૂરી ઈન-ફ્લાઈટ દાવપેચ પૂર્ણ કર્યા અને આગાહી કરેલ ફ્લાઈટ પાથને અનુસરીને નિર્ધારિત લક્ષ્યને સચોટ રીતે હિટ કર્યું.

અધિકારીઓએ જણાવ્યું હતું કે પરીક્ષણ દરમિયાન રોકેટે ઉચ્ચ સ્તરની ચોકસાઇ દર્શાવી હતી. તે યોજના મુજબ જ લક્ષ્યને ફટકારે છે, જે સિસ્ટમના માર્ગદર્શન અને નેવિગેશન પ્રદર્શનની પુષ્ટિ કરે છે.

પરીક્ષણ દરમિયાન તૈનાત તમામ રેન્જ ઈન્સ્ટ્રુમેન્ટેશન સતત રોકેટને તેની ફ્લાઈટ દરમિયાન ટ્રેક કરે છે. એકત્રિત કરવામાં આવેલા ડેટાનો ઉપયોગ શસ્ત્ર પ્રણાલીના પ્રદર્શનને વધુ માન્ય કરવા માટે કરવામાં આવશે. આ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ સરકારની આત્મનિર્ભર ભારત પહેલ માટે એક મોટો પ્રોત્સાહન છે.

આ સફળ પરીક્ષણ પિનાકા લોંગ રેન્જ ગાઈડેડ રોકેટના વિકાસમાં વધુ એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે અને ભારતની સ્વદેશી ચોકસાઇ-માર્ગદર્શિત રોકેટ ક્ષમતાની સતત પ્રગતિને પ્રકાશિત કરે છે.

# પોલીસે જે પુરાવાના આધારે ખાતાઓ સ્થિર કર્યા છે તે હાલમાં સંતોષકારક નથી : કોલકાતા હાઈકોર્ટ

## ટીએમસીને શરતો હેઠળ સ્થિર બેંક ખાતાઓનો ઉપયોગ ફરી શરૂ કરવાની મંજૂરી આપી

કોલકતા,
કલકાતા હાઈકોર્ટે તૃણમૂલ કોંગ્રેસને મોટી રાહત આપી, તેને તેના ત્રણ સ્થિર બેંક ખાતાઓનો ઉપયોગ ફરી શરૂ કરવાની કામચલાઉ પરવાનગી આપી. કોર્ટે જણાવ્યું હતું કે પોલીસે જે પુરાવાના આધારે ખાતાઓ સ્થિર કર્યા છે તે હાલમાં સંતોષકારક નથી. જો કે, પાર્ટી આ ખાતાઓનો ઉપયોગ ફક્ત દૈનિક ખર્ચ માટે જ કરી શકશે, અને કોર્ટે આ હેતુ માટે એક ખાસ અધિકારીની નિમણૂક કરી છે.

હાઈકોર્ટના ન્યાયાધીશ સૌગત ભટ્ટાચાર્યની સિંગલ બેન્ચે કલકત્તા હાઈકોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ સુબ્રત તાલુકદારને આ કેસની દેખરેખ માટે ખાસ અધિકારી તરીકે નિયુક્ત કર્યા. આ વ્યવસ્થા ૩૦ સપ્ટેમ્બર સુધી અમલમાં રહેશે.

એફઆઈઆર દાખલ થયા પછી તરત જ ખાતાઓ ફ્રીઝ કરવામાં આવ્યા તે અંગે કોર્ટે આશ્ચર્ય વ્યક્ત કર્યું. કોર્ટે ટિપ્પણી કરી, "એફઆઈઆર ૧૮ જૂને દાખલ કરવામાં આવી હતી, અને બીજા જ દિવસે, ૧૯ જૂને ઉતાવળમાં ખાતાઓ ફ્રીઝ કરવામાં આવ્યા હતા. આ પ્રારંભિક તબક્કે, કોર્ટને આવી ઉતાવળની કાર્યવાહીને યોગ્ય ઠેરવવા માટે કોઈ નક્કર આધાર કે પુરાવા મળતા નથી." કોર્ટે એ પણ નોંધ્યું કે સામાન્ય નાગરિકો પોલીસનો સંપર્ક કરે ત્યારે આવી ઉતાવળ ભાગ્યે જ જોવા મળે છે. ભંડોળ ઉપાડ માટેની આ શરતોઃ પક્ષ ફક્ત તેના રોજિંદા ખર્ચ માટે આ ખાતાઓમાંથી ભંડોળ ઉપાડી શકશે. તે ઉપરાંત, અન્ય કોઈ હેતુ માટે ઉપાડની મંજૂરી આપવામાં આવશે નહીં.

બેંકમાં ચેક જમા કરાવતા પહેલા, તેના પર બે અધિકૃત ટીએમસી અધિકારીઓ દ્વારા સહી કરવી આવશ્યક છે.

અધિકારીઓની સહીઓ પછી, ચેક પર ખાસ અધિકારી (નિવૃત્ત ન્યાયાધીશ) દ્વારા પ્રતિસહી પણ કરવી આવશ્યક છે.

લાઈવ લો રિપોર્ટ મુજબ, ટીએમસીનું પ્રતિનિધિત્વ કરતા વરિષ્ઠ વકીલ અભિષેક મનુ સિંઘવીએ દલીલ કરી હતી કે બેંક ખાતાઓ સંપૂર્ણપણે ફ્રીઝ કરવાથી માન્યતા પ્રાપ્ત રાજકીય પક્ષના કાર્યો લકવાગ્રસ્ત થયા છે, જેનાથી તેના બંધારણીય અધિકારોનું ઉલ્લંઘન થયું છે.

# આઈએસઆઈ હવે બ્રિટન અને કેનેડામાં ખાલિસ્તાન સમર્થકો સાથે મળી ભારતીયો પર હુમલો કરે તેવી ભીતિ

## ભારતીય ગુપ્તચર એજન્સીઓએ બ્રિટન અને કેનેડામાં રહેતા ભારતીયોની સલામતી અંગે ગંભીર ચેતવણી જાહેર કરી

નવીદિલ્હી,
ભારતીય ગુપ્તચર એજન્સીઓએ બ્રિટન અને કેનેડામાં રહેતા ભારતીય સમુદાયની સલામતી અંગે ગંભીર ચેતવણી જારી કરી છે. ગુપ્તચર અહેવાલો અનુસાર, પાકિસ્તાનની ગુપ્તચર એજન્સી, આઈએસઆઈ, અને ખાલિસ્તાન સમર્થકો ભારત અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીના સમર્થક માનવામાં આવતા લોકો સામે હુમલાઓનું કાવતરું ઘડી રહ્યા છે. ગુપ્તચર અધિકારીઓના જણાવ્યા અનુસાર, તાજેતરના વર્ષોમાં બ્રિટન અને કેનેડામાં ભારતીય સમુદાય વિરુદ્ધ નફરતના ગુનાઓ અને હિંસક ઘટનાઓમાં વધારો જોવા મળ્યો છે, જે કથિત રીતે ખાલિસ્તાન સમર્થકો દ્વારા આચરવામાં આવી રહ્યા છે. જ્યારે આવી ઘટનાઓ અગાઉ છૂટાછવાયા હતા, ત્યારે હવે એવી આશંકા છે કે તે વધુ સંગઠિત રીતે કરવામાં આવી શકે છે. ભારતીય સુરક્ષા એજન્સીઓ આ સંભવિત હુમલાઓને રોકવા માટે પશ્ચિમી સુરક્ષા એજન્સીઓ સાથે સંકલનમાં કામ કરી રહી છે.

એક ગુપ્તચર બ્યુરોના અધિકારીએ જણાવ્યું હતું કે ખાલિસ્તાન ચળવળને ટેકો આપતી આઈએસઆઈએ યુરોપમાં કાર્યરત તેના નેટવર્કને બ્રિટન અને કેનેડામાં ભારતીય સમુદાય વિરુદ્ધ પ્રવૃત્તિઓને વધુ તીવ્ર બનાવવા સૂચના આપી છે. અધિકારીના જણાવ્યા અનુસાર, આ ઘટનાઓ હવે સુનિયોજિત અભિયાનનો ભાગ હોવાની શંકા છે. અધિકારીએ કહ્યું, "આઈએસઆઈ ભારતીય સમુદાય સામે શ્રેણીબદ્ધ સંકલિત હુમલાઓનું આયોજન કરી રહ્યું છે." આ તત્વો લોકોને ભારત સમર્થક અથવા વડા પ્રધાન મોદીના સમર્થક તરીકે દર્શાવીને નિશાન બનાવી શકે છે અને આ બહાના હેઠળ આવા હુમલા કરવાની તૈયારી કરી રહ્યા છે.અધિકારીના મતે, આઈએસઆઈની વ્યૂહરચનામાં આ ફેરફાર ખાલિસ્તાન ચળવળમાં ગતિના અભાવથી હતાશાનું પરિણામ છે. તેમણે એમ પણ કહ્યું કે લક્ષ્ય ફક્ત ભારતીય સમુદાય જ નહીં, પરંતુ ખાલિસ્તાન સંબંધિત કેસોની તપાસ અને કાર્યવાહી કરતી ભારતીય એજન્સીઓને પણ લક્ષ્ય બનાવવાની યોજનાઓ બનાવવામાં આવી રહી છે.

બીજા એક અધિકારીએ જણાવ્યું કે આઈએસઆઈ હિંસક હુમલાઓ કરવા માટે તેના ગેંગસ્ટર નેટવર્કનો ઉપયોગ કરી શકે છે. આ માટે, યુરોપ અને ભારતમાં કાર્યરત મોડ્યુલોને સક્રિય કરવા સૂચનાઓ આપવામાં આવી છે. ભારતમાં, સ્થાનિક ગુંડાઓ દ્વારા હુમલાઓ કરવાની યોજના છે.અધિકારીઓના મતે, તાજેતરના વર્ષોમાં બ્રિટન અને કેનેડામાં ખાલિસ્તાન ચળવળને સમર્થનમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. અગાઉ, સ્થાનિક વસ્તીનો એક ભાગ ચળવળ પ્રત્યે સહાનુભૂતિ ધરાવતો હતો, પરંતુ હવે પરિસ્થિતિ ઝડપથી બદલાઈ રહી છે. લોકો માને છે કે ખાલિસ્તાન ચળવળ અને તેના સંકળાયેલા ગેંગસ્ટર નેટવર્ક હવે તેમના જણાવેલા ઉદ્દેશ્યોને પૂર્ણ કરવાને બદલે ખંડણી, ડ્રગ હેરફેર અને હથિયારોની દાણચોરી જેવી ગુનાહિત પ્રવૃત્તિઓમાં રોકાયેલા છે.

# અમરનાથની ગુફામાં શિવલિંગનું કદ ૭ ફૂટથી ઘટીને એક ફૂટ થઈ ગયું : ભક્તોનો ધસારો યથાવત

## આ વર્ષે લગભગ ચાર લાખ શ્રદ્ધાળુઓએ અમરનાથ યાત્રા માટે પૂર્વ નોંધણી કરાવી છે






શ્રીનગર,
અમરનાથ ગુફામાં કુદરતી રીતે બનેલા બરફના શિવલિંગનું કદ ઝડપથી ઘટીને લગભગ એક ફૂટ થઈ ગયું છે. જાહેર કરાયેલા નવા ફોટામાં, બાબા બરફાની પહેલા કરતા ઘણા નાના દેખાય છે. જોકે, શિવલિંગના કદમાં ઘટાડો થવા છતાં, ભક્તોની શ્રદ્ધા ઓછી થઈ નથી. મોટી સંખ્યામાં ભક્તો પવિત્ર ગુફામાં દર્શન કરવા માટે સતત મુલાકાત લઈ રહ્યા છે. ૫૭ દિવસની શ્રી અમરનાથ યાત્રા ૩ જુલાઈથી શરૂ થઈ હતી. યાત્રાના પહેલા ત્રણ દિવસમાં ૫૬,૦૦૦ થી વધુ શ્રદ્ધાળુઓ બાબા બર્ફાનીના દર્શન કરી ચૂક્યા છે. ગયા વર્ષના સમાન સમયગાળા કરતા આ સંખ્યા આશરે ૧૮.૬ ટકા વધુ છે.

૨૦૨૫ માં, યાત્રાના પહેલા ત્રણ દિવસમાં ૪૭,૯૭૨ શ્રદ્ધાળુઓએ દર્શન કર્યા હતા, જ્યારે આ વખતે રેકોર્ડ સંખ્યામાં શ્રદ્ધાળુઓ ગુફા મંદિર પહોંચી રહ્યા છે. આ વર્ષે લગભગ ચાર લાખ શ્રદ્ધાળુઓએ અમરનાથ યાત્રા માટે પૂર્વ નોંધણી કરાવી છે. વહીવટીતંત્રને અપેક્ષા છે કે યાત્રા પૂર્ણ થાય ત્યાં સુધીમાં શ્રદ્ધાળુઓની સંખ્યા પાછલા વર્ષોના રેકોર્ડને વટાવી શકે છે. યાત્રા ૨૮ ઓગસ્ટ, રક્ષાબંધનના રોજ સમાપ્ત થશે. શિવલિંગના કદમાં ઘટાડો ચોક્કસપણે ભક્તોનું ધ્યાન આકર્ષિત કરે છે. ૨૩ મેના રોજ બોર્ડર સિક્યુરિટી ફોર્સ દ્વારા જાહેર કરાયેલા ફોટોગ્રાફસમાં, બરફના શિવલિંગની ઊંચાઈ આશરે સાત ફૂટ દેખાતી હતી. ત્યારબાદ, ૨૯ જૂનના રોજ પ્રથમ પૂજા દરમિયાન, શિવલિંગ હજુ પણ પાંચ ફૂટથી વધુ ઊંચું હતું. જોકે, ૬ જુલાઈના રોજ જાહેર કરાયેલા ફોટોગ્રાફસમાં, મોટાભાગના બરફના લિંગમ પીગળી ગયા છે, અને તેનું કદ હવે લગભગ એક ફૂટ છે.

અમરનાથ યાત્રા દરમિયાન બાલટાલ રૂટ પર યાત્રાળુઓની સુવિધા અને સલામતી સુનિશ્ચિત કરવામાં ઝઈૅજ્ઞ ની "મે આઈ હેલ્પ યુ" પહેલ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે. આ પહેલ હેઠળ તૈનાત મહિલા કર્મચારીઓ માર્ગદર્શન, આવશ્યક માહિતી, સુરક્ષા સહાય, રહેઠાણ, ભાષા સહાય, સંદેશાવ્યવહાર સુવિધાઓ અને કટોકટી તબીબી સહાય જેવી સેવાઓ પૂરી પાડી રહી છે.

# જામ્યુકોની સ્ટેન્ડિંગ કમિટીમાં રૂ. ૧૨૫.૮૭ કરોડના ખર્ચ મંજૂર

જામનગર : જામનગર મહાનગરપાલિકાની ગઈકાલે મળેલી સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં રૂ. ૧૨૫ કરોડ ૮૭ લાખના ખર્ચને બહાલી આપવામાં આવી હતી.

જામનગર મહાનગરપાલિકાની સ્ટેન્ડીગ કમિટીની મીટીગ તા. ૯-૭ના રોજ ધીરેન મોનાણીના અધ્યક્ષ સ્થાને મળી હતી. જેમાં કુલ ૧૦ સભ્યો ઉપરાંત મેયર મોનીકાબેન વ્યાસ, ડે. મેયર રાકેશભાઈ ડેર, કમિશ્નર દિપેશ કેડીયા, સીટી એન્જીનીયર ભાવેશભાઈ જાની, આસી. કમિશ્નર (વ.) મુકેશભાઈ વરણવા આસી. કમિશ્નર (ટેક્ષ.) જીજ્ઞેશભાઈ નિર્મલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં ૧૫ માં નાણાપંચની મળેલ ટાઈડ અને અનટાઈડ ગ્રાન્ટ અન્વયે કામો હાથ ધરવા સૈધ્ધાંતિક મંજુરી આપવા અંગે કમિશ્નરની રજુ થયેલ દરખાસ્ત અન્વયે રૂા. ૧૨૨.૭૯ કરોડના કામોને સૈધ્ધાંતિક મંજુરી આપવામાં આવી હતી.


તસવીર: સુનિલ ચુડાસમા

મુખ્ય બિલ્ડીંગ ખાતે નવું વાયરીંગ તથા પેનલ અપગ્રેડેશન વર્ક અંગે રૂા. ૮૬.૮૯ લાખ, સોલીડ વેસ્ટ શાખાના કાયમી સફાઈ કામદાર જીતેશભાઈ ભુરાભાઈને કેન્સરની બીમારી સબબ આર્થિક સહાય મંજુર કરવાની દરખાસ્ત અન્વયે રૂા. ૭૫,૦૦૦ ની મર્યાદામાં આર્થિક સહાય ચુકવવા નિર્ણય લેવાયો હતો.

જામનગર મહાનગરપાલિકાની જુદી-જુદી શાખાઓ ખાતે ટેકનીકલ અને વહિવટી કામગીરી માટે જુદી-જુદી જગ્યાઓ પર ફરજ બજાવતા કોન્ટ્રાકટ બેઈઝ કર્મચારીઓની નવી નિમણુંક આપવા અંગે દરખાસ્તની વિગતે ૭ માસ માટે નવી નિમણુંક આપવા તથા અર્બન પ્લાનર તરીકે ફરજ બજાવતા કોન્ટ્રાકટ બેઈઝ કર્મચારીઓની નવી નિમણુંક અન્વયે દરખાસ્તની વિગતે નવી નિમણુંક આપવાનું મંજુર રાખવામાં આવ્યું હતું

સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાની ગ્રાન્ટ અંતર્ગત જામનગર શહેરના ઈસ્ટ ઝોન (વોર્ડ નં. ૯, ૧૦, ૧૧ અને ૧૨) હેઠળ સમાવિષ્ટ થતા વિસ્તારોમાં શહેરની હૈયાત અને કાર્યરત ભુગર્ભગટરના નેટવર્કને મજબુતીકરણ તથા વિસ્તૃતિકરણ કરવાના કામ અંગે રૂા. ૭૯.૧૮ લાખનું ખર્ચ, સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાની ગ્રાન્ટ અંતર્ગત જામનગર શહેરના સાઉથ ઝોન (વોર્ડ નં. ૧૩, ૧૪, ૧૫ અને ૧૬) હેઠળ સમાવિષ્ટ થતા વિસ્તારોમાં શહેરની હૈયાત અને કાર્યરત ભુગર્ભગટરના નેટવર્કને મજબુતીકરણ તથા વિસ્તૃતિકરણ કરવાના કામ અંગે રૂા. ૮૧.૪૨ લાખનું ખર્ચ મંજુર કરવામાં આવ્યું હતું.

સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાની ગ્રાન્ટ અંતર્ગત જામનગર શહેરના વેસ્ટ ઝોન (વોર્ડ નં. ૬, ૭ અને ૮) હેઠળ સમાવિષ્ટ થતા વિસ્તારોમાં શહેરની હૈયાત અને કાર્યરત ભુગર્ભ ગટરના નેટવર્કને મજબુતીકરણ તથા વિસ્તૃતિકરણ કરવાના કામ અંગે રૂા. ૬૧ .૩૬ લાખના ખર્ચને મંજુર રાખવામાં આવ્યું હતું. જ્યારે અધ્યક્ષ સ્થાનેથી એક દરખાસ્ત રજૂ થઈ હતી જેમાં ટેન્ડર કમિટીના સભ્યોની નિમણુંક કરવામાં આવી હતી. જેમાં ધવલભાઈ નાખવા, તૃપ્તિબેન ખેતીયા, સંજયભાઈ મુંગરા અને જીતેષભાઈ શિંગાળાનો સમાવેશ કરવામાં આવ્યો છે. આમ આજની બેઠકમાં કુલ રૂા. ૧૨૫ કરોડ ૮૭ લાખના ખર્ચને મંજૂરી આપવામાં આવી હતી.

## કલ્યાણપુરના ગોજીનેસ ગામે જુના મનદુઃખમાં યુવાન ઉપર કૌટુંબિક ભાઈનો કુહાડીથી હુમલો

ખંભાળિયા : કલ્યાણપુર પંથકના ગોજીનેસ ગામના યુવાન ઉપર કૌટુંબિક ભાઈએ અગાઉનું મનદુઃખ રાખી કુહાડા વડે હુમલો કરી શરીરે જુદા - જુદા ભાગમાં ઈજા પહોંચાડવા સબબ સ્થાનિક પોલીસ દફતરે વિધિવત ફરિયાદ દાખલ કરવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર કલ્યાણપુર તાલુકાના ગોજીનેસ ગામે વાડી વિસ્તારમાં રહેતો ભીખાભાઈ લખમણભાઈ વરુ નામનો ૩૨ વર્ષનો યુવાન ગઈકાલે સાંજે સાડા પાંચ વાગ્યાના સુમારે પોતાની વાડી નજીક આવેલ સુરાપુરા દાદાના મંદિર પાસેથી જતો હોય દરમિયાન તેના કૌટુંબિક ભાઈ રામદે કરણાભાઈ વરુ જે ભેંસો ચરાવતો હોઈ તેણે રોકી અગાઉનું મનદુઃખ રાખી અચાનક કુહાડા વડે હુમલો કરી ભીખાભાઈ વરુને જમણા હાથમાં કોણી પાસે ફેક્ચરની તથા ખંભા પાસે મુંઢ ઈજા પહોંચાડી ગાળો કાઢી નાસી જતા રામદે વરુ સામે કલ્યાણપુર પોલીસે ભીખાભાઈની ફરિયાદ પરથી ગુન્હો નોંધી બનાવ અંગે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

## સલાયાનું જહાજ દુબઈ નજીક ડૂબ્યું : બે ખલાસીના મોત, ૧૨નો બચાવ


ફાઈલ તસ્વીર

સલાયા : સલાયાનું મહેબુબ-એ-બુખારી નામનું માલવાહક વહાણ સલાયાથી ૧૪ ખલાસી સાથે દરિયામાં રવાના થયા પછી દરિયામાં સર્જાયેલા ખરાબ હવામાનના કારણે અને જહાજનાં બંને એન્જીન ફેઈલ થઈ જવાના કારણે ડૂબી ગયું છે.

વહાણ દુબઈથી જીબુટી તરફ માલસામાન સાથે જઈ રહયુ હતું તે દરમ્યાન મધદરિયે વાતાવરણ અચાનક પલટાતા ભારે વહેણમાં વહાણનું સંતુલન બગડવા લાગ્યું હતું તેવામાં વહાણના બન્ને એન્જીન એકસાથે ફેલ થઈ જતાં વહાણમાં પાણી ભરાવા લાગતા જોતજોતામાં વહાણ પાણીમાં ગરકાવ થવા લાગ્યુ હતું. વહાણમાં રહેલા ૧૪ પૈકી ગાંધાર યાસીન નુરમામદ અને ભયા ઈમરાન ઈશાક નામના બે ખલાસીઓના મૃત્યુ નિપજ્યા છે જયારે અન્ય ૧૨ ખલાસીઓનો અન્ય બોટચાલકોની મદદથી બચાવ થયો છે. આ કરૂણ ઘટનાને પગલે સલાયા પંથકમાં ઘેરા શોકની લાગણી ફેલાઈ ગઈ છે. મૃતકોના પરિવારજનોમાં આક્રંદ છવાયો છે.

# જામ્યુકોમાં ભાજપના જ કોર્પોરેટરોના કામ નથી થતા : પક્ષની નબળાઈ હોવાની ચર્ચા

જામનગર : જામનગર મહાનગરપાલિકાની ચૂંટણીમાં ૬૪ માંથી ૬૦ બેઠકો જીતનાર ભાજપની સંગઠન પાંખે બેઠકમાંથી વાહ વાહી લૂંટી પ્રસિદ્ધિનો ફુલાવેલ ફુગ્ગો હવે પક્ષના જ નગરસેવકોના અસંતોષથી ફૂટવા લાગતા ભારે ચર્ચા જાગી છે.

જામનગર મહાનગરપાલિકામાં ત્રણ દાયકાથી ભાજપ રાજ કરે છે. મહત્વના નિર્ણયોમાં સંગઠનની અત્યાર સુધી ભાગીદારી અને ચંચુપાત ચાલતો હતો પરંતુ તાજેતરમાં પ્રદેશ પ્રમુખની સૂચનાથી સંગઠન માટે લક્ષ્મણરેખા દોરાય છે જોકે તેમ છતાં પ્રમુખ અને મહામંત્રીઓ પોતાને પ્રિય હોય તેવા કામો યેનકેન પ્રકારે કરાવી લે છે.

પરંતુ ૬૦ માંથી અનેક કોર્પોરેટરોના પોતાના વિસ્તારના પ્રશ્નોની રજૂઆતોને તંત્ર ગાઠતું નથી તેવી ફરિયાદો ઉઠવી શરૂ થઈ છે.

તાજેતરમાં વોર્ડ નંબર ૧૦ ના કોર્પોરેટર પ્રકાશ રાઠોડ હિંમત કરીને લેખિતમાં અણગમો જાહેર કર્યો છે જે સૂચવે છે કે ભાજપમાં અનેક નવા વોર્ડમા બધું બરાબર ચાલતું નથી. આ નગર સેવકે પોતાના વિસ્તારના કામો અનેક રજૂઆતો પછી પણ થતા ન હોવાથી લોકોમાં તેના પ્રત્યે નારાજગી થવાની દેહસતે વાસ્તવિકતા ઉજાગર કરવાની હિંમત દાખલ સંગઠન પાંખમાં અંદરખાને દેકારો બોલી ગયો છે. સાચું ચિત્ર જાહેર કરનાર આ કોર્પોરેટરને કાર્યલયએ બોલાવીને પ્રમુખ દ્વારા લેખિતમાં વિરોધ કે રજૂઆતને સાર્વજનિક ન કરવા દબાણ કરવામાં આવ્યું હોવાનું જાણકારોમાં ચર્ચાઈ રહ્યું છે.

એમ માનવામાં આવે છે કે ચૂંટણીના બે મહિના બાદ જો આવી સ્થિતિ શાસક પક્ષ એટલે કે ભાજપના કોર્પોરેટરની હોય તો પ્રજાના કામ કરશે કોણ? આ રજૂઆત કરનારને ઠપકો આપવાને બદલે તેની વ્યાજબી રજૂઆતનો ઉકેલ લાવવા પ્રમુખ અને મહામંત્રીઓએ રસ લેવો જોઈએ. કહેવાતી આબરૂ અને શિસ્તના નામે જોહુકમી ચલાવવી એ હળાહળ અન્યાય છે.

જાણકારો તો કહે છે કે આવી સ્થિતિમાં ભાજપના એક કરતા વધુ કોર્પોરેટરો છે પરંતુ કમનસીબી એ છે કે બિચારા પહેલી વખત ચૂંટાયા હોય કામ કરવાનો અનુભવ ન હોવાથી અને પ્રથમ વાર ટિકિટ મળી હોય જાહેરમાં આવવાથી ખચકાય છે. પરંતુ આવું ક્યાં સુધી ચાલી શકે? જામનગર મહાનગરપાલિકામાં મેયર તરીકે રહી ચૂકેલા અને ૧૦ વર્ષ કોર્પોરેટર રહી ચૂકેલા શહેર ભાજપ પ્રમુખ બીનાબેન કોઠારી અને તેમની ટીમ સંગઠન રચનામાં નબળી પડી છે અને તેનો રિપોર્ટ પ્રદેશકક્ષાએ પહોંચ્યો હોવાની પણ ચર્ચા છે. બે ઉપપ્રમુખના રિપ્લેસમેન્ટ અને એક મહામંત્રીની શિસ્ત ભંગ બદલ હકાલપટ્ટી પ્રમુખની નબળાઈ સાબિત કરી હોવાનું પણ ભાજપમાં ચર્ચા થઈ રહી છે.

## જામનગરમાં સેનેટરીની દુકાનમાંથી રૂ. ૨૪ હજારની ચોરી કરનાર તસ્કર ઝડપાયો

જામનગર : જામનગર શહેરના ધણશેરીની ખાડ વિસ્તારમાં મીઠાની મીલ સામે આવેલી બાબજી સિરામિક એન્ડ સેનેટરી નામની દુકાનમાં થોડા દિવસ પહેલા ચોરી થવા પામી હતી. જેબનાવની ફરિયાદ બાદ સીટી 'બી' ડિવિઝન પોલીસે સર્વેલન્સ સ્કવોડે સી.સી.ટી.વી. કેમેરાના ફૂટેજની મદદથી આરોપીને ઝડપી પાડ્યો છે.

જામનગરના ધણશેરી વિસ્તારોમાં આવેલ બાલાજી સીરામીક સેનેટરી નામની દુકાનમાં તાજેતરમાં કોઈ અજાણ્યા તસ્કરો દ્વારા દુકાનમાં ઘુસી રૂ. ૨૪ હજાર રોકડની ચીરી થઈ હતી. જે બનાવમાં ફરિયાદ નોંધાઇ હતી.

જે બનાવમાં પોલીસ અધિક્ષક ડો. રવિ મોહન સૈની અને નાયબ પોલીસ અધિક્ષક જે. એન. ઝાલાના માર્ગદર્શન તેમજ પોલીસ ઈન્સ્પેક્ટર એન. એમ. ગઢવી અને સર્વેલન્સ સ્કવોડના પી.એસ.આઈ. ડી. જી. રાજના નેતૃત્વ હેઠળ તપાસ શરૂ કરવામાં આવી હતી.

જેમાં નજીકની દુકાનના ડી.સી.ટી.વી. કેમેરાના ફૂટેજમાં આરોપીની ઓળખ મળી આવતા તેનો ફોટો બાતમીદારોને મોકલી શોધખોળ હાથ ધરવામાં આવી હતી.દરમિયાન ચોક્કસ બાતમીના આધારે સર્વેલન્સ સ્કવોડે ગીતા લોજ પાછળના વિસ્તારમાં દરોડો પાડી રાજ લલ્લુભાઈ કોળી, રહે. બાવરીવાસ, દિગ્જામ સર્કલ પાસે, જામનગરને ઝડપી પાડ્યો હતો. અને તેની પાસેથી રૂ. ૯ હજારની રોકડ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

## જામનગરમાં ડ્રીમ સિટી વિસ્તારમાં જાહેરમાં જુગાર રમતી ૬ મહિલાઓની અટકાયત

જામનગર : જામનગર શહેરના સ્વામીનારાયણનગર સ્થિત ડ્રીમ સિટી વિસ્તારમાં ચાલતા જુગારધામ પર સીટી 'બી' ડિવિઝન પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્ક્વોડે દરોડો પાડી ગંજીપત્તાના પાનાં વડે તીનપત્તી રોનપોલી નામનો જુગાર રમતી છ મહિલાઓને ઝડપી પાડી તેમની પાસેથી રૂ. ૩૦,૮૦૦ની રોકડ તથા ગંજીપત્તાના પાનાં કબજે કર્યા છે.

જામનગરના સીટી 'બી' ડિવિઝન પોલીસ ઈન્સ્પેક્ટર એન. એમ. ગઢવીના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્ક્વોડ પેટ્રોલિંગમાં હતું.

દરમિયાન પોલીસને ખાનગી બાતમી મળી હતી કે સ્વામીનારાયણનગર ડ્રીમ સિટી, શેરી નં. 'સી' ખાતે આવેલા એક મકાન પાસે મહિલાઓ ગંજીપત્તાના પાનાં વડે પૈસાની હારજીતનો જુગાર રમી રહી છે. જેથી સ્થળ પર દરોડો પાડતા જુગાર રમી રહેલ રીનાબેન રમેશભાઈ પટેલ, હેમાબેન પરેશભાઈ ખુબચંદાણી, લતાબેન હરીશભાઈ હિંદુજા, સુનીતાબેન જીતુભાઈ નાગપાલ, મધુબેન જેરામભાઈ વાછાણી અને આશાબેન યોગેશભાઈ મેવાડાને જુગાર રમતા રંગેહાથ ઝડપી પાડ્યા હતા. અને તમામ મહિલાઓ પાસેથી કુલ રૂ. ૩૦,૮૦૦ની રોકડ તેમજ ગંજીપત્તાના પાનાં કબજે કર્યા હતા.

આ કાર્યવાહી પોલીસ ઈન્સ્પેક્ટર એન. એમ. ગઢવીના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કવોડના પી.એસ.આઈ. ડી. જી. રાજ, એ.એસ.આઈ. મુકેશસિંહ રાણા, રવિન્દ્રસિંહ જાડેજા, હેડ કોન્સ્ટેબલ કૃપાલસિંહ સોઢા, જયપાલસિંહ જાડેજા તેમજ તેઓની ટીમે કરી હતી.

# જાંબુડા પાસે વોટર પાર્કમાં નહાતી વેળાએ તરુણને છાતીમાં દુઃખાવો ઉપડતા મૃત્યુ

જામનગર : જામનગર શહેરમાં શરૂ સેક્સન રોડ પર રહેતા તરૂણનું કૌટુંબિક પરિવાર સાથે જાંબુડા ગામે આવેલા વોટર પાર્કમાં નહાતી વખતે એકાએક છાતીમાં દુઃખાવાની ફરિયાદ બાદ હોસ્પિટલ ખાતે સારવારમાં લઈ જવાયો હતો જ્યાં ફરજ પરના તબીબે તપાસી તરુણને મૃત ઘોષિત કરતા ભારે ગમગીની અને અરેરાટી પ્રસરી ગઈ છે. આ બનાવની સ્થાનિક પોલીસ દફતરે મૃતકના માતાએ જાણ કરતા પોલીસે સ્થળપર દોડી જઈ વધુ તપાસ આરંભી હતી.

આ કરુણ બનાવની જાણવા મળતી માહિતી મુજબ જામનગરમાં શરૂ સેક્સન રોડ પર આવેલી સરદાર સોસાયટીમાં રહેતો આરવ શિવ કુમાર સ્વર્ણકાર નામનો ૧૪ વર્ષનો તરુણ તેની બાજુમાં રહેતા કૌટુંબિક ભાઈ, તેમના પત્ની વિગેરે બધા સાથે જાંબુડા ગામ પાસે આવેલ વેલકમ વોટર પાર્કમાં નહાવા ગયો હતો જ્યાં બધા આનંદ સાથે નહાવાની મજા માણતા હતા દરમિયાન આરવને એકાએક છાતીમાં દુઃખાવો ઉપડતા તાત્કાલિક પ્રથમ જાંબુડાના આરોગ્ય સેન્ટરમાં બાદ વધુ સારવાર અર્થે જામનગરની જીજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો જ્યાં ફરજ પરના ડોક્ટરે તપાસી તેને મૃત જાહેર કરતા પરિવારમાં કરુણ આક્રંદ સાથે આભ તુટી પડ્યું છે. બીજીતરફ આ બનાવની આરવના માતાએ ભારે હૈયે પંચકોશી એ ડિવિઝન પોલીસ દફતરે જાણ કરતા હે. કો. એ. જી. જાડેજા સહિતનો પોલીસ સ્ટાફ ઘટનાસ્થળે અને હોસ્પિટલ ખાતે દોડી ગયો હતો અને આ સમગ્ર બનાવની ઝીણવટભરી તપાસ આરંભી છે.

ઉલ્લેખનીય છે કે, છેલ્લા બે દિવસમાં હૃદયરોગના હુમલાએ યુવાન અને આધેડનો ભોગ લીધો છે ત્યારે કુમળી વયના તરુણનું છાતીમાં દુઃખાવાથી મૃત્યુ નિપજતા લોકોએ આરોગ્યલક્ષી કાળજી લેવાની ચિંતામાં વધારો થયો છે.

## કલ્યાણપુરના માલેતા ગામે પરણીતાની જંતુનાશક દવા ગટગટાવી આત્મહત્યા

### માતા સાથે વાતચીત કરતા પતિએ મોબાઈલ લઈ લેતા અંતિમ પગલું ભર્યું

ખંભાળિયા : કલ્યાણપુર પંથકના માલેતા ગામે વાડી વિસ્તારમાં રહેતી આદિવાસી પરણીતા પાસેથી પતિએ ચાલુ વાતચીત દરમિયાન મોબાઈલ ફોન લઈ લેતા ગુસ્સામાં આવી જંતુનાશક દવા ગટગટાવી આત્મહત્યા કરી લેવાની અરેરાટી પ્રસરી ગઈ છે. આ બનાવની મૃતકના પતિએ જાણ કરતા સ્થાનિક પોલીસ કાફલો હોસ્પિટલ ખાતે દોડી ગયો હતો અને ઝીણવટભરી તપાસ આદરી હતી.

મળતી માહિતી પ્રમાણે કલ્યાણપુર તાલુકાના માલેતા ગામમાં આવેલ લાલાભાઈ દરબારની વાડીએ ખેત મજૂરી કામ કરતી મધુબેન નારુ સી નામની ૨૪ વર્ષની પરણીતાએ ગત તા. ૩ ના રોજ વાડીએ પોતાના હાથે પાકમાં છાંટવાની જંતુનાશક દવા પી લેતા તેણીને સરકારી ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા તાત્કાલિક હોસ્પિટલ ખાતે સારવારમાં ખસેડવામાં આવી હતી જ્યાં સારવાર દરમિયાન ગઈકાલે તેણીનું મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવ અંગે કલ્યાણપુર પોલીસ દફતરે મૃતકના પતિ નારુ દશરૂભાઈ સીગાર એ જાણ કરતા પી. એસ. આઈ. એન. એન. વાળા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

વધુમાં મૃતક મધુબેન સીગાર ગત તા. ૩ ના રોજ સવારના સાતેક વાગ્યે તેના માતા સાથે મોબાઈલ ફોનમાં વાત કરતા હોય દરમિયાન વચ્ચે બીજો ફોન આવી જતા અને તેના પતિએ ફોન તેણી પાસેથી લઈ લેતા ગુસ્સામાં આવી અંતિમ પગલું ભરી લીધું હોવાનું પોલીસ દફતરે જાહેર થયું છે.

## દરેડ જીઆઈડીસીમાં કેબીનમાંથી દારૂના ૨૦ ચપલા મળી આવતા શખ્સની અટકાયત

જામનગર : જામનગરના દરેડ જી.આઈ.ડી.સી. વિસ્તારમાં પંચકોશી 'બી' ડિવિઝન પોલીસે બાતમીના આધારે દરોડો પાડી એક કેબીનમાંથી ભારતીય બનાવટના અંગ્રેજી દારૂના ૨૦ ચપટા મળી આવતા કબજે કરી એક શખ્સની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ, પોલીસ કોન્સ્ટેબલ રાજદીપસિંહ મહેન્દ્રસિંહ જાડેજા પેટ્રોલિંગમાં હતા ત્યારે દરેડ જી.આઈ.ડી.સી. વિશાલ ચોક નજીક ખાનગી બાતમી મળી હતી કે સેનોર ચોકડી પાસે આવેલા દુધિયા રંગની કેબીનમાં એક શખ્સ અંગ્રેજી દારૂનો જથ્થો રાખે છે. જેથી સ્થળ પર જઈ તલાસી લેતા કેબીનમાંથી ઈંગ્લીશ દારૂના ૨૦ ચપલા મળી આવતા મુદ્દામાલ સાથે નાથાલાલ કાનાભાઈ મારૂ, રહે. મોહનનગર, જકાતનાકા પાસે, જામનગરની અટકાયત કરી હતી. આ બનાવ અંગે વધુ તપાસ એ.એસ.આઈ. ઘેલુભા સજુભા જાડેજા ચલાવી રહ્યા છે.

## સલાયામાં જુગાર રમતા છ શખ્સ ઝડપાયા

ખંભાળિયા : સલાયા ગામમાં જાહેરમાં જુગાર રમતા છ શખ્સને સ્થાનિક પોલીસે પકડી પાડી રોકડ રકમ અને મોબાઈલ ફોન સહિત રૂ. ૩૫ હજાર ઉપરાંતની મતા કબ્જે લઈ જુગારધારા હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.



તસ્વીર : નિરજ દત્તાણી

મળતી માહિતી મુજબ ખંભાળિયા તાલુકાના સલાયા ગામે જાહેરપીર ચોકની બાજુમાં જાહેરમાં ગંજીપાના પાના વડે તીનપતી નામનો જુગાર રમતા મામદહુસેનભાઇ નુરમામદભાઈ સુંભણીયા, રસીદભાઈ એલીયાસભાઈ સુંભણીયા, મુબારકભાઈ હુસેનભાઇ, બિલાલભાઈ ઉંમરભાઈ, ઉમરભાઈ સાલેમામદભાઈ અને ફિરોજભાઈ હુસેનભાઇ નામના છ શખ્સને દરોડા દરમિયાન સલાયા મરીન પોલીસે ઝડપી લઇ સ્થળપરથી રૂ. ૧૦૪૪૦ની રોકડ રકમ તથા રૂ. ૨૫ હજારની કિંમતના પાંચ નંગ મોબાઈલ ફોન સહિત કુલમળી રૂ. ૩૫૪૪૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

## ખંભાળિયાના કેશોદ પાસે ટ્રેલર પાછળ કેરી વાહન અથડાતા તરુણનું મોત

ખંભાળિયા : ખંભાળિયાથી ૧૫ કિમી દુર આવેલ કેશોદ ગામ પાસે આગળ જતા ટ્રેલર ચાલકે બેદરકારીપૂર્વક પોતાનું વાહન ચલાવતા પાછળથી કેરી વાહન અથડાયું હતું જેમાં ચાલક યુવાનને શરીરે નાની - મોટી ઈજા પહોંચી હતી જ્યારે સાથે બેસેલ અન્ય યુવાનનું શરીરે ગંભીર ઈજાના કારણે મૃત્યુ નિપજ્યું હતું. અકસ્માતના આ બનાવની જાણ થતા સ્થાનિક પોલીસ અધિકારી સહિતનો સ્ટાફ ઘટનાસ્થળે દોડી ગયો હતો અને કેરી વાહન ચાલકની ફરિયાદ પરથી ટ્રેલર ચાલક સામે ફરિયાદ દાખલ કરી ધોરણસરની કાર્યવાહી આરંભી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર કલ્યાણપુર તાલુકાના માળી ગામનો જયેશભાઈ જીવણભાઈ જામ નામનો યુવાન પોતાનું જી.જે. ૩૭ વી. ૦૨૯૫ નંબરનું કેરી વાહન ચલાવી તેની સાથે સુમિતભાઈ નામના વ્યક્તિને બેસાડી ખંભાળિયા - પોરબંદર હાઈવે પર આવેલ કેશોદ ગામના રોડ પરથી પસાર થતો હોય દરમિયાન આર. જે. ૧૮ જી. બી. ૩૫૮૮ નંબરના ટ્રેલર ચાલકે પોતાના વાહનની બ્રેક ડાઉન હોવા છતાં આગળ જતા જી. જે. ૧૨ સી. ટી. ૧૮૪૧ નંબરના ટ્રક ચાલકે બ્રેક મારતા કેરી વાહન તેની પાછળ અથડાયું હતું જેમાં જયેશભાઈ જામ ને શરીરે સામાન્ય ઈજા તેમજ સાથે બેસેલ સુમિતભાઈને માથાના અને હાથ - પગના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેઓનું મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવ અંગે જયેશભાઈની ફરિયાદ પરથી ખંભાળિયા પોલીસે આર. જે. ૧૮ જી. બી. ૩૫૮૮ નંબરના ટ્રેલર ચાલક સામે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

## જામનગરમાં મેનેજરનું ચોરી થયેલ લેપટોપ ઓફિસબોયના રૂમમાંથી મળી આવ્યું

જામનગર : જામનગર શહેરમાં શિવમ કોમ્પ્લેક્સ ખાતે આવેલી ફોર્ચ્યુન હોસ્પિટાલિટી સર્વિસિસની ઓફિસમાં કામ કરતા ઓફિસબોય સામે લેપટોપ ચોરીની ફરિયાદ નોંધાઈ છે.

પ્રાપ્ત વિગત મુજબ જામનગરમાં ગોવર્ધન ગ્રીન ખાતે રહેતા અને ફોર્ચ્યુન હોસ્પિટાલિટી સર્વિસિસમાં છેલ્લા બાર વર્ષથી મેનેજર તરીકે ફરજ બજાવતા શશીરાય ઈશ્વરનંદ રાયે ફરિયાદ નોંધાવી છે. જેમાં ઓફિસમાં તમામ સ્ટાફ હાજર હતો ત્યારે ઓફિસબોય સુભાદિપ સુભાષ મંડલ ઓફિસમાં સફાઈનું કામ કરી રહ્યો હતો. સવારે આશરે સાડા દસ વાગ્યે સ્ટાફ ચા-પાણી માટે બહાર ગયો હતો. પરત ફરતાં સુભાદિપ ઓફિસમાં જોવા મળ્યો નહોતો તેમજ ફરિયાદીના ટેબલ પર રાખેલું અંદાજે રૂપિયા ૩૦,૪૨૩ કિંમતનું લીનોવો કંપનીનું લેપટોપ પણ ગાયબ હતું.

બાદમાં સ્ટાફે સુભાદિપના રહેઠાણે તપાસ કરતાં તે ત્યાં હાજર મળી આવ્યો હતો, અને તેના રૂમમાંથી ફરિયાદીનું ચોરાયેલું લેપટોપ પણ મળી આવ્યું હતું. આ બનાવ અંગે શશીરાય ઈશ્વરનંદે ફરિયાદ નોંધાવતા સુભાદિપ સુભાષ મંડલ સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની સંબંધિત કલમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.